Dr. Vijay Pandya Recipient of Presidential Honour for contribution to Sanskrit Studies




Shree Amrit Gangar Art Critic and Curator - National Museum of Indian Cinema



Dr. Riho Isaka, Professor of Area Studies, Tokyo University, Japan

# મહાનુભાવો વક્તવ્યો



## માન. ડૉ. મનમોહન સિંઘ

**Speech of Dr. Manmohan Singh on "Creative Role of Students in the Future of India" at Bapu Gujarat Knowledge Village & Samarpan Education and Research Campus, Gandhinagar, Gujarat : 19 March, 2016**

**Shri Shankersinhji Vaghlea ji,**
Trustee & Members of Board of Governors of both the Trusts
Dignitaries on the dais,
Faculties of Bapu Gujarat Knowledge Village Campus &
Samarpan Education and Research Campus Group of Institutes,
Parents, Brothers, Sisters and my dear students.

It is indeed a great pleasure to be here today on the occasion of the Inauguration of the new building of Samrpan Education & Research Campus, and to interact in the Guest Lecture Series with the students of various faculties of Bapu GKV & Samarpan Campus on the topic "Creative Role of Students in the Future of India."

I am really impressed by this scenic campus so lovingly established by Bapu Shri Shankersinhji Vaghela to empower the young citizens of this great land, Gujarat. The campus with all stone architecture set in lush green landscape and beautifully planned gardens, spread over 40 acres of land, provides an idyllic environment to engage in academic and learning activities for the bright young students of Bapu GKV & Samarpan Campus.

Nelson Mandela has said that "Education is the most powerful weapon which you can be used to change the world". It is a great opportunity for all the students to be a part of the great vision of Shri Shankersinh Vaghela in empowering today's young generation with top class education in the fields of Technology, Pharmaceuticals, Science, Commerce, Law, Architecture and Nursing. The roots

education provided by these great Institutions will enable our young student achievers to grow and branch out into different parts of the world, spreading the shadow of love, peace and fruits of development.

A country does not mean just its physical boundaries, or the cities and villages it is made up of, or the natural resources available in it. It also comprises of the most valuable resource of all - its popultion consisting of men and women of all ages from different walks of life. We are a nation that boasts of more than 65% of our population in the age group of 35 years or younger. It is on the shoulders of this vast youth brigade that the future of this great nation rests.

Students are those youth who are in the process of acquiring skill sets in different forms- may it be formal education or vocational training courses. From the History of this vast country, we have learnt about the major role played by students in our Independence Movement. The experience and knowledge of our great leaders led by Mahatma Gandhi combined with the vigour and dynamism of our students brought us the desired result in the form of Independence. Now the time has come to take up the mantle again in leading our country to be a top economic force in the world.

Students are an integral part of the societal fabric. They must understand the importance of the relationship between themselves as individuals and society as a whole. It is undoubted that the main occupation of students is studying. But this does not give them the liberty to isolate themselves from the happenings of the world surrounding them.

One of the greatest challenges faced by India is its unemployed youth. In spite of a fast growing economy like ours, where new Industries and thereby new opportunities spring up every day, a large segment of our youth are deprived of job opportunities owing to the lack of education and skill. It is in this dimension that a well educated student force can be most helpful in Nation Building. Students can be a part of the Public Private Partnership of education system, where they can volunteer to assist in imparting primary education to those children who are deprived of it. There are innumerable examples of students not just imparting knowledge, but actively participating in building up systems for education for slum dwellers and adult education in urban and rural areas.

This is the era of Technology. The vast potential we have in educating the population of this country in non-class room environments can be brought about by our tech savvy students. Students could develop economically affordable platforms for providing basic education in the form of online class rooms.

During the recent floods in Chennai, Tamilnadu, it was observed that a vast network of student volunteers joined hands with various Governmental and Non-governmental organizations in relief works. Disaster Management is another area where the energy and enthusiasm of the students can effectively aid the wisdom of experience in case of crisis or disasters.

Students could form volunteer groups with the guidance of their mentors in areas susceptible to various natural disasters. They could use technology in providing information about upcoming weather scenarios and possible evacuation plans before the event and data regarding availability of relief materials, location of relief centres etc. after the event.

Today, our country is facing a skewed gender ratio of 943 females per 1000 males. Gender inequality is also reflected in India's low rank on UNDP's Gender Inequality Index. In 2014,the country ranked 127 out of 146 countries with a value of 0.563. Students can play a vital role in creating awareness about the negative effects of female infanticide by means of extensive and campaign activities.

The youth of today has a bright vision for the future. They want a world free of poverty, unemployment, inequality and intolerance. It is the role of our student population in creating and spreading awareness of these problems faced by our society. The students should join hands with various decision makers in public and private sector in discovering and realizing this beautiful dream.

As I said earlier, India is a young country, in which nearly 65% of its 1.2 Billion population is younger than 35 years of age. At the current population growth rate, it is expected that the nation will add another 10-12 mn people to the workforce every year. This means that by the year 2030, the working age population of people in the 16-65 years bracket will cross the 1 billion mark. Providing gainful employment to this vast labour force is a big challenge. By choosing appropriate rate and pattern of economic growth we can convert this challenge into an opportunity. The nation has to equip itself to realize this demographic dividend. When many other countries in the world face a challenge of staid demographic dividend, when many other countries in the world face a challenge of static or declining population, the youth of India could fulfill the demand for skilled labour worldwide. The demographic dividend can be realized only if our work force is properly educated and acquires relevant skills for gainful employment. A good education system must also promote the value system enshrined in our Constitution.

I wish to emphasis that what we receive in the class room is information, what we preserve is knowledge, what we use is intelligence, but what, when and how we use it is wisdom. I urge all of you to make use of this excellent opportunity provided by Shri Shankersinhji Vaghela and get an education in the real sense of a Global Human being.

I would like to end my talk with this statement of Dr. A P J Abldul Kalam "All of us do not have equal talent. But all of us have equal opportunity to develop our talent".

I thank the Management, Staff and Students of this great Institution for inviting me here to interact with all of you.

JAI HIND.



# શ્રી સામ પિત્રોડા

'બાપુ ગુજરાત નૉલેજ વિલેજ'ની મુલાકાત લેવાની તક મળી તેને હું મારું વિશેષ સદ્ભાગ્ય લેખું છું. હું આપ સહુની સર્વાંગીણ સફળતા માટે શુભેચ્છાઓ પાઠવું છું. હું પ્રામાણિકપણે માનું છું કે શિક્ષણના ક્ષેત્રમાં આ પહેલ આગામી દાયકાઓમાં સિદ્ધિનાં નવાં શિખરો સર કરશે. ગુજરાત અને ભારતના વર્તમાન સંદર્ભમાં સમયોચિત અને અત્યંત આવશ્યક આ પ્રયાસને હું બિરદાવું છું.

આપણા દેશમાં જ્ઞાનની આગવી પરંપરા છે. ભારતીય જ્ઞાનના પ્રતીક તરીકે નાલંદા અને તક્ષશિલાની વિદ્યાપીઠોનાં દૃષ્ટાંતોને જોઈ શકાય. દસેક વર્ષ પહેલાં મને તક્ષશિલા જવાનું સૌભાગ્ય સાંપડ્યું હતું. ત્યાં હું પંદર મિનિટ માટે આંખો બંધ કરીને ધ્યાનમગ્ન અવસ્થામાં ઊભો રહ્યો હતો. આ પવિત્ર સ્થળે હોવું એટલે શું ? તેની અનુભૂતિ થઈ. તેમની પાસે સુઆયોજિત શિક્ષણના સુગ્રથિત ઘટક સમાન હતા. બૌદ્ધ અને અન્ય ગુરુઓ જ્ઞાનના પ્રચાર માટે વિહાર કરતા હતા. જો તમે બાલી, જાપાન, ઈન્ડોનેશિયાની મુલાકાત લો, તો તમને ભારતીય જ્ઞાનની અવશ્ય ઝાંખી મળે. પણ કાળક્રમે, આપણે જ્ઞાનની તીવ્ર અભીપ્સા ગુમાવી બેઠા છીએ અને છેલ્લાં ચારસો વર્ષથી યુરોપીય શૈક્ષણિક સંસ્થાઓને જાણે માર્ગ મોકળો કરી આપ્યો છે. છેલ્લાં સોએક વર્ષોમાં અમેરિકા પોતાના જ્ઞાનના એકમો દ્વારા શક્તિશાળી સમાજનું નિર્માણ કરવા સક્ષમ બન્યું છે. આજે પ્રત્યેક વ્યક્તિ જ્ઞાન માટે અમેરિકા તરફ નજર દોડાવે છે. કમ્પ્યૂટર સાયન્સ હોય કે ડીએનએ કે પછી ઊર્જા. આ તમામ મહત્ત્વપૂર્ણ શોધખોળો કે જે સમગ્ર વિશ્વમાં જીવનશૈલીમાં ક્રાંતિકારી પરિવર્તનો માટે નિમિત્તરૂપ છે, તે અમેરિકા પાસેથી સાંપડેલી છે.

તમે કલ્પના કરી શકો છો કે જો ટ્રાન્ઝિસ્ટરની શોધ ૧૯૪૭માં ન થઈ હોત તો ટી.વી. માઈક્રોપ્રૉસેસર, ટેલિવિઝન, કૅમેરા વગેરે દિવાસ્વપ્ન સમાન હોત. અરે, અત્યારે મારું પ્રવચન જેના થકી આપ સુધી પહોંચી રહ્યું છે તે સાઉન્ડ સિસ્ટમ પણ કદાચ ન હોત. ટ્રાન્ઝિસ્ટર કયા પ્રકારે કામ કરે છે તેની આ એક નાની સરખી જ્ઞાનની માહિતીએ માનવજાતિની કાયાપલટ કરી નાખી. તે જ રીતે ડીએનએના વિઘટન થકી આરોગ્યની સુધારણા માટે કેટલીય શક્યતાઓનાં દ્વાર ખૂલ્યાં. આ નવા ટૅકનોલોજિકલ જ્ઞાનનો જ પ્રતાપ છે, જે થકી આવરદામાં ઉમેરો થયો છે; મુસાફરી સરળ બની; સંદેશાવ્યવહારમાં નોંધપાત્ર સુધારો થયો છે અને સમગ્રપણે માનવજીવનની ગુણવત્તામાં મહત્ત્વપૂર્ણ વિધાયક પરિવર્તન આવ્યું. કમનસીબે, લગભગ એક અબજની વસ્તી ધરાવતા આપણે એક રાષ્ટ્ર તરીકે આ જ્ઞાનમાં કોઈ યોગદાન આપ્યું નથી. અમેરિકાના અપવાદ સિવાય ભાગ્યે જ કોઈ રાષ્ટ્રે આ જ્ઞાનમાં ઉમેરો કર્યો છે. જાપાન હોય કે યુરોપ, ક્યાંયથી પણ જ્ઞાનના સંદર્ભમાં ઉલ્લેખનીય પ્રદાન થયેલું જણાતું નથી. થોડાઘણા સુધારાની વાત બાજુએ રાખીએ, પણ સીમાચિહ્નરૂપ ગણી શકાય તેવી ક્રાંતિકારી, શોધખોળો અન્ય કોઈ દેશ પાસેથી મળી નથી.

આ જ્ઞાનની સદી છે. એક બાજુ, આપણે જાણીએ છીએ કે જ્ઞાનની પરંપરા હજારો વર્ષથી ચાલી આવી છે તો બીજી બાજુ એકવીસમી સદીનું આપણે 'જ્ઞાનની સદી' તરીકે નામાભિધાન કર્યું છે. શા માટે ? કારણ કે, આજે જ્ઞાન હવે અગાઉની જેમ બ્રાહ્મણ વર્ગ પૂરતું સીમિત ન રહેતાં તેનું લોકશાહીકરણ થયું છે. હવે તે સર્વસુલભ બન્યું છે. સંદેશાવ્યવહારની ટેકનોલૉજીને કારણે ખુલ્લાપણું, લોકશાહીકરણ, વિકેન્દ્રીકરણ, નેટવર્કિંગના માધ્યમથી હવે તે સર્વગ્રાહી બન્યું છે. અંતરિયાળ ગામડામાં રહેતું કોઈ નાનું બાળક પણ બોર્સેલોના સ્થિત પિકાસોનાં ચિત્રો નિહાળી શકે છે; સુધારેલા બિયારણક્ષેત્રે થતાં સંશોધનો વિષે માહિતી ઈન્ટરનેટ વડે મેળવી શકાય છે.

આ બધું જ શક્ય બન્યું છે અને મને લાગે છે કે શિક્ષકની ભૂમિકા હવે અપ્રસ્તુત બની ચૂકી છે. જ્ઞાનની વિભાવનામાં અને તે પ્રાપ્ત કરવાની પદ્ધતિમાં આમૂલ પરિવર્તન આવ્યું છે. ચાર વર્ષ અગાઉ અમે 'રાષ્ટ્રીય જ્ઞાનપંચ' (નૅશનલ નોલેજ કમિશન)ની સ્થાપના કરવા નિર્ધાર કર્યો અને તે પાછળનો આશય જ્ઞાનને ચાલકબળ તરીકે કેન્દ્રસ્થાને રાખવાનો હતો; શિક્ષણને નહીં. શિક્ષણપંચ, આઈ.ટી.પંચ કે

ટૅક્નોલૉજિકલ આયોગની અવેજીમાં જ્ઞાનપંચની સ્થાપના કરનાર વિશ્વમાં આપણે સૌથી પ્રથમ છીએ, સુદીર્ઘ વિચારણા બાદ જ્ઞાનને બૃહદ ફલક પર મૂકીને શિક્ષણ, આરોગ્યને તેના વિશાળ ફલકના શાખારૂપ ઘટક તરીકે ગણવામાં આવે. જ્ઞાનને અલગ દૃષ્ટિકોણથી નિહાળવાના પ્રયત્નો દરમિયાન જણાયું કે જ્ઞાનના પાંચ પાયાના મૂળભૂત માર્ગો છે :

**(૧) જ્ઞાનપ્રાપ્તિ :**

આમાં સાક્ષરતા, ભાષાઓ, અનુવાદો, ગ્રંથાલયો, નેટવર્કસ, પાર્ટલ્સ, બ્રૉડબેન્ડ કનેક્ટિવિટી વગેરેને સમાવિષ્ટ કરી શકાય. જ્ઞાન પૂરું પાડવા માટે આ તમામ બાબતો મહત્ત્વપૂર્ણ સ્થાન ધરાવે છે.

**(૨) જ્ઞાનની વિભાવના :**

પ્રાથમિક શિક્ષણ, માધ્યમિક શિક્ષણ, શાળેય શિક્ષણ, વ્યાવસાયિક શિક્ષણ, નિરંતર શિક્ષણ, શિક્ષકો માટે તાલીમ જેવી પ્રવૃત્તિઓ જ્ઞાનના પાયાને વિસ્તારવા મહત્ત્વની ભૂમિકા ભજવે છે.

**(૩) જ્ઞાનનું સર્જન :**

જ્ઞાનનું સર્જન કોના દ્વારા અને કેવી રીતે થાય છે ? તેમાં બૌદ્ધિક સંપદા, કૉપીરાઇટ્સ, ટ્રેડમાર્ક્સ, શોધખોળો, નિયોજકપણું વગેરેનો સમાવેશ થાય છે.

**(૪) જ્ઞાનનો વિનિયોગ :**

કૃષિ, આરોગ્ય, નાના અને મધ્યમ કદના ઉદ્યોગોમાં જ્ઞાનનું અમલીકરણ.

**(૫) પરંપરાગત જ્ઞાન :**

આ દૃષ્ટાંત હું અનેક જગ્યાએ આપતો આવ્યો છું કે મારી વૃદ્ધ માતાને હું કહેતો કે તેની હયાતી બાદ તે જે જુદા જુદા પ્રકારના, નેવું જાતનાં અથાણાં બનાવતી હતી તે કુટુંબના પરંપરાગત જ્ઞાનનો વારસો પણ નષ્ટ થઈ જશે. કોઈએ તેની આ વિશિષ્ટ આવડતને સાચવવાની દરકાર કરી નહીં. યુવાપેઢીને તે આરોગવાનું ગમે પણ તે બનાવવાની પ્રક્રિયામાં મુદ્દલ રસ નથી. ડિજિટલ ટૅકનોલૉજીની મદદ વડે માત્ર પચીસેક વર્ષોના સમયગાળામાં ભારતના તમામ પ્રાચીન વારસાનું આયુર્વેદિક ઔષધિ, શ્લોક, ચિત્રકળા, સંગીત, કલા-કસબ વગેરેનું દસ્તાવેજીકરણ કરી શકાય. માત્ર ભારત પાસે જ આટલો વારસો છે, જે સંપદામાં ઉત્તરોત્તર વૃદ્ધિ થતી ગઈ છે. આપણી પાસે વિશ્વમાં ક્યાંય જોવા ન મળે તેવું વિશાળ આનુવંશિક વૈવિધ્ય છે. ભારતીયો ખોરાક, દેખાવ, ભાષાઓ, પોષાક વગેરેમાં ભિન્નતા ધરાવતા હોવા છતાં અદ્ભુત સામંજસ્યનાં દર્શન કરાવે છે. મેક્સિકન સરકાર સાથેની મારી કામગીરીના ભાગરૂપે મને વારંવાર ત્યાં જવાનો અવસર પ્રાપ્ત થાય છે. એક વાર મારે, ત્યાં કાર્યરત આપણા દેશના રાજદૂતને મળવાનું હતું. તે મારી પ્રતીક્ષા કરી રહ્યા હતા, પણ તે ભારતના ઉત્તર-પૂર્વ પ્રાંતમાંથી આવતા હોઈ કંઈક અંશે ચાઈનીઝ જેવા લાગતા હોવાના કારણે હું તેમને ઓળખી શકવામાં નિષ્ફળ નીવડ્યો અને યજમાનને જાણ કરી. હકીકતનો ખ્યાલ આવતાં મેં તેમની ક્ષમા માંગી. બધા ભારતીયો દેખાવમાં મારા જેવા જ હોઈ શકે એવા મારા પૂર્વોચિત ભ્રમને કારણે આમ થયું.

આપણું આ વૈવિધ્ય નવી શોધખોળો માટેની ફળદ્રુપ ભોમકાને જ્ઞાનપ્રાપ્તિની પ્રક્રિયાને વેગ આપીને, જ્ઞાનના ઉપયોગ વડે કેવી રીતે વહીવટી સુધારણાની દિશામાં આગળ વધી શકાય તે અંગે રાષ્ટ્રીય જ્ઞાન પૈકી ૩૭ વિષયો વિચારણામાં આવરી લેવાયા અને પ્રત્યેક વિષયમાં અમારી પાસે નિષ્ણાતો, ૩૦ ગ્રંથપાલો, ૪૦ બૌદ્ધિક સંપદા તજજ્ઞો છે અને તેમને વિશદ ચર્ચા વિચારણા માટે આઠ-નવ મહિના જેટલો સમય આપવામાં આવ્યો અને ત્યાર બાદ પચાસેક પાનાંમાં તેમનાં સંશોધન તથા સૂચનો રજૂ કરવા જણાવાયું; જેના પર પણ અંતે વિશદ ચર્ચા થઈ. આ કવાયત બાદ રાષ્ટ્રીય જ્ઞાનપંચની નીપજ જેવાં ત્રણ પાનાંનો પત્ર માનનીય વડાપ્રધાનશ્રી સમક્ષ મેં રજૂ કર્યો અને અમારી દૃષ્ટિએ અમલમાં મૂકવા જેવા દશ મુદ્દા તારવી આપ્યા. આ સમગ્ર માહિતી ઈન્ટરનેટ **www.knowledgecommission.gov.in** પર પ્રાપ્ત છે. તે વિવિધ પ્રાદેશિક ભાષાઓમાં પણ ઉપલબ્ધ છે.

ઉચ્ચ શિક્ષણના ક્ષેત્રની વાત કરીએ તો સમગ્ર વિશ્વ જેને અનુસરે છે તે પદ્ધતિ અનુસાર સ્નાતક કક્ષાની પદવી માટે ચાર વર્ષ, ત્યાર બાદ અનુસ્નાતક કક્ષાની પદવી માટે બે વર્ષ અને ડૉક્ટરેટ માટે ત્રણથી સાત વર્ષ જેટલી સમયમર્યાદા નિયત કરવામાં આવેલી છે. પરંતુ આ માપદંડ નક્કી શેના આધારે થયો ? શિક્ષણની વાત આવે એટલે આપણી નજર સમક્ષ ચોક, ડસ્ટર, શિક્ષક, પરીક્ષાઓ, ગ્રેડ વગેરેનું વિશ્વ તાદૃશ્ય થાય છે. નવા ઊભરી રહેલા જ્ઞાન મેળવવા આ કશાની જરૂર નહિ રહે. શિક્ષક, પાઠ્યપુસ્તકો, પરીક્ષાઓ, પ્રમાણપત્રો, કાલગ્રસ્ત બની જશે. આપણે જે રીતે અભ્યાસ કરીએ છીએ તે પદ્ધતિ મારા વિદ્યાર્થીકાળની પદ્ધતિ કરતાં અલગ છે. પરંપરાગત શિક્ષણપદ્ધતિ અનુસાર શિક્ષકો માહિતી એકઠી કરીને તેમના વિદ્યાર્થીઓ સુધી વર્ગખંડમાં પહોંચાડતા હતા. હવે સાધનો બદલાયાં છે. વિશ્વના શ્રેષ્ઠ બુદ્ધિધન દ્વારા તૈયાર કરવામાં આવેલો માહિતીસંચય ઈન્ટરનેટ પર હાથવગો બન્યો છે; નોબેલ વિજેતાઓ દ્વારા પરોક્ષ રીતે અધ્યાપનકાર્ય થઈ રહ્યું છે. શિક્ષકે હવે વિદ્યાર્થી માટે માર્ગદર્શકની ભૂમિકા ભજવીને તેનું મનોબળ મજબૂત કરવાની, તેને આત્મવિશ્વાસથી છલકતો કરી દેવાની, વાત્સલ્ય થકી ભીંજવવાની ભૂમિકા ભજવવાથી વિશેષ પ્રદાન કરવાનું રહેતું નથી.

અમેરિકામાં પણ લોકોને ઝટ ખ્યાલ ન આવે તે હદે શિક્ષણમાં ઝડપી પરિવર્તનો અનુભવાઈ રહ્યાં છે. ગત વર્ષે કૉન્ડૉલિઝા રાઈસે અમેરિકાની હાર્વર્ડ, સ્ટેનફર્ડ, એમ.આઈ.ટી. જેવી ૪૦૦ જેટલી પ્રતિષ્ઠિત યુનિવર્સિટીઓના વડાની એક મીટિંગનું આયોજન કર્યું હતું. જેમાં મુખ્ય વક્તા તરીકે મેં વક્તવ્ય આપ્યું હતું. મેં તેમને જણાવ્યું કે તેમનાં સમગ્ર કૌશલ્યો શિક્ષણની જૂની પદ્ધતિઓને જ અનુમોદન આપે છે. યુનિવર્સિટીના સર્જન માટે તમારી પાસે અત્યારે જે ઉપકરણો છે તે અસરકારકતા ગુમાવી ચૂક્યાં છે. હું જ્યારે ૨૦૫૦ની યુનિવર્સિટીની કલ્પના કરું છું ત્યારે કોઈ ભૌતિક વિદ્યાલય સંકુલ (Campus) દૃષ્ટિગોચર થતું નથી. અલબત્ત, તે સમગ્રતયા 'વર્ચ્યુઅલ' પણ નહીં હોય.

આપણે આપણા વિદ્યાર્થીઓને કયા પ્રકારનું શિક્ષણ આપી રહ્યા છીએ ? પાંચેક ટકા જેટલા મેધાવી છાત્રોને બાદ કરતાં, બાકીના નિમ્ન ગુણવત્તા ધરાવે છે. મારી આ વાત ઘણાને કડવી લાગે છે. જો આપણે સર્જનાત્મક, રચનાત્મક નાગરિક ન હોઈએ તો માત્ર પદવી ધરાવવાથી કોઈ અર્થ સરતો નથી. અમેરિકામાં પણ એક બાજુ આંતરરાષ્ટ્રીય ખ્યાતિ ધરાવતી યુનિવર્સિટીઝ છે તો અમેરિકાની કુલ વસ્તીના ૨% જેટલા લોકો જેલમાં સબડે છે અને હજી નવી જેલો બની રહી છે. આપણે વસ્તુઓની ગુણવત્તા સુધારવા કરોડો ડૉલર ખર્ચવા તૈયાર છીએ પરંતુ માનવીય ગુણવત્તામાં સુધારા વિશે એટલા ચિંતિત નથી.

રાષ્ટ્રીય જ્ઞાન આયોગના ભાગરૂપે અમારે ઉચ્ચશિક્ષણ માટે સંખ્યાબંધ ભલામણ કરવાની છે. યશપાલ સમિતિએ તેની સમીક્ષા કરી છે અને અહેવાલ સોંપ્યો છે. અમે જ્ઞાનના વિસ્તાર સાથે પારમિતા (expansion and excellence) પર ભાર મૂકવા માંગીએ છીએ. એક અબજની વસ્તી ધરાવતા દેશમાં ચારસો યુનિવર્સિટી પૂરતી નથી; અમારે ૧૫૦૦ યુનિવર્સિટીઝ જેટલો એનો વ્યાપ વધારવો છે. ભારત સરકારે અગિયારમી યોજનામાં ઉચ્ચ શિક્ષણ માટે ૬૭.૫ મિલિયન ડૉલર ફાળવ્યા છે. જે ભારતના ઈતિહાસમાં આ હેતુસર અગાઉ ફાળવાયેલી કોઈ પણ રકમ કરતાં પાંચ ગણી મોટી છે. પણ લાખેણો સવાલ એ છે કે, આપણે આ જંગી રકમનો ઉપયોગ કઈ રીતે કરવાના છીએ ? નવી ક્ષિતિજો શોધવાની તાતી જરૂરિયાત છે. પણ આપણે સમાજમાં આવા દીર્ઘદૃષ્ટા માનવીઓ પેદા કરી શકતા નથી. આપણે તેની સર્જનાત્મકતાને કુંઠિત કરી નાખીએ છીએ, તેમને સ્વતંત્રપણે વિચારવાની મોકળાશ પૂરી પાડતા નથી.

ગુજરાત હંમેશા તેના વિદ્યા કરતાં વાણિજ્યક્ષેત્રને અગ્રિમતા આપવા પંકાયેલું છે. લોકોને એ બાબતની કઈ રીતે પ્રતીતિ કરાવી શકાય કે ગુજરાત માટે જ્ઞાન પણ એટલું જ મહત્ત્વ ધરાવે છે ? આ પ્રશ્ન પૂછવા જેટલી પણ ગંભીરતા આપણે દાખવી શકીએ છીએ ખરા ?

રાષ્ટ્રીય જ્ઞાન આયોગના મંચ પરથી અમે આવા ઘણા પ્રશ્નો અંગે વિચારણા હાથ ધરી રહ્યા છીએ. અમારી પાસે બધા ઉત્તરો છે એવું નથી પણ અમે સહેજ જુદી રીતે વિચાર કરવા તત્પર છીએ. ત્રીસ નવાં વિશ્વવિદ્યાલયો,ચૌદ 'ઈનોવેશન યુનિવર્સિટીઝ' કે જેમાં કલાઓ અને વિજ્ઞાન શીખવવામાં આવશે, એ એકબીજા કરતાં મૉડલની દૃષ્ટિએ અલગ હશે. હું આવતીકાલે કપિલ સિબ્બલને મળવાનો છું અને આ બાબત પર ભારપૂર્વક રજૂઆત કરવાનો છું. ભારતીય વારસા વિશે આપણા દેશમાં કોઈ સંશોધન થતું નથી. આથી હું માત્ર ભારતીય વારસાના અભ્યાસ અને સંશોધનને વરેલી વિશિષ્ટ યુનિવર્સિટીની સ્થાપના માટે પ્રયત્નશીલ રહીશ. જો ભારતીય વારસાને યુવાપેઢીને અપીલ કરી શકે તેવો ઘાટ ન અપાય તો યુવાવર્ગ એ તરફ કઈ રીતે આકર્ષણ અનુભવી શકશે ? આ યુવાવર્ગ જ તો એક વિશાળ સમુદાય છે. ભારતમાં ૨૫ વર્ષથી નીચેના વયજૂથના ૫૧૫ મિલિયન લોકો માટે ભવિષ્યનું નિર્માણ આપણે કઈ રીતે કરીશું ? હું જે રીતે શીખ્યો હતો તે

વિદ્યાભ્યાસની પદ્ધતિઓ હવે અર્થહીન પુરવાર થઈ ચૂકી છે. હું એક સુથારનો પુત્ર છું. મારા પિતાજીએ માત્ર ચાર ધોરણ સુધીનું શિક્ષણ મેળવ્યું હતું. હું જ્ઞાનની પેદાશ છું. હું સતત મારી જાતનું મૂલ્યાંકન કરતો રહું છું અને ‘હું કોણ છું ?’, ‘હું શું જાણું છું ?’, ‘મારે શું જાણવું જોઈએ ?’, ‘હું કેવી રીતે જાણું છું ?’ આવા પ્રશ્નો પૂછીને હું ભૌતિકશાસ્ત્રી, મૅનેજર, કમ્પ્યૂટર સાયન્ટિસ્ટ, ટેલિકમ્યુનિકેશન-તજજ્ઞ, ઈલેક્ટ્રિકલ એન્જિનિયર તથા રાષ્ટ્રીય પ્રૉજેક્ટ કરનાર મહત્વપૂર્ણ વ્યક્તિ બની શક્યો. આ યાત્રા હજી ચાલુ જ છે અને હું હજી સંશોધનક્ષેત્રે કાર્યરત છું. વૈશ્વિક પ્રશ્નોનો સામનો કરવા યુવાનોને કેવી રીતે સમર્થ બનાવી શકાય તે અંગે મારે કેટલાક મુદ્દા રજૂ કરવા છે. આવનારાં વર્ષોમાં પર્યાવરણ, ઊર્જા, શિક્ષણ, આરોગ્ય વગેરે. પ્રત્યેક ક્ષેત્રમાં નવા જ્ઞાનની અપેક્ષા રહે છે. એકસો વીસ કે એકસો ચાલીસ પાઉન્ડ વજન ધરાવતી વ્યક્તિના ઉપયોગ માટે ૩૦૦૦ પાઉન્ડ વજનની ભારેખમ કારને દેશવટો આપવો રહ્યો. આ એક ખોટું ‘મૉડલ’ છે. જે નગરમાં નાગરિકને તેના કાર્યસ્થળે પહોંચતાં પચાસ મિનિટ જેટલો સમય લાગે તેવા નગરનું નિર્માણ પણ ખોટા આયોજનનો નમૂનો છે. આપણે અમેરિકન મૉડલનું આંધળું અનુકરણ કરીએ છીએ; પણ તે આપણા સ્થળ-કાળને અનુરૂપ આવતાં નથી. આપણે આપણી જાત સામે કોઈ પડકારો નક્કી કર્યા નથી. આથી, હું યુવાપેઢી પાસેથી સાત કૌશલ્યોની અપેક્ષા રાખું છું :

(૧) હું તેમની પાસેથી અનુશાસનની અપેક્ષા રાખું છું. હું છેલ્લાં ૪૫ વર્ષોથી નોંધપોથીમાં પ્રત્યેક દિવસની ગતિવિધિઓની નોંધ કરતો આવ્યો છું.જો મને પૂછવામાં આવે કે ૧૦ જાન્યુઆરી, ૧૯૬૫ના રોજ શું થયું હતું, તો હું ચોક્કસ તેની વિગતો આપી શકું. વિદ્યાર્થીઓએ પોતાની જાતને પૂછવું જોઈએ કે તેમના ઉદ્દેશો કયા છે અને તેઓ કઈ રીતે હાંસલ કરવા માગે છે ? તેમના મિત્રો કોણ છે ? દરરોજ તેઓ કેટલો સમય વાંચન માટે ફાળવે છે ? વગેરે.

(૨) પૃથક્કરણ : તેમની પાસે વિશ્લેષણ કરવાની શક્તિ હોવી જોઈએ કારણ કે તેના અભાવમાં તેઓ કંઈ સર્જન કરી શકશે નહીં. આજે પણ હું જ્યારે મંચ પર બેઠો હોઉં છું ત્યારે શ્રોતાવર્ગનાં પુરુષો અને સ્ત્રીઓની સંખ્યા, મંડપના સ્તંભોની સંખ્યા, વિદ્યાર્થીઓ વગેરે વિષે મનોમન વિશ્લેષણ કરતો હોઉં છું.

(૩) સર્જનાત્મકતા : વ્યક્તિએ પોતાની સર્જનાત્મક શક્તિઓને ખીલવવી જોઈએ. આપણામાંથી કેટલા એવું કહી શકશે કે તેમણે કંઈક એવું સર્જન કર્યું છે કે જેણે તદ્દન નવો ચીલો ચીતર્યો હોય ?

(૪) આદર : આપણે વિરોધાભાસી મંતવ્યોનો પણ આદર કરતાં શીખવું જોઈએ. અસંમત થવા સંમત થવું જોઈએ. (એગ્રી ટુ ડિસએગ્રી)

(૫) નીતિમત્તાયુક્ત માનસ : જ્ઞાન ઉપરાંત વ્યક્તિ પાસે નીતિમત્તાયુક્ત, વિવેકી મન ન હોય તો વ્યર્થ ગંદવાડ એકત્રિત કરશે.

(૬) વૈશ્વિક ઓળખ : આપણી પાસે વૈશ્વિક ઓળખ હોવી જોઈએ. તમારે માત્ર ગુજરાતી બનીને સંતોષ માનીને બેસી રહેવું જોઈએ નહિ કારણ કે તમે સમગ્ર માનવકુળના અંશ છો. તમારી પાસે વિવિધ રાષ્ટ્રોને લગતું વૈશ્વિક ચિંતન હોવું જોઈએ. પ્રત્યેક પાંચ વ્યક્તિએ એક ભારતીય હોય ત્યારે તમે કઈ રીતે વૈશ્વિક ન હોઈ શકો ?

(૭) બહુઆયામીપણું : એક ડૉક્ટર માત્ર ડૉક્ટર જ ન રહેતાં તેણે વૈજ્ઞાનિક, મૅનેજર વગેરે પણ બનવું જોઈએ. તમે ફક્ત પાંચ કે દશ વર્ષ આ કૌશલ્યોના વિકાસ પાછળ ગાળશો તો દુનિયાને નિહાળવાનો એક નવો જ દૃષ્ટિકોણ તમને પ્રાપ્ત થશે; તમે સાવ નોખા માણસ બનશો.

આજે જ્ઞાનની ક્ષિતિજો વિસ્તરી રહી છે અને સર્વના સહકારથી થતાં સંશોધને વાસ્તવિકતાનું સ્વરૂપ ધારણ કર્યું છે. ગાંધીનગર સ્થિત કોઈ વૈજ્ઞાનિક પોતાના ચાઈનીઝ કે બ્રાઝિલિયન સહયોગીઓ સાથે સંશોધન કરીને આફ્રિકન પ્રજા માટે કોઈ શોધ કરે તે શક્ય બન્યું છે. આપણે આ પ્રકારની સૃષ્ટિમાં શ્વસી રહ્યા છીએ.

આજે લગભગ પંદરસો જેટલા શ્રોતાઓની ઉપસ્થિતિથી પ્રભાવિત થઈને મને સહેજ વિસ્તારથી મારાં મંતવ્યો આપ સમક્ષ રજૂ કરવાનું મન થઈ આવ્યું. માનનીય શંકરસિંહજી, તેમના સાથીદારો અને વિદ્યાર્થીમિત્રો, આપ સૌની કૃતજ્ઞતા વ્યક્ત કરીને વિરમું છું અને યુવા વિદ્યાર્થીગણને શુભેચ્છાઓ પાઠવું છું.

**વક્તવ્ય સંકલન : પ્રા. વૈભવ કોઠારી, ૦૨-૦૯-૨૦૦૯**



# શ્રી મોરારિબાપુ

આજના આ સાત્ત્વિક સમારંભના અવસરે ઉપસ્થિત આદરણીય શંકરસિંહબાપુ, સમર્પણ શિક્ષકગણ, સંસ્થાના આચાર્ય સોલંકીસાહેબ, ધારાસભ્યશ્રી, અન્ય આદરણીય મહાનુભાવ, આપ સૌ ભાઈ-બહેનો અને વિદ્યાર્થી ભાઈ-બહેનો.

હું ગઈકાલે નૈરોબીમાં કથાનું સમાપન કરતો હતો અને એક એક કલાકે મને સમાચાર અપાતા હતા કે મુંબઈમાં આ સ્થિતિ છે. ફ્લાઈટ જશે કે કેમ, દુબઈ થઈને દિલ્હી જાવ અને ત્યાંથી અમદાવાદ પહોંચો. કોઈ પણ રીતે મારે અહીં આવવું હતું કારણ કે આ ગાંધીનગર છે. ગાંધીનગર રહેનારા વચન પાળે કે ન પાળે એની મને ખબર નથી પણ ગાંધીનગરમાં અતિથિ થઈને આવે એણે વચન પાળવું જોઈએ અને ભગવાને મારું વચન પળાવ્યું એનો મને આનંદ છે અને એમાંય શિક્ષણ સંસ્થા, હું પણ એક પ્રાથમિક શાળાનો શિક્ષક રહ્યો, અને હું હંમેશા કહું છું કે હું હજુ પણ શિક્ષક જ છું. પણ મારા વર્ગની સંખ્યા વધી ગઈ છે. એટલે જ્યાં શિક્ષણની સેવા થતી હોય, તપસ્યાપૂર્ણ શિક્ષણક્ષેત્ર જ્યાં તપતું હોય એવા કાર્યક્રમમાં જવાનો મને પણ આનંદ હોય છે.

દશ વર્ષ સમર્પણ શિક્ષણ સંસ્થા ઊજવી રહી છે. શિક્ષણ વિશે તો શિક્ષણના અધિકારી મહાનુભાવ કહી શકે પણ શિક્ષકને નાતે મને હંમેશા લાગ્યું, શિક્ષણ ત્રણ વસ્તુ આપે - ભગવાન બુદ્ધ કહેતા, 'હું જે કહું તે માની ન લેશો. હું એક રાજકુમાર, પાછો આટલો મોટો ત્યાગ, મારા વિચારોનું સમાજે આટલું બધું જતન કર્યું, સ્વીકાર્યા, પચાવ્યા, મારું આટલું બધું ગૌરવ જોઈને માની ન લેશો. પરંતુ મારી વાત તમારા હૃદયને સ્પર્શે અને તમારો આત્માનુભવ હા કહે તો માનજો. મદવાયો ન તુ ગૌરવ । કેવળ મારું ગૌરવ જોઈને મારી વાત ન માનશો.' મારે પણ વિનંતી કરવી છે કે, કેવળ મોરારિબાપુ કહે છે માટે સ્વીકારી ન લેશો પણ, આપ એ પર વિચારશો તો પણ મને આનંદ થશે. શિક્ષણમાં ત્રણ વસ્તુ હોવી જોઈએ. મારી શિક્ષણની વિનમ્ર પરિભાષા આટલી છે : 'જે સમર્પણ શીખવે એ શિક્ષણ'.

મેં ઘણી વખત કહ્યું છે કે આપણા શિક્ષણક્ષેત્રમાં 'શિક્ષા'ને બદલે 'વિદ્યા' શબ્દ હોવો જોઈએ. હું રાજસ્થાનમાં એક કૉલેજનું ઉદ્‌ઘાટન કરતો હતો. રાજસ્થાનના શિક્ષણમંત્રી ત્યાં હતા. મેં કહ્યું કે, આપણે ત્યાં સરકારમાં 'શિક્ષામંત્રી' શબ્દ વપરાય છે તે મને બહુ ગમતું નથી, 'વિદ્યામંત્રી' વપરાવું જોઈએ. કારણ કે શિક્ષા તો ન્યાયાલયમાં પણ થતી હોય છે. શિક્ષણક્ષેત્ર **'Court'** ન બને **'Heart'** બને એ જરૂરી છે. ત્યાં **'Heart'** ને ઉછેરવાનું છે, સાચવવાનું છે, સુશોભિત કરવાનું છે.

આપણા ઉદ્‌ઘોષકશ્રી સુંદરમ્‌જીને, ઉમાશંકરજીને, સાહિત્યના મૂર્ધન્ય ઉપાસકોને યાદ કરતા હતા. ત્યારે મને ઉમાશંકરજી યાદ આવે છે. હમણાં જ એમની જન્મતિથિ ઊજવાઈ ત્યારે હું ત્યાં હતો. ઉમાશંકરજી એમ કહેતા કે, માણસને એક વર્ષ જીવવું હોય તો કમોદ વાવે, ચોખા વાવે, બાજરી વાવે, ઘઉં વાવે એના પરિવારનું એક વર્ષ નીકળી જાય. વીસ વર્ષ સમાજને જીવવું હોય તો આંબા વાવે પણ સમાજને સો વર્ષ જીવવું હોય તો માણસો વાવવાં જોઈએ અને માણસો ઉગાડવાની જે સંસ્થા હોય તેમાં આ ત્રણ લક્ષણ હોવાં જોઈએ.

એમાં પહેલું લક્ષણ સમર્પણ હોવું જોઈએ. જે શિક્ષણ સમર્પણ ન શીખવે - આપ મારી સાથે સંમત થાવ ન થાવ એ તમારા ચિંતન પર આધારિત છે. પણ મને એમ લાગે છે સંગ્રહ થયો હશે ત્યાં ત્યાં સ્પર્ધા હશે. આણે આટલું ભેગું કર્યું તો હું આટલું ભેગું કરું. આમને આટલી પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી હું એનાં કરતાં... જ્યાં જ્યાં સંગ્રહ કરવાની વૃત્તિ આવશે એના મૂળમાં સ્પર્ધા હશે. પણ સાહેબ જ્યાં સમર્પણ હશે તેની ભૂમિકામાં હંમેશા શ્રદ્ધા વગર સમર્પણ ન જન્મે અને સ્પર્ધા વગર સંગ્રહનો જન્મ ન થઈ શકે. આ દેશે નક્કી કરવાનું છે કે આપણે સંગ્રહ તરફ આગળ વધવાનું છે કે સમર્પણ તરફ.

શિક્ષણ સમર્પણ શીખવે. સમર્પણ એટલે હાથમાંથી છૂટેલી વસ્તુઓ નહીં. મેં કથામાં કહ્યું છે કે હાથમાંથી છૂટે તે ત્યાગ અને

હૈયામાંથી છૂટે તે વૈરાગ. હું અમુક વસ્તુને ન સ્વીકારું તો એ ત્યાગ હશે પણ મારી અંદર... જેમ બાપુએ કહ્યું કે માણસ બોલે કંઈક અને અંદર કંઈક હોય, આજે જગતમાં માણસ બે રૂપે દેખાય છે. હું એક મુક્તક હંમેશા કહ્યા કરું છું કે,

"નથી દીઠી ભૂખને છતાંય ભૂખ પર બોલે,
અનીતિભર્યું જીવન સભામાં નીતિ પર બોલે,
પરાયી નારીને દેખી નયન એનાં આમતેમ ડોલે,
સભા મધ્યે ઊભો થઈ એ બ્રહ્મચર્ય પર બોલે !"

એક ટંક ભૂખ્યો ન રહ્યો હોય અને ભૂખ્યાંઓના આંકડા આપે. 'ખૂશ્બૂ આ નહીં સકતી કાગજ કે ફૂલો સે...' અનીતિભર્યું જીવન સભામાં નીતિ પર બોલે - પછી અમારા માટે સરસ લખ્યું કે,

'ઈર્ષા, મદ, લોભ અને મમતામાં પાંગળો થઈને
વ્યાસની ગાદી પર જઈ પાછો એ ભક્તિ પર બોલે !'

બાપુએ કહ્યું કે માણસ આમ કંઈ હોય ને આમ કંઈ હોય. આપણે ત્યાં ફોટા બે રીતે લેવાય છે. એક આ ફોટોગ્રાફર લે છે તે. જેમાં આપણો બહારનો જ ફોટો આવે. અંદરનો ન આવે. એટલે એ લોકોએ આપણને કહેવું પડે કે 'પ્લીઝ સ્માઈલ'. આપણે અંદરથી હસતા હોઈએ કે નહીં એની આપણને ખબર નથી પણ બહારનો ફોટો લેનાર આપણને કહે કે 'સ્માઈલ કરો' - એક એ ફોટો અને એક એક્સ-રે, જે અંદરનો માણસ દેખાડે.

મને બહું ગમ્યું કે અહીંયાં આપણા ઉદ્‌ઘોષકશ્રીએ પણ ગાંધીબાપુને યાદ કર્યા, બાપુએ પણ ગાંધીબાપુને યાદ કર્યા અને એ તો આપની ઉદારતા છે કે ત્રણ બાપુઓને તમે જોડો છો. 'બાપુ'એ બાપુની પરિભાષા સુંદર કરી પણ મારે પણ 'બાપુ'ની પરિભાષા કરવી છે. બાપુ કોને કહેવાય ? 'બા' એટલે 'બા-પણું' અને 'પુ' એટલે 'પુત્ર-પણું'. એટલે એક જ વ્યક્તિમાં મા-પણું અને દીકરા જેવું આજ્ઞાંકિતપણું ભેગું થાય તેને સમાજ 'બાપુ' કહે. આખા સમાજને જે ખોળામાં રાખે એવું બાપ-પણું અને છતાંય 'બાપુ' બધાનો બનીને બેઠો હોય અને છતાંય જીવતો હોય સમાજના પુત્રની જેમ, તેવું પુત્ર-પણું અને બા-પણાનું જેમાં મિલન થાય : દો નદિયોં કા મેલ અગર ઈતના પાવન કહેલાતા હૈ - તો જ્યાં આવાં બે તત્ત્વ ભેગાં થાય તેને હું 'બાપુ' કહું છું. ગાંધીબાપુ કે જે જગતની મા બનીને જીવ્યા અને જગતના સેવક બનીને પણ જીવ્યા.

આપણા શંકરસિંહબાપુ વિષે આપણા ઉદ્‌ઘોષકશ્રીએ સરસ કહ્યું કે એ નિર્ભય છે. અરે ! સિંહ નિર્ભય ન હોય એને સિંહ જ શું કામ કહેવો ? સાવજ નિર્ભય ન હોય તો સિંહ શબ્દ રાખે જ શેનો ? ક્ષત્રિયનો દીકરો - હું વર્ણવાદની વાત નથી કરતો પણ જિન્સ ઊતરે માણસમાં. ક્ષત્રિયનો દીકરો અભય ન હોય ? હોય જ.

શંકરસિંહબાપુ કહેતા કે અમારે અમદાવાદમાં દરબારનો દીકરો જો રીક્ષા ચલાવતો હોય તો ખબર પડી જાય કે આ દરબારનો દીકરો છે. પગથી સાઈડ આપે તો સમજવાનું કે આ દરબાર જ હોય બીજો કોઈ નહિ. એની આખી રીત જ જુદી હોય. સંસ્કૃતમાં શ્લોક છે, વિજયભાઈ મારો શ્લોક ખરો કરે -

'वनेऽपि सिंहा मृगमांसभक्षिणो बुभुक्षिता नैव तृणं चरन्ति ।
एवं कुलिना व्यसनाभिभूता न नीचकर्माणि समाचरन्ति ।।'

પંદર દિવસની લાંઘણ પડી હોય સિંહને, ભૂખ્યો હોય તો પણ ઘાસ ન ખાય તેને સાવજ કહેવાય અને આપણે ત્યાં હું વર્ણવાદની ચર્ચા નથી કરતો પરંતુ ક્ષત્રિયપણું જેનામાં હોય એ માણસો ધરાઈ રહેલા હોય છે અને એટલે અભય છે. શંકરસિંહબાપુ અભય છે અને હોવું જ જોઈએ કારણ કે એ ક્ષત્રિય છે.

આજે સમાજમાં મોટામાં મોટી કટોકટી હોય તો એ છે કે બેસવું કોની સાથે ? સિંહની સાથે બેસવું કે શિયાળની સાથે ? કોની સાથે બેસવું ? મારી બંને બાજુમાં સિંહ બેઠા છે. શંકર ભગવાન પ્રૌઢ છે, અને એક કિશોર છે - આ બે સિંહો બેઠા છે પણ વાત મારે એ કહેવી છે, મેં ઘણી વખત કીધું છે કે - ખલીલ જિબ્રાન કે કોણે આ વાત કરી છે ખબર નથી પણ જે કોઈ વિચારકે આ વાત કરી હોય તે સરસ છે. આમ તો

વિનોદમાં કહેવાય પણ એનો સાર બહુ સરસ છે : સિંહ અને શિયાળ બંને અમેરિકા ગયા. એને વિઝા મળી ગયા. અમેરિકાના ન્યૂયોર્કના એરપૉર્ટ પર ઊતર્યા. શિયાળ નાનું, સિંહ આટલો મોટો, કાકા-ભત્રીજા જેવા લાગે ! મેનહટન અમેરિકાનો એક સમૃદ્ધ વિસ્તાર, ત્યાં બંને જણાં એક રેસ્ટોરન્ટમાં ગયાં. સિંહ અને શિયાળ બંને બેઠાં. વેઈટર આવ્યો. શિયાળે ઑર્ડર કર્યો કે, આટલો નાસ્તો આપો. આટલા ગાંઠિયા, આટલાં ભજિયાં, ત્રણ ડિશ મંગાવી. ત્યારે વેઈટરે પૂછ્યું કે અંકલ માટે કેમ કંઈ મંગાવતા નથી અને બધું તમારા માટે જ મંગાવો છો ? આ અંકલ ભૂખ્યા નથી ? ત્યારે શિયાળે અદ્‌ભુત જવાબ આપ્યો, વિચારવા જેવો જવાબ આપ્યો. આ અંકલ ધરાઈને બેઠા છે, એટલે, નહીંતર તો મારો ક્યારનો નાસ્તો કરી દીધો હોત. સમાજમાં બેસવું કોની સાથે ? ધરાયેલાની સાથે બેસવું પછી એ ધર્મપુરુષ હોય, રાજકીય પુરુષ હોય કે સામાજિક કોઈ પણ પુરુષ હોય પણ જે તૃપ્ત હોય એની સાથે બેસવું. જેથી કરીને આપણું પોષણ થાય. શોષણ ન થાય અને 'एवं कुलिना व्यसनाभिभूता न नीचकर्मणि साचरन्ति ।'

સિંહ ધરાયેલો હોય. અભય ન હોય. તૃપ્ત ન હોય એને આપણે ત્યાં સિંહ નથી કહેતાં. મને પક્ષપાત નથી પણ ક્ષત્રિય જાતિનાં જે લક્ષણો છે - વીરતા અને એની સાથેની ધીરતા. વીરતા હોય અને ધીરતા ન હોય તો ક્ષત્રિયપણાનો કોઈ અર્થ નથી.

'રામચરિતમાનસ'માં ધર્મરથનું વર્ણન છે. રાવણ રથમાં યુદ્ધ કરવા આવ્યો અને રામ પગપાળા ગયા ત્યારે વિભીષણ અકળાયો. પ્રભુને કહ્યું - रावण रथी बिरथ रघुवीरा । હે પ્રભુ રામ, રાવણ રથમાં અને તમે પગપાળા, આવા દુશ્મનને કેમ જિતાશે ? ત્યારે રામજી બહુ સરસ બોલ્યા કે, હે વિભીષણ ચિંતા ન કર.જેનાથી વિજય મળે છે એ રથ જુદા હોય છે. એ રથનાં બે ચક્ર હોય છે - કયાં ?

"સૌરજ ધીરજ જેહી રથ ચાકા, સત્ય સિર દૃઢ ધજા પતાકા ।"

ધીરજ અને વીરતા એ બે ચક્રો પર જેનો જીવનરથ હોય એવા રથો વિજય અપાવે. ક્ષત્રિયમાં વીરતા હોય છે. એનામાં ધીરતા હોય છે.

બાપુ જે સંસ્થાના મૅનેજિંગ ટ્રસ્ટી છે અથવા તો એમણે જે સંકલ્પ કરીને આ સંસ્થા ઊભી કરી, આ દશ્ય ઊભું કર્યું એ શિક્ષણનું બીજું સૂત્ર મારે કહેવું છે. પહેલું સૂત્ર સમર્પણ. હાથમાંથી છૂટે એ ત્યાગ અને હૈયામાંથી છૂટે એ વૈરાગ. અમારે એક મહારાજ જામનગરના સ્ટેશનમાં ઊતર્યા અને એક મજૂર શ્રદ્ધાળુ માણસ એણે બાપુના પગમાં પાંચ રૂપિયા મૂક્યા. મહાત્માનો પ્રેમી. મહાત્માએ કહ્યું 'લઈ લે હું ક્યાં પૈસાને અડું છું, છેડે બાંધી દે ।' એ ત્યાગ ન કહેવાય ને વૈરાગ પણ ન કહેવાય. આપણા સ્વામિનારાયણ સંપ્રદાયના સાધુ નિષ્કુલાનંદજીએ ગાયું છે :

"ત્યાગ ન ટકે વૈરાગ વિના, કરીએ કોટી ઉપાય જી, ત્યાગ ન ટકે વૈરાગ વિના..."

તો જેમાં સમર્પણ હોય, એ ભલે ઝૂંપડીમાં અપાતું હોય. આપના જે મનોરથ છે સાહેબ કે, એવી જગ્યા મળે, હનુમંતે જેમણે કર્ણાટકની વિધાનસભા બનાવી હતી, એમનું સ્વપ્ન કહ્યું કે અને હું ન ભૂલતો હોઉં તો ત્યાં એ વિધાનસભા ઉપર 'અમે ઈશ્વરમાં માનીએ છીએ' **'We trust in God'** આવું લખ્યું છે - એમ અમેરિકન ડૉલરમાં લખ્યું હોય છે રૂપિયામાં **Trust...** એ બેનો કંઈ મેળ જ ખાતો નથી... ખબર નહીં... જે હોય તે... કારણ કે રૂપિયા વસ્તુ એવી છે કે ચોમાસામાં કૂતરાને રોટલો નાખીએ તો એ સૂંઘીને ખાય પણ, રૂપિયો ગમે તેને નાખો... કોઈ સૂંઘવાનું નામ જ નહીં લે... એ ઉપાડી લો, બસ લઈ લો.

આ ગાંધીનગર છે અને મને કહેવાનું મન થાય કે ગાંધીબાપુએ ત્રણ વાંદરા આપ્યા - 'બૂરા મત દેખો', 'બૂરા મત સૂનો', 'બૂરા મત બોલો'. મને લોકો બાપુ કહે છે એટલે મારેય ચોથો વાંદરો ઉમેરાય તો ઉમેરવો છે કે જે પેટ પર હાથ રાખે - 'બૂરા મત ખાઓ'.

સમર્પણ શિક્ષણનો પ્રાણવાન ગુણ હોવો જોઈએ. બીજો ગુણ 'સંરક્ષણ' આપે તે શિક્ષણ. જે શિક્ષણ સંરક્ષણ ન આપી શકે - એ ક્ષત્રિયના વિચારમાંથી જન્મેલો શિક્ષણનો વિચાર સંરક્ષણથી સંપુટિત જ હોય. કારણ કે સંરક્ષણ આપવું એ ક્ષત્રિયનો ધર્મ છે.

ક્ષત્રિયો વિશે બાપુ સરસ બોલે છે. હમણાં ક્ષત્રિયોની સભામાં બોલ્યા'તા, અમે એટલા રાજી થયા નાગેસરીમાં. બોલે પણ બહુ અદ્‌ભુત બહુ સુંદર. હું વર્ષોથી બોલવાનું કામ કરું એટલે શબ્દોનો ઉપાસક છું. કોણ કેવું બોલે છે, બે મિનિટમાં માપ નીકળી જાય. એનું બોલવાનું સ્ટાન્ડર્ડ કેવું છે એની ખબર પડી જાય. કારણ કે શબ્દની ઉપાસના કરીએ છીએ. પણ બાપુને જેટલી વખત સાંભળવાનું મને મળ્યું છે - એવું સરસ એમણે પોતાના સમાજ માટે નિર્ભીક નિવેદન કર્યું - દો ટૂંક વાતો કરી હતી.

સંરક્ષણ આપવું આપણા દેશના ક્ષત્રિયો સિંહ છે પણ ગૌમુખા છે. એમની આંખોમાં દયા અને કરુણા હોય છે. સાહેબ, મને બહુ ગમ્યું. તમારી શિક્ષણ સંસ્થાની જે આપે વાત કરી એમાં બધી વસ્તુ સરસ લાગી પણ સર્વોત્તમ વાત એ લાગી કે જે વિદ્યાર્થી ફી ન ભરી શકે અને છતાં ઋતંભરા બુદ્ધિ ધરાવતો હોય, પ્રજ્ઞાવાન હોય અને એમાંથી કંઈક ઊગશે, પ્રગટશે અને એ દેશને ઉપયોગી થશે એવી પ્રતિભાને પૈસાની ચિંતા ન કરવી પડે અને એને ભણાવવાનો સંકલ્પ તમે કરો છો - આ એક મોટો વિચાર છે.

બાપુએ બરાબર કહ્યું કે, ''આજે શિક્ષણ ધંધો બની ગયો છે.'' દેશના બધા ભાગમાં હું ફરું છું. કેટલાય મારવાડી ગૃહસ્થો મને પૂછે છે કે તમને મારવાડી ભાષા આવડે છે ? મારવાડી ભાષા નથી જાણતો પણ મારવાડીઓને બરાબર જાણું છું. એ લોકો શિક્ષણની સંસ્થા શરૂ કરવા માંડ્યા. આરોગ્ય અને આગમ જ્યારે ધંધો બને ત્યારે દેશનું દુર્ભાગ્ય ગણાય છે. આજ આરોગ્ય એક ધંધો બની ગયું છે, અને આગમ-શિક્ષણ જ્યારે ધંધો બને - સ્વર્ગસ્થ વલ્લભભાઈ (સૌરાષ્ટ્ર) જ્યારે આપણા શિક્ષણમંત્રી હતા અને અમારે જ્યારે એક મંચ પર બોલવાનું આવે ત્યારે તે હંમેશા કહે કે, 'મારું જો ચાલે તો હું ડૉક્ટરોની પ્રાઈવેટ પ્રૅક્ટિસ બંધ કરાવી દઉં' - આવું બોલતાં એ બોલી લે પછી મારો વારો આવે. હું કહું, 'તમે તો મંત્રી છો, હું તો એક શિક્ષક છું, મારું તો ચાલવાનું નથી પણ, મારું ચાલે તો હું શિક્ષકોનાં ટ્યૂશન બંધ કરાવી દઉં.' આ વસ્તુ ધર્મ, શિક્ષણ, આરોગ્ય એ ધંધો ન હોય. એમાંથી વકરો કેટલો થાય એવી વૃત્તિ જ્યારે આવે ત્યારે આવું શિક્ષણ સંરક્ષણ ન આપી શકે. શિક્ષણ સંરક્ષણ આપે જે વિદ્યાર્થી ભાઈ-બહેન શિક્ષણ આપે તે એટલો નિર્ભય હોવો જોઈએ કે બીજાને સુરક્ષિત કરે, બીજાને સંરક્ષણ આપે. જેટલું કરી શકે એટલું.

હૉસ્પિટલમાં હાથીને દાખલ કર્યો. ''એને સ્પેશિયલ રૂમમાં ફાવે નહીં એટલે જનરલ વૉર્ડમાં રાખ્યો. એમાં એક કૂતરો ખબર કાઢવા નીકળ્યો. એ જેવો અંદર આવ્યો તો બાંકડા પર એક કીડી બેઠી'તી.'' કૂતરાએ પૂછ્યું, ''કેમ તું એહીંયાં ?'' તો કીડી કહે, ''ભાઈ, હાથીનું ઑપરેશન છે, લોહીની જરૂર પડે તો !'' કૂતરાએ પ્રણામ કર્યા કે ''તારા લોહીથી હાથી જીવતો ન રહે.'' પણ, ''હું પણ લોહી આપી શકું'' એ ભાવનાને વંદન છે સાહેબ. એ કીડીની વૃત્તિને પ્રણામ છે કે હું મારી ક્ષમતા પ્રમાણે કંઈ કરું.

એમ શિક્ષણની એ સંસ્થા પ્રાણવાન ગણાય જ્યાં આવું સંરક્ષણતંત્ર ઊભું થાય અને ક્ષત્રિયનો દીકરો જેટલું સંરક્ષણ આપી શકે તેટલું બીજા ના આપી શકે સાહેબ. એનામાં લક્ષણ હોય. ભાંગ્યું ભાંગ્યુ તોય... જે શિક્ષણ સમર્પણ, સંરક્ષણ આપે એને વંદન.

ત્રીજું લક્ષણ જે શિક્ષણ સંસ્થામાં સંકર્ષણ હોય. આકર્ષિત કરવાની તક હોય. આપે કહ્યું કે, અહીંયાં એક અક્ષરધામ છે. અમારે એવું બનાવવું છે કે લોકો જુએ અને આવે. દીપ પ્રગટે તો પતંગિયાં આવે. દરિયા જેવું દિલ બને તો નદીઓ આવે અને જેનું જીવન આરપાર - અંતઃકરણ વિશુદ્ધ હોય તો આખું જગત શરણે આવીને ઊભું હોય છે, આ નિયમ છે.

પતંગિયાંને ટપાલ નથી લખવી પડતી કે દિવાળીનો તહેવાર છે. દીપો પ્રગટ્યા છે, તમે આવો. એક ખોટું પતંગિયું હતું. પતંગિયાં ભેગું ઘૂસી ગયું. પછી બધાંને થયું કે આ આપણું નથી લાગતું. ખોટું છે પણ કહેવું કેમ ? બધાં કહે, ''દિવાળી આવી ગઈ છે, દીવા પ્રગટ્યા કે નહીં જોઈ આવો ને ?'' પણ પેલું પતંગિયું જોઈને પાછો રિપોર્ટ કરે છે કે ''દિવાળી આવી ગઈ.'' પેલાએ થપાટ મારી કે, ''પતંગિયુ હોય તો બળી ગયું હોય આમ પાછું કેમ આવ્યું ?''

શિક્ષણસંસ્થા એવી હોવી જોઈએ કે, વિદ્યાર્થીઓને-છાત્રોને એક આકર્ષણ જન્મે. આમ જે સંસ્થા નિર્માણ કરો એનો આકાર એવો હોય અને ભીતરનો વિચાર પણ એવો હોય એવી હનુમાનજીનાં ચરણમાં પ્રાર્થના કરું કે લોકો આવે. નાલંદા-તક્ષશિલા જોવા માટે વિદેશના મહાનુભાવો આવતા હતા. ચુંબકની જેમ ખેંચતી હતી નાલંદા અને તક્ષશિલા, આપણી શિક્ષણ સંસ્થાઓ.

'સંકર્ષણ' - કેવળ આકર્ષણ નહીં એટલે 'સંકર્ષણ' શબ્દ કહું છું. સંકર્ષણ એક સાત્ત્વિક શબ્દ છે. કૃષ્ણના મોટાભાઈ બલરામ એમને આપણે 'સંકર્ષણ' કહીએ છીએ. એક સાત્ત્વિક ખેંચાણ.

આ ત્રણ લક્ષણો જ્યાં હોય તે શિક્ષણ. આપની સંસ્થાનું નામ સમર્પણ છે. સંરક્ષણ કરી શકે તેવા મહાનુભાવોનો વિચાર અંદર પડ્યો છે અને આપનું સ્વપ્ન - Vision છે કે જમીન મળે, અને બાપુએ કહ્યું કે મહિને, નહીં તો દોઢ મહિને, વર્ષે નહીં તો દોઢ વર્ષે કંઈક ને કંઈક થશે. હું પણ ઈચ્છું બાપુ, આપની શિક્ષણ સંસ્થા સંકર્ષણરૂપ બને. જેમ મંદિર ઉપરનો ધ્વજ જુએ એ લોકોને ખબર પડે કે અહીં કોઈ દેવ બિરાજેલા હશે, એમ આપની સંસ્થાનું ઉપરનું શિખર જુએ તો લાગે કે, અહીંયાં કોઈ વિદ્યાની દેવી બિરાજતી હશે એવું વિદ્યા-સંકુલ બને અને સંકર્ષણનાં

તત્ત્વો તમારી પાસે છે. એ ન હોય તો આ આ કાર્યક્રમનો આરંભ ભરતનાટ્યમ્‌થી ન કરત. અમારી આ દીકરીએ સુંદર ભરતનાટ્યમ્ રજૂ કર્યું.

શિક્ષણમાં આ કલાતત્ત્વ હોવું જોઈએ. ધર્મ, રાજ, કલા, સંગીત આ બધાંમાંથી કલાતત્ત્વ નીકળી જાય તો ધર્મ જુદ્ધો બની જાય છે અને રાજકીય તત્ત્વ શુષ્ક બની જાય. રાજ્યમાં પણ કલાતત્ત્વ હોવું જોઈએ. સાહિત્ય, સંગીત, કલા હોવી જોઈએ અને કલા હું એને કહું છું કે જે કાળના માથા પર નાચી શકે તે કલા. કૃષ્ણમાં કલા હતી એટલે કાળીનાગના માથા ઉપર એ નાચ્યો છે. ભગવાન શંકરમાં એ કલા હતી... नटराज राजो नमो नमः ।

સંગીત હોય, કલા હોય, પ્રેમ હોય, નૃત્ય હોય, ભાષાનો વૈભવ હોય, સંસ્કૃત ગિરાનો સાત્ત્વિક સાદ હોય તેવું શિક્ષણ સંરક્ષણ ઊભું કરી શકે. વર્ગખંડમાં એ.સી. હોય અને સાચો પ્રાણવાયુ ન હોય તો ? એક તાજી હવા મળવી જોઈએ. જેથી કરીને બધાં આવે.

આપની આ શિક્ષણસંસ્થા દસ વર્ષનો ઉત્સવ ઊજવવા જઈ રહી છે ત્યારે એક સાધુ તરીકે હું એટલું જ કહું કે, આપણે ત્યાં દશાંશ કરવાનો નિયમ છે. માણસ અનુષ્ઠાન પૂરું કરે તો એનો દસમો ભાગ સમાજને સમર્પિત કરે. દસ વર્ષની આપની એક યજ્ઞ ક્રિયા, આપની પવિત્ર યાત્રા વિદ્યાદેવી તરફની, એમાં દસમો ભાગ, એક જે તમે નક્કી કરો તે - એક એવો પ્રોગ્રામ આખા વર્ષમાં ઊભો કરજો કે આહુતિરૂપે હોય. જેમ યજ્ઞમાં અમારો ઋષિ કહે છે તેમ અમે આહુતિ આપીએ તો આ મંત્ર બોલીને આપીએ - इदं अग्नये इदं न मम् । આ બીજા માટે છે મારા માટે નથી. આવા ભાવ સાથે.

હું બહુ રાજી થાઉં છું. આશીર્વાદ તો - આવા પ્રસંગે મારી પ્રસન્નતા જ હોય અને કોઈ પણ માનવીનું મન પ્રસન્ન થાય ત્યારે બોલે નહિ તોય એનાં આશીર્વચનો પહોંચી જતાં હોય છે. મારી શુભકામના છે. જે ભાવથી આ સંસ્થાનું નિર્માણ થયું છે, એ ભાવ પલ્લવિત થાય, ફલિત થાય એવી હનુમાનજીનાં ચરણમાં પ્રાર્થના કરું છું.

બાપુ છે, આપ સૌ વિદ્યા-પુરુષો છો, મને બહુ ગમ્યું કે આપની સંસ્થામાં કેટલી બધી મૂર્ધન્ય સાહિત્યિક વ્યક્તિઓ આવી છે - આવું હોવું જોઈએ. શિક્ષણસંસ્થામાં સાહિત્યના ઉપાસકોનું પદાર્પણ ન હોય તો શું અર્થ છે ? જે લોકો દ્વારા સાહિત્ય વિશેષ પાવન થતું હોય.

આપના ઉદ્‌ઘોષકશ્રી - આપે ગાંધીનગરને ત્રિવેણી કહી. ત્રિવેણીમાં બે નદી દેખાય છે. એક નથી દેખાતી. ગંગા દેખાય, યમુના દેખાય, સરસ્વતી અલોપ છે, પ્રયાગરાજમાં. હું ભગવાનને પ્રાર્થના કરું કે ગાંધીનગરની ત્રિવેણીમાં સરસ્વતી પ્રગટ થાય અને સરસ્વતી વિદ્યાના રૂપમાં પ્રગટ થતી હોય છે, સરસ્વતી વીણાના રૂપમાં, સરસ્વતી સ્ફટિક-માળામાં પ્રગટ થતી હોય, સરસ્વતી વેદના ગ્રંથરૂપે પ્રગટ થતી હોય છે. સરસ્વતી આ રીતે પ્રગટ થતી હોય છે. એટલે ગાંધીનગરની ત્રિવેણીમાં સરસ્વતી મુખર બને, નિર્ભીક બને, કલામય બને એવું હું ઈચ્છું. નહીં તો સરસ્વતીનું મૂલ્ય ક્યાં રહ્યું છે ?

લક્ષ્મીજી, ગણેશજી અને સરસ્વતીની મૂર્તિ વેચાતી હતી. એક માણસ લેવા ગયો. લક્ષ્મીજીની મૂર્તિની કિંમત કેટલી ? તો કે ૧૦૦ રૂપિયા. ગણેશજીની મૂર્તિની કિંમત ૫૦ રૂપિયા અને સરસ્વતી ? આ બે લઈ જાવ તો મફત ! સરસ્વતી મફત થઈ ગઈ છે. પણ સરસ્વતી મૂલ્યવાન હોવી જોઈએ અને છતાં એનું મૂલ્ય ન કરી શકે એવી હોવી જોઈએ. સરસ્વતી મફત ન હોય.

મોરારજીભાઈએ એક વખત રમૂજમાં કહ્યું કે, ‘એક જગ્યાએ ફોટા વેચાતા હતા. લાલબહાદુર શાસ્ત્રીનો ફોટો અને નહેરુજીનો ફોટો. એની બાજુમાં મારો ફોટો હતો. એ મને ઓળખતો નહોતો.’ એ કહે કે આ ત્રણ ફોટોમાં શાસ્ત્રીજી અને જવાહરલાલજીનો ફોટો લો તો આ ત્રીજો ફોટો મફત આપીશું. આવો વિનોદ કરેલો.

ત્યારે સરસ્વતી આપણે ત્યાં અર્થહીન ન બને, સાર્થક બને. સાહેબ, ભાગવતજીમાં આપણે ત્યાં લખ્યું છે કે અર્થમાં તો પંદર-પંદર દોષ હોય છે. પણ અર્થ ત્યારે સાર્થક બને છે જ્યારે એ સરસ્વતીને બોલતી કરે છે. તમારી સંસ્થામાં સરસ્વતી વીણા-વાદન કરે, વેદ-ગાન થાય, સ્ફટિક જેવું આરપાર વ્યક્તિત્વ ઊગે એવી હનુમાનજીનાં ચરણમાં પ્રાર્થના કરું છું.

હું બહુ રાજી થઉં છું. આપની પાસે તો પ્રભુની કૃપા છે. આવા શુદ્ધ વિચાર લઈને બેઠા છો. અમે તો રામજી મંદિરની પૂજા કરીએ. ગામડાઓમાં અમને બધા બાવાજી કહે. મેં પણ તલગાજરડામાં પૂજારી તરીકે કામ કર્યું છે. ગામલોકો ભેગાં થઈ અને અન્નકૂટ ધરે. જેમાં પૂજારીએ તુલસીનું પાન નાખવાનું હોય એટલે ઠાકુરજીને ભોગ લાગી જાય. તમારી સંસ્થા માટે જે કંઈ તમારાં સપનાં હોય એમાં આપ સૌ

સમક્ષ મહાનુભાવો ભેગા થઈને અન્નકૂટ ધરજો. પરંતુ હું એક સાધુ તરીકે, ગામડાના બાવાજી તરીકે, રામાયણની ચોપાઈના એક વિનમ્ર ગાયક તરીકે, તલગાજરડાના હનુમાનજી તરફથી તુલસીપત્ર ચઢાવું છું. જેથી કરી આપનો આ થાળ વિદ્યાદેવી સ્વીકારે :

या देवी सर्व भूतेषु विद्यारुपेण संस्थिता, नमस्तस्यै, नमस्तस्यै, नमस्तस्यै नमो नमः ॥

ત્રણ પ્રકારનો વિવેક તમારી સંસ્થામાં જાગે, સમર્પણ-વિવેક, સંરક્ષણ-વિવેક. જે વિદ્યા-વિવેક નિર્માણ ન કરે એના માટે પરિશ્રમ સિવાય બીજું કંઈ હાથમાં આવતું નથી.

મારું આખું લક્ષ્ય યુવાનની દિશા તરફ છે, આપણો યુવાન જરાય બગડ્યો નથી. આપણાં બાળકો જરાય બગડ્યાં નથી. પણ, આપણને ઠપકો દેવાની ટેવ પડી છે. મને શેર યાદ આવે છે :

'अभी कुछ नहीं बिगडा,<br>
अभी सच बोलता है,<br>
मगर डाटोंगे तो बच्चा<br>
बहाना शीख्र जायेगा'

નાના બાળકને ડાંટ-ફિટકાર કરીશું, વિદ્યાર્થીઓની અલોચના જ કરીશું, યુવાનોની ટીકા જ કરીશું તો પછી બહાનાં શીખી જશે :

सलिके से जो सर झुकाना शीख्र जाएगा,<br>
गमों का भार कंधो पर उठाना शीख्र जाएगा ।

આ દેશ વિવેકની ભૂમિ છે :

'आंधी में भी जलती गांधी तेरी मशाल,<br>
साबरमती के संत तुने कर दिया कमाल ।'

એવો વિવેક, એવો વૈરાગ. તો આ ત્રણેય લક્ષણોનો જે વિવેક મૂળ તત્ત્વ છે એ તમારી સંસ્થા ખૂબ ફૂલે-ફાલે, તમારા મનમાં જે ચિત્ર છે એટલે મને કર્ણાટક યાદ આવ્યું કે હું ત્યાં ગયો છું, મેં જોયું છે, કેટલો સરસ આકાર આપ્યો છે. એ આકારમાં વિચાર પણ એટલો જ ફૂલે-ફળે એવી હનુમાનજીને પ્રાર્થના.

વિશેષમાં કંઈ ન કહેતાં મારો રાજીપો વ્યક્ત કરું છું. આવા શુભકાર્યમાં મુશ્કેલી આવતી જ હોય છે. બાપુએ જેમ કહ્યું તેમ પ્રતિકૂળતા સાનુકૂળતા બની જતી હોય છે.

'गम मेरे साथ रहे, दूर तक गये ।<br>
पर मुझमे थकान न पायी तो बिचारे खुद थक गये ।'

તમારો વિરોધ કરનારા, નિંદા કરનારા, આલોચના કરનારા, પાછળ પડી જનારા અને કોઈ પાછળ પડે તો રાજી થવું કારણ કે એક વસ્તુ તો પાકી થઈ ગઈ કે તમારી પાછળ છે આગળ નથી. લોકો રોતા હોય છે. મેં કીધું આ રડવા જેવું નથી, ઉત્સવ મનાવવા જેવું છે. અમારી પાછળ લોકો પડી ગયા, અરે પાછળ અને પાછા પડી ગયા છે, બેઠા નથી રહી શક્યા, ઊભા નથી રહી શક્યા, પડી ગયા છે.

સંસ્થાઓ સમર્પણ, સંરક્ષણ અને સંકર્ષણના વિવેક સાથે કદમ મિલાવશે ત્યારે દશાબ્દી નહીં શતાબ્દી ઊજવાશે સાહેબ. હનુમાનજીનાં ચરણમાં પ્રાર્થના કરી મારી પ્રસન્નતા વ્યક્ત કરું છું. આપ સૌને નમન... ધન્યવાદ.

**વક્તવ્ય સંકલન : ડૉ. દીપક પંડ્યા અને પ્રા. ઝરમર પંડ્યા : ૦૧-૦૮-૨૦૦૫**



# સ્વામી ધર્મબન્ધુજી

આપણે એક માતા-પિતાનાં સંતાન છીએ. તેમ છતાં આપણા મનમાં નફરત રહેલી છે. તેથી આપણે માણસને માનવ બનાવી શકતાં નથી. માનવના પુસ્તકાલયમાં સૌથી પ્રાચીન પુસ્તક છે 'ઋગ્વેદ' અને તેમાં સૌ માટે એક આદેશ લખ્યો છે. "मनुर्भवमनुर्भव" 'તમે મનુષ્ય થાવ.' આ ગ્રંથનો એક સહાયક ગ્રંથ છે 'યજુર્વેદ'. જેમાં લખ્યું છે કે, 'સંસારના દરેક પ્રાણીઓને મિત્ર ભાવથી જુઓ' : मित्रस्य मा चक्षुषा सर्वाणि भुतान् समीक्षताम् । આજથી ૫૨૭૬ વર્ષ પહેલાં એક મહાપુરુષ થઈ ગયા 'યોગીરાજ કૃષ્ણ'. તેમણે ઊંડા ગહન-અધ્યયનથી પરિસ્થિતિનો તાગ મેળવી એક સંદેશો આપ્યો :

अयं निजः परोवेति गणना लघुचेतसाम् ।
उदारचरितानां तु वसुधैवकुटुम्बकम् ॥

અર્થાત્, 'આ મારું છે, આ અન્યનું છે. આ વિચારો સંકુચિત માણસોનો પરિચય કરાવે છે. કોઈ સમજદાર વ્યક્તિ માટે તો આખો સંસાર પોતાના ઘર જેવો છે.'

આજથી ૪૦૦ વર્ષ પહેલાં યુરોપમાં હેન્રી થોમસ થઈ ગયા. તેમનું જીવન ખૂબ પ્રગતિશીલ હતું. તેમણે તેમના પુસ્તક **'The Story of Human Race'**માં પોતાના વિચારોને કંઈક આ રીતે ઉદ્‌ગારિત કર્યા : ''દુનિયામાં સૌ એક જ માતા-પિતાનાં સંતાન છે. એક જ નસ્લ (જાતિ)નાં, એક જ વંશનાં છે.''

૧૭મી શતાબ્દી ક્રાંતિની શતાબ્દી કહેવાય. તેમાં મહાન બ્રુનો, ગૅલીલિયો, બેન્રી ટોમ્સ આવ્યા પણ લોકોએ પોતાના અજ્ઞાનરૂપી અંધકારને કારણે તેમને જેલમાં પૂર્યા. બ્રુનો જેવા મહાન વ્યક્તિને જીવતા સળગાવી દીધા.

એનો વાંક ફક્ત એટલો કે એમણે કહ્યું કે 'પૃથ્વી ગોળ છે તથા પૃથ્વી ફરે છે.' ઈ.સ. ૧૬૧૦માં જ્યારે ગૅલીલિયોએ કહ્યું કે, 'સૂર્યની ઉપર સૂર્યકલંક છે' ત્યારે લોકો તેને મૃત્યુદંડ આપતાં પણ અચકાયા નહીં. આપણે અજ્ઞાનરૂપી અંધકારને કારણે સંશોધકો અને વિદ્વાનોને આ દુનિયામાં ખતમ કરવાનો પ્રયાસ કરીએ છીએ.

ડિસેમ્બર ૨૦૦૧માં 'હ્યુમન જીનોમ' પ્રૉજેક્ટ આવ્યો અને સમગ્ર વિશ્વના લોકોએ તેને વાંચીને તેના વિશે સમજ કેળવી, અને કહ્યું કે, 'સમગ્ર સંસારના મનુષ્યો એક છે, એક જ માતા-પિતાના સંતાન છે.' તો જ્યારે સમગ્ર સંસારનાં મનુષ્યો એક જ છે તો આપણા મનમાં નફરત કેમ છે ? આપણે એકબીજાને કેમ મારી નાખવા માંગીએ છીએ ! આપણે સદાચારી વ્યક્તિ ક્યારે બનીશું ? એના વિશે આપણે ચિંતન કરવું પડશે.

યુનાનના મહાત્મા ઍરિસ્ટૉટલ અને ભારતના મહાત્મા કણાદ આ બે વિદ્વાનોનું ચિંતન આ વિષયમાં અદ્‌ભુત છે અને તેઓની વિચારસરણી સમાન છે.

આજે આ દુનિયાની વસ્તી છ અબજ છે. આપણે મનુષ્યને મનુષ્ય બનાવવા માટે દર વર્ષે વીસ ખરબ ડૉલર ખર્ચ કરીએ છીએ. છતાં પણ કેટલા 'મનુષ્યો' બને છે, તે વિચાર માગી લે તેવી બાબત છે.

તત્ત્વચિંતનની દૃષ્ટિએ મહાત્મા કણાદ અને ઍરિસ્ટૉટલ સમાન વિચારસરણીના છ સિદ્ધાંત ધરાવે છે :

**પર્યાવરણ :** ભૌતિક પર્યાવરણ, માનસિક પર્યાવરણ, સામાજિક પર્યાવરણ, એ ૧૯મી શતાબ્દીના મહાન શિક્ષાશાસ્ત્રી હર્બટે કરેલા શિક્ષણના ત્રણ વિભાગો. તેમનો આ અંગેનો થીસિસ ખૂબ જ ખ્યાતિ પામ્યો. તેમના મતે ભૌતિક પર્યાવરણ એટલે વિદ્યાલય શાંત-સૌમ્ય એવી પ્રકૃતિની ગોદમાં હોવું જોઈએ.

**માનસિક પર્યાવરણ :** અર્થાત્ મનની સ્વસ્થતા. તેઓ વિદ્યાર્થીઓને અપીલ કરે છે કે, જીવનમાં પ્રગતિ કરવી હોય તો મન અને હૃદયને સ્વસ્થ રાખવાં, હંમેશા હકારાત્મક વિચારસરણી ધરાવવી અને સારા-નરસા અનુભવોને સ્વસ્થતાથી અનુભવવા કારણ કે અનુભવથી ચિંતન વધે છે.

આપણા દેશના રાષ્ટ્રપતિ ડૉ. અબ્દુલ કલામે પોતાના પુસ્તક 'Wings of Fire' માં લખ્યું છે કે, ''ઉદ્યમ જીવનનું સાધન અને કઠોર પરિશ્રમ જીવનનું સમાધાન છે. જ્યારે ચિંતન એ મનુષ્યના જીવનની અમૂલ્ય મૂડી છે.'' આમ આપણું જીવન ચિંતનશીલ હોવું જોઈએ, જો આપણે નકારાત્મક અભિગમ ધરાવીશું તો તનાવગ્રસ્ત રહીશું અને આખરે હતાશા આપણી સમજશક્તિ નાબૂદ કરશે.

જર્મનીના ટીકાકાર વિલકોક્સના મતે જેમ પ્રકૃતિનાં તત્ત્વ સૂરજ, ચંદ્ર, તારા હરહંમેશ ગતિશીલ રહે છે તેમ મનુષ્યના જીવનનું લક્ષ્ય પણ ગતિશીલ હોવું જોઈએ. તો જ તે સફળતા પ્રાપ્ત કરી શકશે અને જેટલું લક્ષ્ય નીચું હશે તેટલાં જ તમે નીચે જશો.

વિલકોક્સ પછીનું ઉદાહરણ આપતાં સમજાવે છે કે જ્યારે પક્ષી ઊડવાની શરૂઆત કરે છે ત્યારે તેને ખૂબ પરિશ્રમ કરવો પડે છે પણ, જ્યારે તે આકાશમાં પહોંચી જાય છે ત્યારે તે સરળતાથી ઉડાન કરી શકે છે અને આમ ઉડાનને સ્થિર રાખે છે. અસ્થિરતાને કારણે છીછરા પાણીમાં ડૂબવાનો ભય હોય છે. જ્યારે સ્થિરતા અને મક્કમતાને કારણે જહાજ હજારો ટન માલ લઈને સરળતાથી તરી જાય છે. તેમના મતે, "चलने का नाम जिंदगी है, और रुकने का नाम मृत्यु है।"

મહત્ત્વ એ વાતનું નથી કે તમારું લક્ષ્ય કેટલું ઊંચું છે. મહત્ત્વ એ વાતનું છે કે લક્ષ્યને પ્રાપ્ત કરવા તમે કેટલી મહેનત કરો છો. સફળતાથી ખુશી અને નિષ્ફળતાથી અનુભવ મળશે. ઋષિકેશના સંત મહેશ્વરજી કહે છે કે, ''જીવનમાં જ્યારે એક દિશામાંથી નિષ્ફળતા પ્રાપ્ત થાય છે ત્યારે સફળતા માટે બીજી દશ દિશાઓ ખૂલી જાય છે''.

**સામાજિક પર્યારણ :** મનોવિજ્ઞાનના જન્મદાતા પ્રૉ. ફલૅમિંગ કહે છે કે, ''નામ, કીર્તિ અને પૈસો આ બધું કોઈ પણ સિદ્ધિ મળ્યા પછી જ આવે છે'' અને ''સિદ્ધિ તેને જઈ વરે જે પરસેવે ન્હાય''. પછી ભલે તે ખોટી દિશા હોય. જેમ નાના બાળક સામે કોઈક ખોટી વ્યક્તિને માન આપવામાં આવે તો તે પણ આવી ખોટી રીતે જ મહાન બનશે. ગમે તેટલા ધનવાન, ઉચ્ચ પદવાળા વ્યક્તિ જો યોગ્યતા ન ધરાવતા હોય કે ચરિત્રવાન ન હોય તો બાળક સામે આવી વ્યક્તિઓને પ્રોત્સાહન ન આપવું જોઈએ. આનાથી બાળકના મન પર વિપરીત અસર થાય છે.

**વિદ્યાર્થી :** આજના વિદ્યાર્થીના મગજનું પૃથક્કરણ કરવામાં આવે તો તેમની રુચિઓનું, તેમના શોખનું અને આવડતનું દર્શન થાય. પરંતુ માતા-પિતાના જો પોતાના અબાધિત અધિકાર હોય એમ નિર્ણય લે કે બાળકે ડૉક્ટર બનવું કે ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ. પરંતુ તે એમની ભૂલ છે, કારણ કે બાળક પર ગુરુનો વધુ હક રહેલો હોય છે. જેટલી આત્મીયતા ગુરુ સાથે હોય છે તેટલી માતા-પિતા સાથે નથી હોતી. જેમ વિશ્વામિત્ર શ્રીરામને લેવા આવ્યા અને દશરથજીએ ના પાડી ત્યારે વશિષ્ઠમુનિએ સંદેશો આપ્યો કે, ''બાળકને ઉત્પન્ન કરવાનો અધિકાર માતા-પિતાનો છે અને મનુષ્યને ગૌરવ અપાવવાનું કામ ગુરુનું છે''.

**ગુરુ :** શિક્ષાશાસ્ત્રી આચાર્ય ચાણક્ય કહે છે કે, ''શિક્ષકમાં એટલું સામર્થ્ય હોય છે કે, જો તે ઈચ્છે તો રાષ્ટ્રનો વિનાશ અને તે વિચારે તો રાષ્ટ્રનું નિર્માણ કરી શકે છે''. વિનાશ અને નિર્માણ બંને ક્ષમતાઓ શિક્ષક પાસે હોય છે. શિક્ષક રાષ્ટ્રનો વિધાતા અને વિદ્યાર્થી રાષ્ટ્રનું ભવિષ્ય હોય છે. જ્યારે ૬ ઑગસ્ટ, ૧૯૪૫માં જાપાન પર અમેરિકાએ અણુબૉમ્બ ફેંક્યો ત્યારે ફક્ત હિરોશીમા-નાગાસાકી જ નહિ સમગ્ર જાપાન તહસનહસ થઈ ગયું હતું. બચેલાં લોકો ભેગાં થયાં. જાપાનને બેઠું કરવા માટે સૂચનો મેળવેલાં જેમાંનું એક જાપાનના પ્રાથમિક અને હાયર સેકન્ડરી સ્કૂલના શિક્ષકોએ કહેલું કે બાળકોને દોઢ નહીં પરંતુ બે કલાક મફત શિક્ષણ આપીશુ. હવે, ૨૧મી સદીમાં જાપાન જ્યારે સમૃદ્ધ દેશ થઈ ગયો છે ત્યારે શિક્ષકોને કહેવામાં આવ્યું છે કે તમારી સેવાની જરૂર નથી ત્યારે હડતાલ પર જઈ શિક્ષકોએ કહ્યું કે, અમારી

સેવા સમાપ્ત ન કરવામાં આવે પરંતુ ચાલુ જ રાખવામાં આવે. જાપાની લોકો મંદિરમાં નથી જતાં છતાં પોતાની કાર્ય-નિષ્ઠા જાણે છે, તો આપણે આટલો ધર્મ કરવા છતાં પણ કર્મમાં પાછળ છીએ તે આપણા માટે આત્મચિંતનનો વિષય છે.

પોતાની આત્મકથા *'The Mind of Great Sikandar'* માં સિકંદર લખે છે કે, ''હું અને મારા ગુરુ ઍરિસ્ટૉટલ વહાણ માર્ગે જઈ રહ્યા હતા ત્યારે દરિયામાં ભયંકર વાવાઝોડું ફૂંકાયું. વહાણ ડૂબવા લાગ્યું. ત્યારે પોતાના ગુરુ ઍરિસ્ટૉટલને બચાવવા સિકંદરે આકાશ-પાતાળ એક કરીને બચાવી લીધા.'' ત્યાર બાદ અન્ય લોકોએ પૂછ્યું કે તમે તમારી પરવા ન કરતાં ગુરુની આટલી બધી પરવા કેમ કરી હતી ? ત્યારે તેમણે જવાબ આપ્યો કે, ગુરુ ઍરિસ્ટૉટલમાં મારા જેવા હજારો સિકંદર ઉત્પન્ન કરી શકવાની તાકાત છે પણ જો તેમને કંઈ થઈ ગયું તો મારા જેવા હજારો સિકંદર ભેગા મળીને તેમને પુનઃજન્માવી ના શકત. આજના યુગમાં શિક્ષકોની ડિગ્રી કરતાં તેમની આવડત, તેમની સમજ, તેમના સિદ્ધાંતો, તેની યોગ્યતા અને તેમના વિદ્વાનપણાને પ્રાધાન્ય આપવું જોઈએ. આજે આપણા દેશમાં વિદ્યા એક વેપારનું સાધન બની ગયું છે. વિદ્યાલયમાં વિદ્યાર્થીની પ્રતિભા અને વ્યક્તિત્વનો સર્વાંગી વિકાસ થવો જોઈએ. વિદ્યાર્થી ઊભો હોય તો જાણે હિન્દુસ્તાન ઊભું છે એવા સંસ્કારો તેનામાં દશ્યમાન થવા જોઈએ અને આ સંસ્કારોનું સિંચન ગુરુથી વધારે કોઈ જ ન કરી શકે.

દુનિયામાં વિદ્યાનો વેપાર કરનારા અને વિદ્યાને ખરીદનારા બહુ મોટી ભૂલ કરી રહ્યા છે. કારણ કે વિદ્યા તો અમૂલ્ય છે. વિદ્યા હંમેશા પ્રેમ, તપ, પુરુષાર્થથી જ પ્રાપ્ત થાય છે. રવીન્દ્રનાથ ટાગોર, વિલિયમ શેક્સપિયર, આલ્બર્ટ આઈન્સ્ટાઈન જેવા વિદ્વાનોએ પુરુષાર્થથી જ જીવનમાં પ્રગતિ સાધી છે.

સ્વામીજી પોતાનાં બાળપણનાં સ્મરણો દ્વારા પુરુષાર્થનું મહત્ત્વ દર્શાવતાં કહે છે કે તેમના ગુરુ આયંગર હંમેશા કહેતા કે, કમજોર શિક્ષક પાસેથી હોશિયાર વિદ્યાર્થી ઘણુંબધું શીખી શકે છે. પણ, હોશિયાર શિક્ષક પાસેથી કમજોર વિદ્યાર્થી કંઈ શીખી શકતો નથી. તેઓ વારંવાર કહેતા કે, માઉન્ટ એવરેસ્ટની ટોચ પર ચડવા માટે મહિનાઓ લાગે છે. પરંતુ તેના પરથી નીચે ગબડતાં મિનિટ પણ નથી લાગતી. માટે પુરુષાર્થ, મહેનતથી પ્રાપ્ત કરેલી વસ્તુનું જતન કરવું જોઈએ કારણ કે બેદરકારીને કારણે વસ્તુ ક્ષણવારમાં નાશ પામે છે.

મહાન વિદ્વાન હ્યુગો કહે છે કે, *"Life is a flower and its love is honey"* (જીવન એક ફૂલ છે અને પ્રેમ તેનું મધ છે) જેમ ગુલાબનું ફૂલ કાંટા પર પણ ખીલે છે તેમ આપણે આ કાંટાના તાજરૂપી સંસારમાં ખીલવા માટે, પ્રગતિ કરવા માટે સંયમ અને સાવધાની રાખવાં પડશે.

**પાઠકર્મ, પાઠવિધિ :** દુનિયામાં જ્ઞાન પુષ્કળ પ્રમાણમાં રહેલું છે. તેને પ્રાપ્ત કરવાનો સમય ખૂબ ઓછો છે. આપણે કેવી રીતે વધારેમાં વધારે શિક્ષા પ્રાપ્ત કરી શકીએ તે બાબત વિચારણીય છે.

ન્યુટન જેવા વિદ્વાન પોતાની વિદ્વત્તાની બાબતમાં કહે છે કે, ''હું તો માત્ર એટલું જ જાણું છું કે દરિયાને કિનારે પડેલો રેતીનો કણ.'' સાપેક્ષવાદનું સૂત્ર આપનારા આબ્લર્ટ આઈન્સ્ટાઈન કહે છે કે, 'સમુદ્રના પાણીમાંથી એક ખોબો પાણી લેવામાં આવે તેટલો જ જ્ઞાની હું છું.'

આમ, આપણે માનવનો ઉત્કર્ષ મોજ, આનંદ, મસ્તીથી નહિ પણ પરિશ્રમ અને સાહસથી જ કરી શકીશું.

**ભણવાની ક્રિયા :** વિદ્યાના પાંચ સિદ્ધાંતો : ૧. પ્રતિજ્ઞા, ૨. હેતુ, ૩. ઉદાહરણ, ૪. ઉપનયન, ૫. નિગમન

**પ્રતિજ્ઞા :** સંકલ્પ, સારા નાગરિક બનવાનો સંકલ્પ, હેતુ એટલે કારણ, ઉપનય જે બિલકુલ ઉદાહરણ જેવું હોય છે, જેમ કે, કોઈ બાળકને માટીમાં વાયુ છે એમ બતાવવા માટે માટીને પાણીમાં નાખવામાં આવે જેથી માટી ઓગળી જશે, કારણ વગર વાયુએ કોઈ વસ્તુ રહી શકતી નથી, તે ઉપનય, નિગમન કયા તત્ત્વ માટે કઈ વસ્તુનું નિર્માણ થયું છે. જેમ કાળા રંગમાં પીળા રંગને મિશ્રિત કરવામાં આવે તો લીલા રંગનું નિર્માણ થાય છે, અને તેનું નિર્માણ કાળા અને પીળા રંગના અસ્તિત્વથી જ થાય છે, આમ દુનિયામાં કોઈ વસ્તુ નાશ પામતી નથી પણ ભિન્ન ભિન્ન રૂપે પરિવર્તિત થાય છે.

પ્રત્યેક શિક્ષકને પોતાના વિષયનું ઊંડું જ્ઞાન અને અધ્યયન હોવું જોઈએ. વિદ્યા વાદ-વિવાદ વગર શક્ય નથી. આમ, વિદ્યાર્થીએ સાથે મળીને, ચર્ચા કરીને જ્ઞાનને અર્જિત કરવું જોઈએ.

**લક્ષ્યની પ્રાપ્તિ :** જીવનમાં મનુષ્યનું કોઈ લક્ષ્ય હોવું જોઈએ. કેટલાંક વિદ્યાર્થીઓ પોતાના લક્ષ્ય પ્રત્યે બેદરકાર હોય છે. આપણા દેશના રાષ્ટ્રપતિ અને મહાન વિદ્વાન એવા ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણને તેમના પુસ્તક 'યથાર્થની શોધ'માં શિક્ષાનાં લક્ષ્ય આપ્યાં છે જેમાં,

**(૧) સ્વાવલંબન યુક્ત જીવન :** આજના જમાનામાં યુવાનોને નાનામાં નાની વસ્તુ માટે માતા-પિતા પર આધાર રાખવા પડે છે. જ્યારે શિક્ષા અનુસાર આપણું જીવન આત્મનિર્ભર હોવું જોઈએ.

**(૨) જીવન જીવવા માટે આજીવિકા :** એકસો બે કરોડની વસ્તીમાં તેત્રીસ કરોડ તમારા જેવા છે. ગમે તેટલી સારી સુખ-સગવડવાળી શિક્ષા આપવામાં આવે તો પણ છ હજારથી ઉપર આઈ.એ.એસ. ઑફિસર, ચાર હજારથી ઉપર આઈ.પી.એસ. ઑફિસર તેમજ ત્રણ હજારથી વધારે આઈ.એફ.એસ. ઑફિસર બનાવી શકતા નથી. આપણા ભારત દેશમાં ત્રણ કરોડ ચોરાણું લાખ સરકારી કર્મચારીઓ છે. તેમનાથી વધુ લોકોને આપણે સરકારી નોકરી અપાવી શકતા નથી તો, બાકીનાં બાળકોનું-વિદ્યાર્થીઓનું શું ? તો બીજો વિકલ્પ છે રાજકીય નેતા બનવાનો, આ દેશમાં ચાર હજાર એકસો વીસ ધારાસભ્યો અને પાંચસો પિસ્તાલીસ રાજસભાના સભ્ય છે અને સમગ્ર ભારત દેશમાં તેમની સંખ્યા પાંચ હજાર ત્રણસો છે. એક ધારાસભ્યની પાછળ એક હજારથી વધારે કાર્યકરો ન રાખી શકાય. તો પછી અન્ય લોકોનું શું ?

ત્રીજો વિકલ્પ છે સાધુ-સંત બનવાનો. ઈ.સ. ૧૯૯૯માં તારણ કાઢતાં ખ્યાલ આવ્યો કે, હિન્દુસ્તાનમાં એંશી હજાર મંદિરો અને સત્તાવન લાખ સાધુ-સંતોની ફોજ છે. આપણા દેશમાં દસ લાખ લશ્કરી લોકો છે. આમ, રાજકીય નેતા, ધાર્મિક નેતા અને સરકારી કર્મચારી મળીને ત્રણ કરોડથી ઉપર નહિ થાય અને આ ત્રણ કરોડ લોકો ભેગા થઈને સો કરોડની જનતા પર શાસન કરી રહ્યા છે. જેમ કે, આલ્બર્ટ આઈન્સ્ટાઈન તેમના પુસ્તક ***'The Story of My Life'*** (પેજ નં. ૧૧૭) માં જણાવે છે કે, "મનુષ્ય પોતાના મગજનો માત્ર ત્રણ ટકા ઉપયોગ કરે છે, જ્યારે સત્તાણું ટકા કોષો મૃત રહે છે." તો સો કરોડની વસ્તીમાં ત્રણ ટકા નેતા અને સત્તાણું ટકા તેઓને અનુસરતાં હોય છે.

ઈ.સ. ૧૬૦૯માં અંગ્રેજોએ ચીનમાં જઈને અફીણનો વેપાર શરૂ કર્યો. જેમાંથી ત્યાંના લોકો નાશ પામ્યા અને તે દરમ્યાન થયેલા માઓ ત્સે તુંગે બેઈજિંગમાં સૂત્ર આપ્યું કે, 'પ્રત્યેક હાથને કામ, પ્રત્યેક ખેતરને પાણી, પ્રત્યેક બાળક એન્જિનિયર, પ્રત્યેક ઘર કારખાના.' આ ચાર સૂત્રોના અમલથી તેઓ મહેનત તરફ વળ્યા અને આર્થિક ઉપાર્જનનો માર્ગ શોધ્યો. ઓગણીસમી શતાબ્દીમાં ચીનના લોકો માંસાહારી બન્યા અને આજે તેઓ સમગ્ર વિશ્વને સફરજન ખવડાવી રહ્યા છે. આમ, ત્યાંના લોકોએ સાબિત કર્યું છે,

'हर कदम आगे बढेंगे ए वतन तेरे लिए
हम कडी महेनत करेंगे ए वतन तेरे लिए.'

મહાત્મા ગાંધીએ પાયાની વાત કહી કે, દરેક સ્થળે શિક્ષણ હોવું જોઈએ જેથી આપણે આપણા જીવનને ચલાવી શકીએ. આપણા દેશમાં રાષ્ટ્રીયતા અને રાષ્ટ્રભક્તિ હોવી જોઈએ.

આજે આપણે હિંદુ છીએ, મુસલમાન છીએ, શીખ-ખ્રિસ્તી છીએ પણ હિન્દુસ્તાની નથી - ભારતીય નથી. દુનિયાના મહાન શિક્ષણશાસ્ત્રી ડગ્લર્સ હર્ડ લુઈએ ૧૮મી શતાબ્દીમાં થયેલા અત્યાચારના વિનાશથી ચિંતન કર્યું કે, આ શિક્ષણનો આધાર કેવો રાખવો જોઈએ. તો તેના અનુસંધાનમાં ઈ.સ. ૧૭૯૩માં શિક્ષણના કેટલાક સિદ્ધાંત આપ્યા.

**(૩) સમાનતા :** અમીર અને ગરીબ બાળકને સમાન શિક્ષણ મળવું જોઈએ. જેમ શ્રીકૃષ્ણ અને સુદામાએ લીધું હતું, આમ સમાનતાથી જ 'વૈશ્વિક ભાઈચારો' વધે છે.

ધર્મ વિશે જણાવતાં તેઓ કહે છે કે, ઈસ્લામ ધર્મ જેનો અર્થ છે 'શાંતિની સ્થાપના' કુરાનમાં ૩૦ પારા, ૧૧૪ સુરત અને ૬૨૩૬ આયાત રહેલા છે. ઈસ્લામમાં સંદેશો છે કે, "જ્યાં સુધી આપણે દુનિયાના દરેક માનવીને ભાઈ નહીં સમજીએ ત્યાં સુધી આપણે પ્રામાણિક નહીં બની શકીએ." પણ આનો અમલ ન થવાથી જ દુનિયામાં અશાંતિ, આતંક, નફરત ફેલાય છે.

દુનિયામાં અમેરિકા, ઈંગ્લેન્ડ, ફ્રાન્સ, જર્મની, જાપાન, ઈટલી, કેનેડા 'જી-સેવન'થી ઓળખાય છે. તેમની આબાદી અઢાર ટકા અને

બ્યાસી ટકા કુદરતી સમ્પત્તિ પર તેમનો અધિકાર છે અને તેમની પાસે પચાસ ટકા ટેક્નોલૉજી છે. જ્યારે બ્યાંસી ટકા લોકો પાસે એક ટકો ટેક્નોલૉજી અને અઢાર ટકા પ્રકૃતિસંપદા પર અધિકાર હોય છે. જેને 'પી-ફાઈવ' તરીકે ઓળખવામાં આવે છે. તેમાં અમેરિકા, રશિયા, ફ્રાન્સ, ચીન, ઇંગ્લૅન્ડનો સમાવેશ થાય છે. જેમાં અમેરિકા પાસે ૮૬૦૭, રશિયા પાસે ૬૨૪૦, ફ્રાન્સ પાસે ૪૫૦, ચીન પાસે ૪૦૦ અને ઇંગ્લૅન્ડ પાસે ૨૮૦ પરમાણુ બોમ્બ છે. આ પી-ફાઈવ દેશના લોકો દુનિયામાં 'માનવ અધિકાર'ની વાતો કરે છે. પરંતુ અમેરિકા દર વર્ષે ચાર મિલિયન ડૉલર મિસાઈલ પર, તેત્રીસ મિલિયન ડૉલર અંતરીક્ષ પર, એકસો એંસી મિલિયન ડૉલર કમ્પ્યૂટર ક્ષેત્રે અને નવસો પચાસ અબજ ડૉલર સંરક્ષણક્ષેત્રે ખર્ચ કરે છે. પણ, તેમને કોણ સમજાવે કે, તમે જેટલું હથિયાર, કમ્પ્યૂટર પર ખર્ચ કરો છો તેના દશથી પંદર ટકા દેશ પર ખર્ચ કરવો જોઈએ. 'બાઈબલ'માં જણાવવામાં આવ્યું છે કે, ''જે તમે પોતાના માટે ઇચ્છો તે અન્ય વ્યક્તિ માટે પણ ઇચ્છો.'' જો આનું અનુસરણ કરવામાં આવે તો એકસો દસ કરોડની વસ્તીમાં કોઈ વ્યક્તિ કપડાં વગર નહીં રહે, દવા વગર કોઈનું મૃત્યુ નહીં થાય, રોટી વગર કોઈ ભૂખ્યો નહીં સૂઈ રહે અને મકાન વગર કોઈ ગરીબ ઝૂંપડીમાં નહીં રહે.

ઈ.સ. ૧૯૯૨માં રિયો શિખર સંમેલનમાં અમેરિકાના રાષ્ટ્રપતિ બુશે આદેશ આપ્યો કે, ***'American life is not for negotiation'*** અમેરિકાના લોકો પોતાની જીવનશૈલીમાં પરિવર્તન તો શું પણ, તેના વિશે વિચાર સુધ્ધાં નહીં કરે. તો શિક્ષણ અહંકાર માટે નહીં પણ સૌમ્યતા માટે હોવું જોઈએ.

પારસી ધર્મના 'દાબિસ્તારે દિનિક' કહે છે કે, ''જે સ્વભાવ આપણને સારો લાગે છે તે જરૂરી નથી કે બીજાને પણ યોગ્ય લાગે. બધાંને જીવન જીવવાની સ્વતંત્રતા હોવી જોઈએ.''

જૈન ધર્મના પ્રવર્તક, તીર્થંકર મહાવીર કહે છે કે, ''તમે કોઈની સાથે ઘૃણા, નફરત ન કરો, કારણ કે તે મનુષ્ય પણ આપણી સાથે તેવો વ્યવહાર કરે છે : જીવો અને જીવવા દો, સર્વને જીવવાનો હક આપો.''

શીખ ધર્મના ગુરુ અર્જુનદેવ 'ગુરુગ્રંથ'માં ગુરુવાણીમાં કહે છે કે, ''પ્રત્યેક મનુષ્યની અંદર ઈશ્વર રહેલો હોય છે. આપણે લોકતંત્રને વૈશ્વિક ભાઈચારાથી જ સુરક્ષિત કરી શકીશું.'' તો આપણે હિંદુ, મુસલમાન, શીખ નથી બનવાનું પણ હિન્દુસ્તાની-ભારતીય બનવાનું છે.

ત્યાર બાદ ***'Harmonious Development'*** સર્વાંગી વિકાસ, દરેક વ્યક્તિનો શારીરિક, માનસિક, આર્થિક, સામાજિક વિકાસ થવો જોઈએ. અમેરિકન મહાન તત્ત્વચિંતક ઈમર્સન કહે છે કે, જે વ્યક્તિ વ્યાયામ માટે સમય નથી ફાળવી શકતો તેને ડૉક્ટર માટે સમય ફાળવવો પડે છે. જો ડૉક્ટર માટે સમય ન કાઢવો હોય તો નિત્ય કસરત કરવી જોઈએ. તેઓ કહે છે કે, ''સ્વસ્થ શરીરમાં સ્વસ્થ મનનું નિર્માણ થાય છે.'' ***"A Sound Mind in Sound body".***

ચોથી વાત કહી ***'Scientific base'*** **વૈજ્ઞાનિક આધાર.**

આજના યુવાનો દેશનું ભવિષ્ય છે. જો માતા-પિતા વિદ્વાન હોય, ગુણવાન હોય તો જરૂરી નથી કે તેમનાં સંતાનો પણ તેવાં જ હોય. માતા-પિતાએ એક વર્ષથી પાંચ વર્ષ બાળકને પ્રેમ કરવો, પાંચ વર્ષથી સત્તર વર્ષ સુધી શિસ્ત માટેનો આગ્રહ, સત્તર વર્ષથી પચીસ વર્ષ સુધી મિત્રવત્ વર્તવું જોઈએ.

તો, મિત્રો તમારી ઉંમરના યુવાનોને યોગ્ય શિક્ષણ, યોગ્ય માર્ગદર્શન અને યોગ્ય પ્રેરણાની આવશ્યકતા છે અને દુનિયાના દરેક વ્યક્તિએ દેશ-રાષ્ટ્રની પરિસ્થિતિને સમજીને સંસારમાં પોતાનું સ્થાન બનાવવું જોઈએ.

**વક્તવ્ય : સંકલન : પ્રા. ઝરમર પંડ્યા : ૦૭-૦૨-૨૦૦૪**


SAMARPAN GAURAV PURASKAR










SAMARPAN EXPERT LECTURES


SAMARPAN STUDENT DEVELOPMENT PROGRAMMES

## SAMARPAN ACADEMIC AND EXTENSION DISTINCTIVENESS OF FACULTY MEMBERS



## SAMARPAN STUDENT ORIENTATION




SAMARPAN STUDENT REPRESENTATIVE COUNCIL


SAMARPAN CELEBRATION OF NATIONAL DAYS


SAMARPAN N.S.S. ACTIVITIES



# SAMARPAN ANNUAL FUNCTION
## (VARSHIKOTSAV)










# ગુજરાત યુનિવર્સિટી, એલિસબ્રિજ, ઉત્તર વિભાગ

## યુવક મહોત્સવ-૨૦૧૯

યજમાન

**સમર્પણ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, ગાંધીનગર**

## અભિવ્યક્તિ

માનવીય સંવેદનાનો વિસ્તાર

**તારીખ : ૬, ૭ સપ્ટેમ્બર ૨૦૧૯**



યુવક મહોત્સવ શુભારંભ : આદરણીય શ્રી શંકરસિંહજી વાઘેલાબાપુ, શ્રી જય વસાવડા, શ્રી વી. કે. ચાવડા, ડૉ. અનિલ નાયક, શ્રી સમીરભાઈ જાની, શ્રી જે. એસ. પ્રજાપતિ અને સાંસ્કૃતિક સમિતિ સહસંયોજક ડૉ. મનીષા રબારી (તા. ૬-૯-૨૦૧૯)



યુવક મહોત્સવ વ્યવસ્થાપન મીટિંગ : તા. ૧૪-૮-૨૦૧૯
શ્રી વી. કે. ચાવડા (કાર્યક્રમ અધિ. ગુજ. યુનિ.), શ્રી એમ. ડી. પાંડે (રજિ. સમર્પણ એજ્યુ. એન્ડ રિસર્ચ કેમ્પસ)



મહાનુભાવોનું સ્વાગત કરનાર વિદ્યાર્થીઓ સાથેની તસ્વીર
તા. ૬-૯-૨૦૧૯





બીજરૂપ ઉદ્બોધન : શ્રી જય વસાવડા — યુવક મહોત્સવ ઉદ્ઘાટન સત્ર : તા. ૬-૯-૨૦૧૯ — પ્રમુખીય વક્તવ્ય : આદરણીય શંકરસિંહ વાઘેલાબાપુ
મહાનુભાવો : ડૉ. અનિલ નાયક (વા.ચા. હેમચંદ્રાચાર્ય ઉ.ગુ.યુનિ.), આદરણીય શંકરસિંહ વાઘેલાબાપુ, આદરણીય મહેન્દ્રસિંહ વાઘેલા સર, ડૉ. સમીરભાઈ જાની



યુવક મહોત્સવ ૨૦૧૯-૨૦ : ઉદ્ઘાટન બેઠકમાં
આચાર્યશ્રી દીપક પંડ્યાનું સ્વાગત ઉદ્બોધન : તા. ૬-૯-૨૦૧૯



યુવક મહોત્સવ સમાપન સમારોહ : રાષ્ટ્રગીત સન્માન
ઉપસ્થિત મહાનુભાવો : શ્રી જગદીશ ભાવસાર (પ્રો. વા. ચા. ગુજ. યુનિ.), આદરણીય મહેન્દ્રસિંહ વાઘેલા, આદરણીય ભરતસિંહ વાઘેલા, શ્રી વી. કે. ચાવડા (કાર્યક્રમ અધિકારી) તા. ૭-૯-૨૦૧૯



યુવક મહોત્સવ વિદ્યાર્થી પ્રસ્તુતિ - તા. ૭-૯-૨૦૧૯



યુવક મહોત્સવ વિદ્યાર્થી પ્રસ્તુતિ - તા. ૬-૯-૨૦૧૯




**Shri Shankersinhji Vaghela, Managing Trustee, Gandhinagar Charitable Trust Welcomes NAAC Peer Team Members**




**Interaction with college management : Managing Trustee Shri Shankersinhji Vaghela, Dr. P. K. Mehta, Trustee and Former Pro. VC IGNOU, Dr. Kishorsinh Solanki, Trustee GCT, Shri Mahendrasinh Vaghela, Trustee, Shri Bharatsinh Vaghela, Trustee GCT, Dr. J. S. Prajapati, Former Principal I/c of SACC, Dr. Rucha Brahmbhatt, IQAC Co-ordinator**



Welcoming Peer Team of Tolani Commerce College, Adipur, Kutch (Mock-Round)



Peer Team member of Tolani Commerce College interacting with faculty members of SACC (Mock-Round)



Welcoming the NAAC PEER Team members by Trustee Shri Mahendrasinh Vaghela



Shri Mahendrasinh Vaghela, Trustee, GCT, Dr. M. D. Pande, Register SERC; Dr. Dipak Pandya, Principal, SACC, Dr. Hemant Vaishnav, Vice-Principal SACC and Dr. Rucha Brahmbhatt, IQAC Co-ordinator Welcoming the NAAC PEER Team members



Discussion with NAAC PEER Team members



Principal Dr. Dipak Pandya's Presentation on College activities and achievements at NAAC Peer Team Visit



NAAC Peer Team Chairperson, Dr. Radhamadhav Dash, Co-ordinator Dr. Ratna Kumari, Member Dr. Sridhara Shetty being introduced to current students of college by Dr. Rucha Brahmbhatt, IQAC Co-ordinator



Interaction of NAAC Peer Team with Current Students of the College




**Observations and feedback from the NAAC Peer Team members at the Exit Meeting (6th March 2019)**




**Handing Over the Peer Team Report**

# અધ્યાપકોનો પરિચય



## સમર્પણ કૉલેજના વર્તમાન આચાર્ય
## ડૉ. દીપક પંડ્યા

મૂર્ધન્ય કવિ શ્રી ઉમાશંકર જોશી જે પ્રદેશ અને સમાજનું સંતાન, એ ઉત્તર ગુજરાત - સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકામાં આવેલા, ખારી નદીને કાંઠે વસેલા ઘડી ગામે ત્રિવેદી મેવાડા બ્રાહ્મણ સમાજમાં તા. ૧ જાન્યુઆરી ૧૯૬૬ શુક્રવારે માતા શ્રી શાંતાબેન પંડ્યાની કૂખે ડૉ. દીપક પંડ્યાનો જન્મ થયો. પિતાશ્રી માધવભાઈ પંડ્યા મોડાસા કૉલેજમાં સારસ્વત શ્રી ધીરુભાઈ ઠાકરના વિદ્યાર્થી. તેઓએ ગુજરાતી વિષયમાં એમ.એ., બી.એડ્.ની પદવી પ્રાપ્ત કર્યા બાદ વતનની હાઈસ્કૂલમાં, શિક્ષક તરીકે આજીવન માતૃભાષા ગુજરાતી અને સાહિત્યની ઉપાસના-સેવા કરી. આમ ગુજરાતી ભાષા અને સાહિત્યનું શિક્ષણ ડૉ. દીપક પંડ્યાને વારસામાં મળ્યું.

ઈ.સ. ૧૯૯૨-૯૪ દરમિયાન ગુજરાત યુનિવર્સિટી ભાષાસાહિત્ય ભવનમાંથી ગુજરાતી વિષય સાથે એમ.એ.માં સમગ્ર યુનિવર્સિટીમાં પ્રથમ સ્થાન મેળવી તેઓએ છ સુવર્ણચંદ્રક પ્રાપ્ત કર્યા. ઈ.સ. ૧૯૯૪માં 'આદિવાસી આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, ભિલોડા' ખાતે ગુજરાતી વિષયના પૂર્ણકાલીન અધ્યાપક તરીકે જોડાયા. ઈ.સ. ૨૦૦૦માં તેઓએ UGC-NET પરીક્ષા પાસ કરી. ઈ.સ. ૨૦૦૧માં સારસ્વત શ્રી ડૉ. કુમારપાળ દેસાઈના માર્ગદર્શનમાં 'ગુજરાતી વિવેચન સાહિત્યમાં શ્રી વિશ્વનાથ ભટ્ટનું પ્રદાન : સર્જન અને વિવેચનની વ્યાવર્તકતાના સંદર્ભમાં' વિષય પર સંશોધન કરી ગુજરાત યુનિવર્સિટી દ્વારા પીએચ.ડી.ની પદવી પ્રાપ્ત કરી. ઈ.સ. ૨૦૦૪માં 'સમર્પણ આર્ટસ ઍન્ડ કૉમર્સ કૉલેજ ગાંધીનગર ખાતે જોડાયા. હાલમાં છેલ્લાં ત્રણ વર્ષથી આચાર્ય તરીકેની જવાબદારીઓનું વહન કરી રહ્યા છે.

આ વર્ષો દરમિયાન 'અસ્મિતાપર્વ વાક્-ધારા' (સહસંપાદન, ૨૦૦૮), 'સુંદરમ્ શતાબ્દી વંદના' (સહસંપાદન, ૨૦૦૯), 'અરવલ્લી એક પરિક્રમા' (સંપાદન, ૨૦૦૯), 'સર્જન અને વિવેચનની વ્યાવર્તકતા' (સંશોધન, ૨૦૧૫), 'સુરેશ જોષીની સર્જકતા' (સંશોધન, ૨૦૧૫), 'સુન્દરમ્‌ની કવિતા' (સંશોધન, ૨૦૧૫), 'ઈશાવાસ્યમ્ ઈદમ્ સર્વમ્' (વિવેચન, ૨૦૧૬), 'કથાસ્વાદ' (વિવેચન, ૨૦૧૬), 'સુન્દરમ્ એક અધ્યયન' (સહસંશોધન, ૨૦૧૮), 'અભીપ્સા' (અછાંદસ-ગદ્ય કવિતા, ૨૦૧૮) વગેરે ૨૧ પુસ્તકોનું તેઓએ સંપાદન, સંશોધન, વિવેચન અને સર્જનકર્મ કરેલું છે. તેઓએ તેમની ત્રણ દાયકા જેટલી અધ્યયન-અધ્યાપન-સંશોધન યાત્રા દરમિયાન ૪૨ શોધપત્રો તેમજ ૨૧ વ્યાખ્યાનો રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય પરિસંવાદોમાં રજૂ કર્યા છે. ઉપરાંત વિવિધ સામયિકો અને પુસ્તકોમાં તેઓના ૨૦ લેખો પણ પ્રકાશિત થયેલા છે. વળી તેઓએ ૨૪ ફેકલ્ટી ડેવલપમેન્ટ પ્રોગ્રામમાં ભાગ લીધો છે. ગુજરાત યુનિવર્સિટી દ્વારા તેઓને પીએચ.ડી. શોધછાત્રોના માર્ગદર્શક તરીકેની માન્યતા પ્રાપ્ત થયેલી છે. હાલમાં ૬ પીએચ.ડી. શોધછાત્રો તેઓ પાસે માર્ગદર્શન મેળવી શોધકાર્ય કરી રહેલ છે.

સાથે સાથે તેઓશ્રી અરવિંદ કેન્દ્ર, ગાંધીનગર ખાતે તેમજ કવિ શ્રી ઉમાશંકર જોશી સ્મૃતિ ટ્રસ્ટ, ભિલોડા ખાતે ટ્રસ્ટીશ્રી તરીકેની જવાબદારી પણ વહન કરી રહ્યા છે. ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી, ગાંધીનગર ખાતે 'માતૃભાષા ગુજરાતી અભ્યાક્રમ સમિતિ'માં પરામર્શકશ્રી તરીકે તેમજ ગુજરાત રાજ્ય પાઠ્યપુસ્તક મંડળમાં પણ તેઓએ તજ્જ્ઞશ્રી તરીકે સેવાઓ આપેલ છે. ઈન્ટરનેશનલ લાયન્સ ક્લબ ગાંધીનગર શાખાના બોર્ડ ઑફ ડિરેક્ટર તરીકે પણ તેઓ કાર્યરત છે. ઉપરાંત ઈન્દિરા ગાંધી નૅશનલ ઓપન યુનિવર્સિટી - IGNOU STUDY CENTER 0911 ના કૉ-ઑર્ડિનેટર તરીકેની જવાબદારી સંભાળી રહ્યા છે.

'અસ્મિતાપર્વ વાક્-ધારા' સહસંપાદનકાર્ય માટે પૂજ્ય શ્રી મોરારિબાપુના વરદ્‌હસ્તે શાલ ઓઢાડી સન્માન (ઈ.સ. ૨૦૦૮) પ્રાપ્ત થયેલ છે. તેમજ ગાંધીનગર ચેરિટેબલ ટ્રસ્ટના મૅનેજિંગ ટ્રસ્ટી અને ગુજરાત રાજ્યના પૂર્વ મુખ્યમંત્રી આદરણીય શ્રી શંકરસિંહજી વાઘેલાબાપુના હસ્તે 'સમર્પણ ગૌરવ સન્માન (ઈ.સ. ૨૦૧૮) પ્રાપ્ત થયેલું છે. ઉપરાંત ઈન્ટરનેશનલ રેડક્રોસ સોસાયટી તરફથી તેઓને વર્ષ ૨૦૨૦-૨૧ દરમિયાનની COVID-19 વૈશ્વિક મહામારીમાં આપેલ વિશિષ્ટ સેવાઓ માટે 'કોરોના વોરિયર્સ'નું પ્રમાણપત્ર અર્પણ કરવામાં આવેલ છે.



શાલ ઓઢાડી સન્માન : પૂજ્ય શ્રી મોરારિબાપુનાં વરદ્ હસ્તે 'અસ્મિતાપર્વ વાક્ધારા' ભાગ-૧થી ૧૦ સંપાદન કાર્ય નિમિત્તે, શ્રી હનુમાન જયંતી (ઈ.સ. ૨૦૦૮) મુ. તલગાજરડા, મહુવા




'અસ્મિતાપર્વ વાક્ધારા' ભાગ-૧થી ૧૦ પ્રાગટ્ય, વિશેષ ઉપસ્થિતિ પૂજ્ય મોરારિબાપુ અને જ્ઞાનપીઠ પુરસ્કૃત કવિ શ્રી રાજેન્દ્ર શાહ, શ્રી હનુમાન જયંતી (ઈ.સ. ૨૦૦૮) મુ. તલગાજરડા, મહુવા



સુવર્ણચંદ્રક અર્પણ : અનુસ્નાતક પદવી - ગુજરાતી વિષયમાં પ્રથમ ક્રમ પ્રાપ્તિ નિમિત્તે વિશેષ ઉપસ્થિતિ : શ્રી એહમદી (પૂર્વ મુખ્ય ન્યાયમૂર્તિ - સુપ્રીમ કોર્ટ) તા. ૩૦-૧૦-૧૯૯૪, ગુજ.યુનિ., અમદાવાદ



'સમર્પણ ગૌરવ સન્માન' આદરણીય શ્રી શંકરસિંહ વાઘેલાબાપુના વરદ્ હસ્તે તા. ૫ સપ્ટેમ્બર, ૨૦૧૮, સમર્પણ કૉલેજ, ગાંધીનગર



'સુન્દરમ્ : એક અધ્યયન' સંશોધન ગ્રંથનું પ્રાગટ્ય : વિશેષ ઉપસ્થિતિ : ડૉ. સતીશ વ્યાસ (પૂર્વ અધ્યક્ષ ગુજરાતી વિભાગ, ભાષા-સાહિત્ય ભવન, ગુજ.યુનિ. અમદાવાદ) તા. ૫ સપ્ટે. ૨૦૧૮, સમર્પણ કૉલેજ, ગાંધીનગર



'અભીપ્સા' કાવ્યસંગ્રહનું પ્રાગટ્ય - વિશેષ ઉપસ્થિતિ : કવિશ્રી રાજેન્દ્રભાઈ પટેલ અને ચરિત્રકાર શ્રી જ્યોતિબેન થાનકી, તા. ૧૩-૦૧-૨૦૧૮, શ્રી અરવિંદ કેન્દ્ર, ગાંધીનગર



NAAC પ્રમાણપત્ર અર્પણ : વિશેષ ઉપસ્થિતિ : શ્રી મહેન્દ્રસિંહ વાઘેલા (ટ્રસ્ટીશ્રી ગાંધીનગર ચેરિટેબલ ટ્રસ્ટ) અને ડૉ. એમ. ડી. પાંડે (રજિસ્ટ્રાર-સમર્પણ ઍજ્યુકેશન ઍન્ડ રિસર્ચ કૅમ્પસ) તા. ૩૧-૦૩-૨૦૧૯, સમર્પણ કૉલેજ, ગાંધીનગર



સન્માનપત્ર અર્પણ : ગુજ. યુનિ. યુવક મહોત્સવ આયોજન નિમિત્તે, ઉપકુલપતિ શ્રી જગદીશભાઈ ભાવસારના વરદ્ હસ્તે (તા. ૧૪-૦૯-૨૦૧૯, ગુજ.યુનિ. અમદાવાદ)



## ડૉ. હેમંત વી. વૈષ્ણવ

**એસોસિએટ પ્રોફેસર, સંસ્કૃત વિભાગ**

**(ઉપાચાર્યશ્રી)**

પ્રો. ડૉ. હેમંત વૈષ્ણવે તેમની કારકિર્દીની શરૂઆત ડિસેમ્બર ૧૯૯૧માં પંચમહાલની માલવણ આર્ટ્સ કૉલજ, પંચમહાલમાં પૂર્ણસમયના સંસ્કૃતના વ્યાખ્યાતા તરીકે કરી. ત્યાર બાદ સપ્ટેમ્બર ૨૦૦૯માં સી. બી. પટેલ આર્ટ્સ કૉલેજ, નડિયાદમાં એસોસિએટ પ્રોફેસર તરીકે કામગીરી કરી. ઑગસ્ટ ૨૦૧૪થી સમર્પણ આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, ગાંધીનગરમાં સંસ્કૃત વિભાગમાં પૂર્ણ સમયના એસોસિએટ પ્રોફેસર તરીકે સેવા આપી રહ્યા છે. તેમનો કુલ શૈક્ષણિક અનુભવ ૨૯ વર્ષનો છે. તેઓએ માલવણ આર્ટ્સ કૉલેજમાં એક વર્ષનો કાર્યકારી આચાર્ય તરીકેનો વધારાનો કાર્યભાર સંભાળ્યો છે અને અત્યારે સમર્પણ આર્ટ્સ અને કૉમર્સ કૉલેજમાં વર્ષ ૨૦૧૮ જુલાઈથી ઉપાચાર્ય તરીકેની કામગીરી પણ સંભાળે છે. આ ઉપરાંત કોલેજમાં આ વર્ષે શરૂ કરેલા પી. જી. સેન્ટરના ઈન્ચાર્જ તરીકે પણ કામગીરી કરી રહ્યા છે.

તેઓએ ૧૯૯૬માં ગુજરાત યુનિવર્સિટીની અનુસ્નાતક શિક્ષક તરીકેની માન્યતા પ્રાપ્ત કરી છે. અમદાવાદની એચ. કે. આર્ટ્સ કૉલજ અને પંચમહાલની લુણાવાડા આર્ટ્સ કૉલેજમાં અનુસ્નાતક કક્ષાએ સતત ૧૮ વર્ષ સુધી અધ્યાપન કાર્ય કર્યું છે.

ડૉ. હેમંત વૈષ્ણવે અમદાવાદની ખ્યાતનામ એચ. કે. આર્ટ્સ કૉલજમાં સ્નાતકનો અભ્યાસ કરીને ગુજરાત યુનિવર્સિટીમાંથી સંસ્કૃત સાથે બી.એ.ની પદવી પ્રાપ્ત કરી છે. અનુસ્નાતક કક્ષાએ પણ એચ. કે. આર્ટ્સ કૉલેજમાં અભ્યાસ કરીને ગુજરાત યુનિવર્સિટીમાંથી એમ.એ.ની પદવી પ્રાપ્ત કરી છે. આ ઉપરાંત ડૉ. હેમંત વૈષ્ણવે સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભવિદ્યાનગર, આણંદ ખાતે સંસ્કૃત વિભાગના અધ્યક્ષ ડૉ. નિરંજનભાઈ પી. પટેલના માર્ગદર્શન હેઠળ સંસ્કૃત દર્શનશાસ્ત્રોમાં શિરમોર એવા વેદાંતદર્શનના રામાનુજવેદાંત (વિશિષ્ટાદ્વૈતવેદાંત) પર શ્રીરામાનુજાચાર્ય દ્વારા બ્રહ્મસૂત્ર પર લખાયેલ લઘુભાષ્ય 'વેદાંતદીપ'ને ધ્યાનમાં રાખીને, 'શ્રી રામાનુજાચાર્ય પ્રણીત વેદાંતદીપ એક અધ્યયન' વિષય પર સંશોધનકાર્ય કરીને પીએચ.ડી.ની પદવી પ્રાપ્ત કરી છે.

તેઓએ શૈક્ષણિક વર્ષ ૨૦૦૦-૨૦૦૧થી ૨૦૦૩-૨૦૦૪ સુધી ગુજરાત યુનિવર્સિટીની સંસ્કૃત અભ્યાસ સમિતિના સભ્ય તરીકે સક્રિય કામગીરી કરી છે અને સંસ્કૃતના અભ્યાસમાં આવશ્યક સુધારા વધારા માટે અમૂલ્ય સૂચનો કર્યાં છે, જે સર્વસ્વીકૃત થયાં છે.

આ ઉપરાંત L. D. Indology, અમદાવાદ, શેઠ પી. ટી. શાહ આર્ટ્સ કૉલેજ, ગોધરા, માલવણ આર્ટ્સ કૉલેજ, માલવણમાં યોજાયેલ સેમિનારમાં બીજરૂપ વ્યાખ્યાન રજૂ કર્યા. આ ઉપરાંત ગુરુગોવિંદ યુનિ. સંસ્કૃત વિદ્યાલય દ્વારા વેબિનારમાં તજ્જ્ઞ વ્યાખ્યાન આપેલ છે.

તેઓનાં અત્યાર સુધીમાં ત્રણ પુસ્તકો પ્રકાશિત થયાં છે. જેમાં કૌટિલ્ય અર્થશાસ્ત્ર (અધિકરણ ૧ અને૭) મુખ્ય છે. આ ઉપરાંત ડૉ. હેમંત વૈષ્ણવના ૬ લેખ જુદાં જુદાં સામયિક અને જુદાં જુદાં પુસ્તકોમાં પ્રકાશિત થઈ ચૂક્યા છે અને લગભગ ૬૦ જેટલા સેમિનાર વર્કશોપમાં હાજરી આપીને ૪૫ જેટલા સંશોધનલેખ અને અભ્યાસલેખ પ્રસ્તુત કર્યા છે. સ્વવિકાસ માટે ડૉ. હેમંત વૈષ્ણવે સરદાર પટેલ યુનિવર્સિટી, ગુજરાત યુનિવર્સિટી, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી તેમજ કેસીજી-અમદાવાદ દ્વારા આયોજિત વિવિધ વર્કશોપ અને ટ્રેનિંગ પ્રોગ્રામમાં ભાગ લઈને તેમનું અધીત તેજ કરવાનો પ્રયત્ન કર્યો છે.

તેઓને સંતરામ મંદિર, નડિયાદ તરફથી શોધકાર્ય માટે સન્માન પ્રાપ્ત થયું છે. આ ઉપરાંત આર્ષ ગુરુકુળ રાજસ્થાન તરફથી પણ સન્માન પ્રાપ્ત થયેલું છે. બાપુશ્રી શંકરસિંહજી વાઘેલા તરફથી 'સમર્પણ ગૌરવ' પુરસ્કાર પ્રાપ્ત થયેલો છે. શ્રી વૈષ્ણવ કેળવણી મંડળ અમદાવાદ તરફથી પણ ડૉ. હેમંત વૈષ્ણવને સન્માન પ્રાપ્ત થયેલું છે.

ડૉ. હેમંત વૈષ્ણવ અત્યારે સમર્પણ કૉલેજની વિવિધ સમિતિઓ જેવી કે આંતરિક પરીક્ષા અને યુનિવર્સિટી પરીક્ષા સમિતિ (કન્વીનર), કૉલેજ IQAC કોર કમિટીના સભ્ય, સર્ટિફિકેટ કોર્સ સમિતિના સભ્ય, કૉલેજ ટાઈમ ટેબલ સમિતિ, હેલ્થ અને યોગ સમિતિમાં કાર્યરત છે.

તેઓશ્રીએ શૈક્ષણિક વર્ષ ૨૦૧૯-૨૦માં સમર્પણ કૉલેજના યજમાનપદે યોજાયેલા ગુજરાત યુનિવર્સિટી યુવક મહોત્સવ 'અભિવ્યક્તિ'ની ૧૪ ઈવેન્ટનું સફળતાપૂર્વક સંચાલન કર્યું. જેમાં લોકનૃત્ય, ગરબા, સુગમ સંગીત, ઈન્સ્ટ્રુમેન્ટલ વગેરે સ્પર્ધાઓનો સમાવેશ થાય છે.



'સમર્પણ ગૌરવ' પુરસ્કારનો પૂર્વ વી. સી. પ્રો. કે. એસ. શાસ્ત્રીસાહેબના વરદ્ હસ્તે સ્વીકાર કરતાં ડૉ. હેમંત વૈષ્ણવ (તા. ૫-૯-૨૦૧૮)



નેક પીઅરટીમ પૂર્વેના મોકરાઉન્ડમાં ટીમના સભ્યશ્રીઓ સમક્ષ PPT પ્રેઝન્ટેશન કરતા ડૉ. હેમંત વૈષ્ણવ



'અભિવ્યક્તિ' યુવક મહોત્સવ ૨૦૧૯માં ગરબા અને લોકનૃત્યમાં સંચાલન અંતર્ગત સ્ટેજ કમિટિનાં સભ્યશ્રીઓ સાથે ડૉ. હેમંત વૈષ્ણવ અને ડૉ. રમીલા પટેલ



'સાહિત્યિક કૃતિઓનો રસાસ્વાદ' વિષય પર યોજાયેલ સેમિનારના ઉદ્‌ઘાટન પ્રસંગે ઉપસ્થિત આદરણીય ટ્રસ્ટી શ્રી મહેન્દ્રસિંહ વાઘેલા, ડૉ. વિજય પંડ્યા (રાષ્ટ્રપતિ એવોર્ડ પ્રાપ્ત), ડૉ. હર્ષદેવ જાની 'માધવ' (ગુજરાત ગૌરવ પુરસ્કૃત), પ્રિ. દીપક પંડ્યા તથા અન્ય સાથે ઉદ્‌બોધન કરતા ડૉ. હેમંત વૈષ્ણવ



'વાર્ષિકોત્સવ' ૨૦૧૯માં પ્રા. સમીમ ઘાંચી, પ્રા. મિત્તલ ચાવડા તથા પ્રા. દર્શન પુરાણીને સર્ટીફિકેટ આપતા ડૉ. હેમંત વૈષ્ણવ



આદિવાડા મુકામે યોજાયેલ NSS કેમ્પ ૨૦૧૯માં સ્વચ્છતા અભિયાનનું ઉદ્‌ઘાટન કરતા રજીસ્ટ્રારશ્રી પાંડેસાહેબ, પ્રિ. ડૉ. દીપક પંડ્યા સાથે ડૉ. હેમંત વૈષ્ણવ (તા. ૨૮-૧૧-૨૦૧૯)



'વિશ્વયોગ દિવસ' તા. ૨૧-૬-૨૦૧૯ના રોજ 'સહજયોગ' સંસ્થાનના સહકારથી યોજાયેલ કાર્યક્રમમાં ઉદ્‌બોધન કરતા ડૉ. હેમંત વૈષ્ણવ




વિશ્વયોગ દિવસ ૨૦૨૦ : તજ્જ્ઞ વક્તા તરીકે ડૉ. હેમંત વૈષ્ણવ (તા. ૨૧-૬-૨૦૨૦) ઑનલાઈન કાર્યક્રમનું સંચાલન કરતા પ્રા. શ્વેતા પંવાર



# Dr. Rucha A. Brahmbhatt

## Head of English Department

(Former Officiating Principal)

Dr. Rucha Brahmbhatt started her academic career with the Department of English, Samarpan Arts and Commerce College in 1996. She completed M.Phil. and Ph.D. under Professor Dr. Ranjana Harish (Head, Dept. of English, School of Languages, Gujarat University) in the area of Women's Writing. During Ph.D. she was offered position of Associate Researcher at Hadasah-Branderis Insititute, Brandeis University, Massachusetts, USA. In 2019, she completed certificate course on the 'Science of Well Being' offered by Yale University, USA.

She taught at Post Graduate (M.A.) Department of English, University School of Languages, Gujarat University and at Shree H. K. Arts College. Since 2012 she has been guiding Ph.D. Students and until now four students have been conferred the Degree of Ph.D. from Gujarat University. In 2013, she voluntarily joined the editorial team of refereed journal 'Shabdasar' listed on UGC. She has published a numbers of critical articles, translations and few creative works. One of her poems has been published in an anthology by National Library of Poetry (USA) edited by Laura Fiorini and Alyssa Stokes. Dr. Brambhatt has three books on her name.

In 2020, she was appointed as a member on the Ph.D. Expert Panel by School of Liberal Studies, Pandit Deendayal Energy University (PDEU). In 2017, She was nominated on the Women's Development Cell at PDEU. She has rendered her services to Board of Studies in English at Gujarat University and at KCG. She has been serving as the language expert for Gujarat State Board of School Textbooks, Gandhinagar since 2012. She regularly contributes in creating academic e-content on various digital platforms.

Dr. Rucha Brahmbhatt has presented papers at many International and National conferences including her visit to the ASU, USA in 2017.

Her administrative experience in academia includes position of the Officiating Principal of Samarpan Arts and Commerce College from 2013-2018 and cordinator of IGNOU Study Centre-0911 between 2012 and 2018.

Her interest in women's studies extends to her involvement with many NGOs and lectures on women's issues. Her interviews/opinions have been published by reputed women's magazines. She has been regularly invited by All India Radio for the past 30 years to deliver talks on various educational-social awareness issues and for poetry recital on the eve of the Republic Day.



'Samarpan Gaurav Puraskar' Awarded by Hon'ble Shree 'Bapu' (September 05, 2018)



(Magazine) Femina Interview May 2013




Invited at 16th WSC, 2015 : Bangkok - Thailand




At Arizona State University, 2017 as International Research Scholar



At Central Sahitya Akademi National Colloquium, 2011




WILPF - INDIA Seminar, Resource Person, 2010



With Renowned Author Shobha De, 2011



With Renowned Author 'Bama', 2011



# Dr. Rajesh Hargovindbhai Mehta

**Associate Professor, English Department**

(IQAC Co-ordinator)

Dr. Rajesh H. Mehta started his teaching career in 1996 as a Lecturer in English from Shri H. L. Patel Arts and Commerce College, Bhayavadar (Dist. Rajkot). He stood university first in his M. A. examination (APRIL 1996) conducted by Saurashtra University, Rajkot. For his outstanding performance, he has been awarded 'Shri Yogendra Vinayakrai Vasavada Smarak Gold Medal' and 'Shri V. S. Raval Prize'. He completed his dissertation for M. Phil. degree under the supervision of renowned scholar the Late Professor Avadhesh Kumar Singh in 2002. He has been conferred the degree of Ph. D. for his research on 'Critiquing Raja Rao's Critics: A Study' under the guidance of Dr. Sanjay Mukherjee on 13-02-2017 by Saurashtra University, Rajkot. During his academic career he has done two Minor Research Projects with the financial grant of UGC, respectively in the year 1998 and 2011. He has presented research papers in more than a dozen conferences/seminars at various states of India, and participated in a couple of national and international workshops. He has authored more than half a dozen research articles which have been published in anthologies, conference proceedings or journals. He has joined Samarpan Arts and Commerce College on 6th August 2019 as an Associate Professor in English. For his teaching-learning practices and research pursuits, he has been felicitated with Samarpan Gaurav Sanman 2020 by Gandhinagar Charitable Trust on 4th March 2020. Being a coordinator of IQAC, he bears the responsibility of the overall growth and sustenance of quality in the institution.

**Educational Details:**

- M. A. (April-1996) from Department of English, Saurashtra University, Rajkot. (University First)
- M. Phil. (Oct-2002) from Department of English, Saurashtra University, Rajkot. (Under the supervision of Professor Avadhesh Kumar Singh)
- Ph. D. (Feb-2017) from Department of English, Saurashtra University, Rajkot. (Under the guidance of Dr. Sanjay Mukherjee)

**Teaching Experience:**

- Shri H. L. Patel Arts and Commerce College, Bhayavadar. (26th Dec 1996 – 20th March 2006)
- Smt. J. J. Kundalia Commerce College, Rajkot. (21st March 2006 – 5th August 2019)
- Samarpan Arts and Commerce College, Gandhinagar. (6th August 2019 – till date)

**Achievement/Felicitation:**

- Samarpan Gaurav Sanman 2020 by Gandhinagar Charitable Trust.(March 2020)


Felicitation of Samarpan Gaurav Sanman by Former V. C. SGVNU Prof. Daxesh Thaker




Annual Report Presentation on The Annual Day Celebration


Vote of Thanks on the Occasion of FDP in collaboration with GAP



Presentation of AQAR Draft at BGKV


Sharing inputs with the students during an international guest lecture


Awarding students for their outstanding performance during the year 2019-2020


Blood Donation


Receiving Sanitizing Kit during the COVID-19 Pandemic



# પ્રો. શ્વેતા રણજિતસિંહ પંવાર

## આસિસ્ટન્ટ પ્રોફેસર, અંગ્રેજી વિભાગ

(IQAC Asst. Co-ordinator)

પ્રો. શ્વેતા આર. પંવાર વિદ્યાર્થી અવસ્થાથી જ તેજસ્વી બુદ્ધિપ્રતિભા ધરાવે છે. તેમણે વર્ષ ૨૦૦૦માં ગાંધીનગરની સરકારી આર્ટ્સ કૉલેજમાંથી સ્નાતક કક્ષાનો અભ્યાસ કરીને ગુજરાત યુનિવર્સિટીની પરીક્ષા (અંગ્રેજી વિષય) ૭૪% સાથે પાસ કરીને સમગ્ર યુનિવર્સિટીમાં પ્રથમ આવીને ગોલ્ડ મેડલ મેળવ્યો છે. અનુસ્નાતક અભ્યાસમાં પણ એમની તેજસ્વિતા વ્યક્ત થાય છે. તેમણે શૈક્ષણિક વર્ષ ૨૦૦૨માં ગાંધીનગરની સરકારી આર્ટ્સ કૉલેજમાં અંગ્રેજી વિષય સાથે અભ્યાસ કર્યો અને ગુજરાત યુનિવર્સિટીની પરીક્ષા ૬૪% સાથે પ્રથમ વર્ગમાં પાસ કરી છે. શૈક્ષણિક વર્ષ ૨૦૦૪માં એસ. એસ. પટેલ કૉલેજ ઑફ એજ્યુકેશન, ગાંધીનગરથી બી.એડ્.ની પદવી ૮૨% (ફર્સ્ટ ક્લાસ વિથ ડિસ્ટિંક્શન) સાથે પાસ કરીને તેમની વિદ્યા પ્રીતિ પુરવાર કરી છે.

આ ઉપરાંત પ્રો. શ્વેતા આર. પંવારે CCC ની પ્રમાણપત્ર પરીક્ષા ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીમાંથી પાસ કરી છે. તેઓએ કૉલેજમાં અધ્યાપક બનવા માટે અત્યાવશ્યક પરંતુ અત્યંત કઠિન એવી જીસેટ (GSET) ની પરીક્ષા પણ શૈક્ષણિક વર્ષ ૨૦૦૬માં પાસ કરી છે.

પ્રો. શ્વેતા આર. પંવારે તેમની કારકીર્દીની શરૂઆત ગાંધીનગરની સરકારી આર્ટ્સ કૉલેજ તથા પી. કે. ચૌધરી મહિલા આર્ટ્સ કૉલેજમાં વિઝિટિંગ પ્રોફેસર તરીકે જોડાઈને કરી. આ બન્ને સંસ્થામાં તેમણે શૈક્ષણિક વર્ષ ૨૦૦૨થી શૈક્ષણિક વર્ષ ૨૦૦૭ સુધી સેવા આપી છે. ત્યાર બાદ ગાંધીનગર ખાતે સમર્પણ આર્ટ્સ અને કૉમર્સ કૉલેજમાં એપ્રિલ ૨૦૦૭થી આસિસ્ટન્ટ પ્રોફેસર તરીકે જોડાઈને કારકિર્દી આગળ ધપાવી છે. તેઓએ શૈક્ષણિક વર્ષ ૨૦૧૨માં ગુજરાત યુનિવર્સિટીમાંથી અનુસ્નાતક શિક્ષકની માન્યતા પ્રાપ્ત કરી છે. તેઓ ૧૩ વર્ષનો શૈક્ષણિક કાર્યનો અનુભવ ધરાવે છે.

તેઓશ્રીએ અત્યાર સુધીમાં દસથી વધારે રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સેમિનારમાં ભાગ લઈને શોધપત્ર પ્રસ્તુત કર્યા છે. આ ઉપરાંત વિવિધ સામયિક અને પુસ્તકોમાં તેમના પાંચ જેટલા સંશોધન લેખો પ્રકાશિત થઈ ચૂક્યા છે.

પ્રો. શ્વેતા આર. પંવારે આ તેર વર્ષના ગાળા દરમિયાન કૉલેજની વિવિધ સમિતિઓમાં સક્રિય કામગીરી કરી છે. તેઓ પરીક્ષા સમિતિ, વેબસાઇટ સમિતિ જેવી મહત્ત્વની સમિતિમાં સક્રિય રહ્યાં છે. તો હેલ્થ અને યોગ સમિતિ અને ડેલ સમિતિમાં કૉઑર્ડિનેટર તરીકે પણ પ્રશંસનીય કામગીરી કરી છે. વર્તમાન સમયમાં તેઓ કૉલેજની IQAC સમિતિમાં આસિસ્ટન્ટ કૉઑર્ડિનેટર તરીકે સક્રિય રીતે પોતાની ભૂમિકાને ન્યાય આપી રહ્યાં છે. આ ઉપરાંત તેઓ કૉલેજની IQAC કોર કમિટીનાં પણ સભ્ય છે.



આદરણીય શ્રી મહેન્દ્રસિંહ વાઘેલા સરની અધ્યક્ષતામાં મળેલ મીટિંગમાં
કાર્ય આયોજનની રજૂઆત કરતાં પ્રા. શ્વેતા પંવાર



વિદ્યાર્થી સજ્જતા શિબિર (અંગ્રેજી વિભાગ)માં સંચાલન કરતાં પ્રા. શ્વેતા પંવાર
(ડૉ. ગીતા ચૌધરી, પ્રિ. ડૉ. દીપક પંડ્યા સરની ઉપસ્થિતિમાં તા. ૧૦ થી ૧૪-૯-૨૦૧૮



ગુજ. યુનિ. યુવક મહોત્સવ (તા. ૬-૭ સપ્ટેમ્બર ૨૦૧૯)
ઉદ્‌ઘાટન બેઠકનું સંચાલન કરતાં પ્રા. શ્વેતા પંવાર




સમર્પણ ગૌરવ સન્માન સમારંભમાં આદ. શંકરસિંહજી વાઘેલા સર, આદ. મહેન્દ્રસિંહ વાઘેલા સર,
આદ. શાસ્ત્રી સરની ઉપસ્થિતિમાં સંચાલન કરતાં પ્રા. શ્વેતા પંવાર (તા. ૫ સપ્ટેમ્બર, ૨૦૧૮)



હેલ્થ કમિટીના કૉ-ઑર્ડિનેટર તરીકે થેલેસેમિયા કાઉન્સેલિંગ કરતાં
ડૉક્ટર્સ અને વાઇસ પ્રિન્સીપાલ ડૉ. હેમંત વૈષ્ણવ સાથે પ્રા. શ્વેતા પંવાર



નેક પીયર ટીમ-૨૦૧૯ સાથે હેલ્થ કમિટીના કૉ-ઑર્ડિનેટર તરીકે
રજૂઆત કરતાં પ્રા. શ્વેતા પંવાર અને ડૉ. હેમંત વૈષ્ણવ



ગુજ. યુનિ. યુથ ફેસ્ટિવલ ૨૦૧૯ સમાપન સમારંભમાં સંચાલન કરતાં
પ્રા. શ્વેતા પંવાર અને પ્રા. વૈભવ કોઠારી




સમર્પણ વાર્ષિકોત્સવમાં સંચાલન કરતાં
પ્રા. શ્વેતા પંવાર



# Dr. Nitendrakumar Naranbhai Patel
## Head of Economics Department

Prof. Nitendra Patel obtained his Master's degree in 1992. He started his career from J. Z. Shah Arts & H. P. Desai Commerce College, Amroli - Surat, as a part time lecturer from 1st September 1992 to 31st July, 1996. He joined Samarpan Arts & Commerce College, Gandhinagar on 1st August, 1996 as a full time Lecturer in Economics.

He has written more than 20 research papers and presented in at various National level and State level seminars on various topic of Economics. He got recognized as P. G. Teacher in 2004. He has been teaching post graduate students in many years at L.D. Arts College, Navrangpura, Ahmedabad.

He has completed Ph.D. from Gujarat University, on "Impact of Public Deficit on Economic Growth" in August 2019. He served as N.S.S. Programme Officer from 1999-2000 to 2006-2007. Then once again he has been appointed as N.S.S. Programme Officer from 2018-19.

He has given service at Gujarat Vidyapith, Ahmedabad, in 1st term in M.A. Human Resource Development Department as a subject teacher of 'Udyog Sahsikta' in year 2019.

He has been serving as Member of Board of Study in ST. XAVIER'S COLLEGE, (AUTONOMOUS), AHMEDABAD since 1st August 2019.



પીએચ.ડી.ની પદવી પ્રાપ્ત કર્યા બદલ સમર્પણ ગૌરવ પુરસ્કાર - સમર્પણ કૉલેજ ખાતે સંસ્થાના મે.ટ્રસ્ટી શ્રી આદરણીય શંકરસિંહજી વાઘેલાબાપુસાહેબના હસ્તે સ્વીકારતા ડૉ. નિતેન્દ્ર એન. પટેલ (તા. ૪-૩-૨૦૨૦)



વિદ્યાર્થી સજ્જતા શિબિર, સમર્પણ કૉલેજ ખાતે તા. ૧૫-૯-૨૦૧૮ના રોજ ઉદ્‌ઘાટન સમારંભમાં સંબોધન કરતા અર્થશાસ્ત્ર વિભાગના વડા ડૉ. નિતેન્દ્ર પટેલ



નેક પીયર ટીમ પૂર્વે મોક રાઉન્ડમાં અર્થશાસ્ત્ર વિભાગનું પ્રેઝન્ટેશન કરતા ડૉ. નિતેન્દ્ર એન. પટેલ (તા. ૫-૬ માર્ચ ૨૦૧૯)



તા. ૫-૬ માર્ચ ૨૦૧૯ના રોજ નેક પીયર ટીમ વિઝિટનાં સભ્યો સમક્ષ અર્થશાસ્ત્ર વિભાગનું પ્રેઝન્ટેશન કરતા ડૉ. નિતેન્દ્ર એન. પટેલ



એન.એસ.એસ. કેમ્પ ઉદ્‌ઘાટન ૨૦૧૯-૨૦ (મુ. વાવોલ) સંબંધોન કરતાં સમર્પણ કૉલેજના એન.એસ.એસ. પ્રોગ્રામ ઑફિસર ડૉ. નિતેન્દ્ર પટેલ પધારેલ મહેમાન શ્રી નટુભાઈ વર્મા સાહેબ (એન.એસ.એસ. કો-ઓર્ડીનેટર) ગુજ. યુનિ. અમદાવાદ




વાવોલ મુકામે ૨૦૧૯-૨૦માં યોજાયેલ એન.એસ.એસ. કૅમ્પનું ઉદ્‌ઘાટન



(૨૦૧૯-૨૦) જૂન, ૨૦૧૯, સહજ યોગ સંસ્થાના સહયોગથી સમર્પણ સ્કૂલમાં યોજાયેલ યોગ કાર્યક્રમનું સંચાલન કરતા ડૉ. નિતેન્દ્ર એન. પટેલ



એન.એસ. એસ.-વાવોલ કૅમ્પમાં યોજાયેલ મેડિકલ ચેકઅપ માટે પધારેલ ડૉ. હાર્દિક તલાટી ( યુનાઈટેડ ચેરિટેબલ ટ્રસ્ટના વાઈસ પ્રેસિડન્ટ) સાથે



# ડૉ. અલ્પા જે. પટેલ

**અધ્યક્ષ, સંસ્કૃત વિભાગ**

પ્રો. ડૉ. અલ્પા જે. પટેલે તેમની કારકિર્દીની શરૂઆત માર્ચ ૧૯૯૪માં ઉત્તર ગુજરાત યુનિવર્સિટી સાથે સંલગ્ન ઊંઝા કેળવણી મંડળ સંચાલિત ઊંઝા મહિલા કૉલેજમાં સંસ્કૃતના પૂર્ણસમયના વ્યાખ્યાતા તરીકે કરી. ત્યાર બાદ ૨૦૦૬માં સમર્પણ આર્ટ્સ અને કૉમર્સ કૉલેજના સંસ્કૃત વિભાગમાં પૂર્ણ સમયના એસોસિએટ પ્રોફેસર તરીકે અને વિભાગાધ્યક્ષ તરીકે કાર્યભાર સંભાળ્યો. તેમનો કુલ શૈક્ષણિક અનુભવ ૨૬ વર્ષનો છે.

ડૉ. અલ્પા પટેલે વર્ષ ૨૦૦૨માં ઉત્તર ગુજરાત યુનિવર્સિટીની અનુસ્નાતક શિક્ષક તરીકેની માન્યતા પ્રાપ્ત કરી છે તેમણે વિસનગરની એમ. એન. આર્ટ્સ કૉલેજમાં અનુસ્નાતક વિભાગમાં ત્રણ વર્ષ સુધી શિક્ષણકાર્ય કર્યું અને અમદાવાદની નરોડા આર્ટ્સ કૉલેજમાં સતત દસ વર્ષ સુધી અનુસ્નાતક કક્ષાએ અધ્યાપન કાર્ય કર્યું.

ડૉ. અલ્પા પટેલે ઉત્તર ગુજરાત યુનિવર્સિટી સાથે સંલગ્ન વિસનગરની એમ. એન. કૉલેજમાં સ્નાતકનો અભ્યાસ કરીને બી.એ.ની પદવી પ્રાપ્ત કરી છે. ત્યાર બાદ મહેસાણાની બી.એડ્. કૉલેજમાંથી બી.એડ્. ની પદવી પ્રાપ્ત કરી અને પછી ફરી વિસનગરની એમ. એન. કૉલેજમાં અનુસ્નાતક અભ્યાસ કરીને એમ.એ.ની પદવી પ્રાપ્ત કરી. આ ઉપરાંત ડૉ. અલ્પા જે. પટેલે આર્ટ્સ અને કૉમર્સ કૉલેજ - મોડાસાના સંસ્કૃત વિભાગના અધ્યક્ષ ડૉ. વિનોદભાઈ પુરાણીના માર્ગદર્શન હેઠળ 'સંસ્કૃતમાં શક્તિસ્તોત્રો - એક સમીક્ષાત્મક અભ્યાસ' વિષય પર શોધકાર્ય કરીને શૈક્ષણિક વર્ષ ૨૦૧૦માં પીએચ.ડી.ની ઉપાધિ પ્રાપ્ત કરી છે. ડૉ. અલ્પા જે. પટેલના ચાર અભ્યાસલેખો જુદા જુદા મૅગેઝિન અને પુસ્તકોમાં પ્રકાશિત થયા છે. લગભગ ૫૦ જેટલા રાષ્ટ્રીય-આંતરરાષ્ટ્રીય સેમિનાર અને વર્કશોપમાં હાજરી આપીને સંશોધન લેખ પ્રસ્તુત કર્યા છે. સ્વવિકાસ માટે સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, ગુજરાત યુનિવર્સિટી તેમજ કેસીજી, અમદાવાદ દ્વારા આયોજિત વિવિધ વર્કશોપ અને ટ્રેનિંગ પ્રોગ્રામમાં ભાગ લઈને તેમનું અધીત તેજ કર્યું છે.

ડૉ. અલ્પા જે. પટેલને સંસ્કૃત અધ્યાપક મંડળ તરફથી શોધકાર્ય માટે સન્માન પ્રાપ્ત થયું છે. ઉત્તર ગુજરાતના આનર્ત સંસ્કૃત મંડળ તરફથી પણ સન્માન પ્રાપ્ત થયું છે. તેમજ સમર્પણ કોલેજ તરફથી 'સમર્પણ ગૌરવ' સન્માન પ્રાપ્ત થયું છે. આ ઉપરાંત ગુજરાતનાં પ્રથમ મહિલા પૂર્વ મુખ્યમંત્રીશ્રી આનંદીબેન પટેલના વરદ્ હસ્તે તેઓને કન્યા કેળવણી સન્માન પ્રાપ્ત થયું છે.

હાલમાં ડૉ. અલ્પા જે. પટેલ સમર્પણ આર્ટ્સ અને કૉમર્સ કૉલેજમાં કાર્યરત વિવિધ સમિતિઓ જેવી કે CWDC સમિતિ, સાંસ્કૃતિક સમિતિ, પરીક્ષા સમિતિમાં કાર્યરત છે.



કન્યા કેળવણી મહોત્સવમાં માનનીય મુખ્યમંત્રી શ્રી આનંદીબેન પટેલના હસ્તે સન્માન : વસાઈ મુકામે (તા. ૧૦-૬-૨૦૧૬)



સમર્પણ ગૌરવ સન્માન, ટ્રસ્ટીશ્રી મહેન્દ્રસિંહ વાઘેલાબાપુના વરદ્ હસ્તે (તા. ૫-૯-૨૦૧૮)



નેકપીયર ટીમ વિઝિટ સંસ્કૃત વિભાગ પ્રેઝન્ટેશન (તા. ૫-૩-૨૦૧૯)



સંસ્કૃત સાહિત્યિક કૃતિનો રસાસ્વાદ સેમિનારમાં સ્વાગત પરિચય (તા. ૪-૨-૨૦૨૦)



જનરલ ઓરિએન્ટેશન સેમેસ્ટર-૧ના વિદ્યાર્થીઓ માટે (તા. ૧૩-૭-૨૦૧૮)



ઉપનિષદ સાહિત્ય સેમિનાર, દ્વિતીય બેઠકમાં ડૉ. ગીતા ચાવડા, પ્રો. રાજવીબેન ઓઝા સાથે (તા. ૨૫-૩-૨૦૦૮)



નેક મોક રાઉન્ડ વિઝિટ પ્રેઝન્ટેશન સંદર્ભે આચાર્યશ્રી ડૉ. દીપક પંડ્યા સાથે



સુવર્ણચંદ્રક વિજેતા વિદ્યાર્થી સાથે



# ડૉ. લલિતા સોલંકી
## અધ્યક્ષ, કૉમર્સ વિભાગ

કવિ કલાપી અને કવિ રમેશ પારેખ જેવા મૂર્ધન્ય સાહિત્યકારો તથા રાજવીકુળના પ્રદેશ અમરેલી જિલ્લાના કુંકાવાવ (જંક્શન) તાલુકામાં આવેલા સનાળી ગામની પ્રાથમિક શાળામાં સતત ૩૩ વર્ષ સુધી આચાર્યપદે રહેનાર અને સમગ્ર જિલ્લામાં શિક્ષણનો પ્રચાર-પ્રસાર કરનાર મનોરભાઈ દેવજીભાઈ સોલંકીનું સંતાન હોવાને લીધે ડૉ. લલિતા સોલંકીને શૈક્ષણિક મૂલ્યો તેમજ વિદ્યાવ્યાસંગીપણું વારસામાં જ મળેલું.

ડૉ. લલિતા સોલંકીએ રાજકોટ સ્થિત સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાંથી ઍડવાન્સ એકાઉન્ટિંગ અને કૉસ્ટિંગ વિભાગમાંથી એમ.કોમ. તેમજ બી.એડ્.માં ૯૨% સાથે ઉત્તીર્ણ થઈ સમગ્ર યુનિવર્સિટીમાં દ્વિતીય સ્થાન મેળવેલું છે.

૧૯૯૮માં સાર્વજનિક કૉમર્સ કૉલેજ, ગોધરા ખાતે કૉમર્સના પૂર્ણકાલીન વ્યાખ્યાતા તરીકે ઉચ્ચ શિક્ષણક્ષેત્રે અધ્યાપનકાર્યની શરૂઆત કરી. ગુજરાત સરકારની ફાજલનીતિના પરિણામે વર્ષ ૨૦૦૮માં સમર્પણ આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, ગાંધીનગર ખાતે તેઓની સેવા તબદીલી થઈ અને વર્ષ ૨૦૧૧થી કૉમર્સ વિભાગનાં અધ્યક્ષા તરીકે સેવા આપી રહ્યાં છે.

બે દાયકાની શૈક્ષણિક યાત્રા દરમ્યાન તેઓ ૨૮ જેટલા રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય પરિસંવાદોમાં સહભાગી થયેલાં છે, ૧૨ જેટલાં ફેકલ્ટી ડેવલપમેન્ટ પ્રોગ્રામ એટેન્ડ કરેલા છે, તેમજ વિવિધ સામયિકોમાં વિષયને અનુલક્ષીને તેઓના ચાર જેટલા લેખો પ્રકાશિત થયા છે. રાજસ્થાન, ઉદયપુર સ્થિત પેસેફિક યુનિવર્સિટીના વિખ્યાત સંશોધક, માર્ગદર્શક ડૉ. હિમાંશુ મહેતા તથા ડૉ. દિવ્યા હિરનની રાહબરી હેઠળ તેઓએ The Impact of Government Campaign 'Jago Grahak Jago' on Consumer Awareness વિષય પર પીએચ.ડી.ની પદવી વર્ષ ૨૦૧૬માં હાંસલ કરેલ છે.

આ ઉપરાંત તેઓ Gujarat State Electrical Corporation Limitedનાં Women's Development Cellનાં અધ્યક્ષ તરીકે સેવાઓ આપે છે. રાષ્ટ્રીય કક્ષાએ ખ્યાતિ ધરાવનાર, Grand Academic Portal (GAP)નું આજીવન સભ્યપદ ધરાવે છે. તદ્ઉપરાંત બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, સ્ટડી સેન્ટર : 0501, સરકારી આર્ટ્સ કૉલેજ, સેક્ટર-૧૫, ગાંધીનગરમાં પરામર્શક તરીકેની જવાબદારી સંભાળી રહેલાં છે.

સંસ્થાકીય જવાબદારીઓના શ્રેષ્ઠતમ વહન તેમજ સંશોધનક્ષેત્રે પ્રદાન બદલ ઈ.સ. ૨૦૧૮માં ગાંધીનગર ચેરિટેબલ ટ્રસ્ટના મૅનેજિંગ ટ્રસ્ટી તેમજ ગુજરાતના ભૂતપૂર્વ મુખ્યમંત્રી શ્રી શંકરસિંહ વાઘેલાબાપુની રાહબરી તળે 'સમર્પણ ગૌરવ સન્માન' પ્રાપ્ત કરેલું છે. તેમજ માર્ચ-૨૦૧૯માં GSECL Women's Development Cell અંતર્ગત Social Outreach Activity માટે ગુજરાત સરકારના શ્રમયોગી કલ્યાણ બોર્ડ તરફથી તેઓને રૂપિયા ૨૯૩૨૩/- નું રોકડ ઇનામ (Cash Award) પ્રાપ્ત થયેલું છે.

વર્તમાન સમયમાં તેઓ સંસ્થામાં ચાલતા Certificate Courses, Value Added Courses, MOOC-SWAYAM Course, Enterpreneurship Development Cell, NAAC-Criterion-01 તથા ગુજરાત સરકારની આત્મનિર્ભર ભારત યોજનાને વેગવાન બનાવવા ઉચ્ચ શિક્ષણક્ષેત્રની Students Startup & Innovation Policy નાં Coordinator તરીકે તેમજ Internal Quality Assurance Cell, Nature-Eco Club Committeeનાં સભ્ય તરીકે પણ પોતાની સેવાઓ બજાવી રહ્યાં છે. કલાસાહિત્યમાં તેઓની ઊંચી સૂઝ અને કુશળ આયોજન કૌશલ્ય તેઓના વ્યક્તિત્વની આગવી વિશેષતા છે.



રજિસ્ટ્રારશ્રી એમ. ડી. પાંડેસાહેબનાં વરદ્ હસ્તે ડૉ. લલિતા સોલંકીને ૨૦૧૮ના વર્ષ માટેનો 'સમર્પણ સન્માન ગૌરવ' એવોર્ડ એનાયત : તા. ૫-૯-૨૦૧૮



સોશિયલ આઉટરિચ - ૨૦૧૯-૨૦, રોકડ ઇનામ રૂ. ૨૩૩૨૯, શ્રી સુનિલ સિંધી (શ્રમયોગી કલ્યાણ બોર્ડ, ગુજરાત સરકાર) દ્વારા સ્વીકારતાં ડૉ. લલિતા સોલંકી, મહેસાણા ટાઉનહોલ ખાતે



શૈક્ષણિક વર્ષ ૨૦૧૮-૧૯ વિદ્યાર્થી સજ્જતા શિબિર, મહેમાન પરિચય વક્તવ્ય, ડૉ. લલિતા સોલંકી



શૈક્ષણિક વર્ષ ૨૦૧૮-૧૯, નેક પીયર ટીમ સમક્ષ વિભાગીય, પ્રેઝન્ટેશન ડૉ. લલિતા સોલંકી



શૈક્ષણિક વર્ષ ૨૦૧૯-૨૦ - **In-house Faculty Development Program** નાં આયોજક અને ઉદ્‌ઘોષક : ડૉ. લલિતા સોલંકી, સહયોગી એકમ : ગ્રાન્ડ ઍકેડેમિક પોર્ટલ, અમદાવાદ



ગ્રાન્ડ ઍકેડેમિક પોર્ટલ અને સમર્પણ કોલેજના સંયુક્ત ઉપક્રમે નૅશનલ લેવલ રિસર્ચ કૉન્કલેવ : ૨૦૧૯-૨૦નાં આયોજક અને ઉદ્‌ઘોષક : ડૉ. લલિતા સોલંકી



એન્ટરપ્રિનિયરશિપ અવેરનેસ પ્રોગ્રામ, સેન્ટર ફોર એન્ટરપ્રિનિયરશિપ ડેવલપમેન્ટ, ગુજરાત સરકારનાં પ્રોજેક્ટ લીડર : ડૉ. દર્શિલ ભટ્ટ : આયોજક અને ઉદ્‌ઘોષક : ડૉ. લલિતા સોલંકી (વર્ષ ૨૦૧૯-૨૦)



સેન્ટર ફોર એન્ટરપ્રિનિયરશિપ ડેવલપમેન્ટ **(CED)**, જી.આઈ.ડી.સી., નરોડા ખાતે **MoU** સંદર્ભે મુલાકાત : ડૉ. લલિતા સોલંકી અને પ્રિ. ડૉ. દીપક પંડ્યા



## ડૉ. સમીર ભટ્ટ

### અધ્યક્ષ, ગુજરાતી વિભાગ

શિક્ષણના પવિત્ર કર્મક્ષેત્રમાં સત્તાવીસ વર્ષથી કાર્યરત ડૉ. સમીર ભટ્ટ સમર્પણ આર્ટ્સ અને કૉમર્સ કૉલેજ, ગાંધીનગરના ગુજરાતી વિભાગમાં કાર્યરત છે. તેમની શૈક્ષણિક યાત્રા જોઈએ તો જાન્યુઆરી '૯૩થી સપ્ટેમ્બર '૯૩ સુધી વડોદરા મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીમાં અધ્યાપન, તા. ૦૧-૧૦-૧૯૯૩થી ૨૫-૦૮-૨૦૧૪ સુધી મ્યુનિ. મહિલા આર્ટ્સ કૉલેજ, ગોંડલમાં અધ્યાપન અને તા. ૨૬-૦૮-૨૦૧૪થી સમર્પણ આર્ટ્સ અને કૉમર્સ કૉલેજમાં અધ્યાપક તરીકે ફરજ બજાવે છે.

સાહિત્યનું અધ્યાપન એમને માટે કેવળ વ્યવસાય નથી પરંતુ જીવનશૈલીનો એક ભાગ છે. તેમની સંશોધનદૃષ્ટિનો પરિચય ડૉ. મનોજ રાવલના માર્ગદર્શન હેઠળના 'વીસમી સદીના ચોથા દાયકાની ગુજરાતી કવિતાનાં પ્રતિબદ્ધ વલણોનો આલોચનાત્મક અભ્યાસ' વિષય પરના શોધકાર્યથી મળે છે. ડૉ. સમીર ભટ્ટે અધ્યાપનકાળના આરંભથી આજ સુધી કુલ પંચોતેર સાહિત્યિક વ્યાખ્યાનો આપ્યાં છે. જે તેમની ભાષાસૂઝ તેમજ સાહિત્યસૂઝનું નિદર્શન કરે છે. વિશેષમાં દિલ્હી સાહિત્ય અકાદમીના 'સાઉથ વેસ્ટ પોએટ્સ મીટ'માં તેઓ ગુજરાતનું પ્રતિનિધિત્વ કરી ચૂક્યા છે. વર્ષ ૨૦૧૮થી ૨૦૨૧ સુધી ગુજરાતી સાહિત્ય પરિષદના સ્વાધ્યાયપીઠ મંત્રી તરીકે ડૉ. સમીર ભટ્ટે કાર્ય કરેલું છે.

આકાશવાણી - દૂરદર્શન પર તેમનાં વ્યાખ્યાનો - કાવ્યપાઠ સમયાંતરે યોજાતાં રહ્યાં છે. સૌરાષ્ટ્રના અગ્રણી અખબાર 'ફૂલછાબ'માં સતત સાત વર્ષ સુધી તેમની સાહિત્યિક-સાંસ્કૃતિક વિષયોને આવરી લેતી સાપ્તાહિક કટાર પ્રસિદ્ધ થતી રહી છે. સાહિત્યિક પરિસંવાદ અને વિદ્યાર્થીલક્ષી પ્રવૃત્તિના સંયોજક તરીકે હંમેશા કાર્યરત ડૉ. સમીર ભટ્ટ સંસ્થાના ઉત્તમ સર્જનાત્મક, સાંસ્કૃતિક ઉન્મેષોના પાયામાં છે. ડૉ. સમીર ભટ્ટના સંયોજનમાં વર્ષ ૨૦૧૯-૨૦માં સંસ્થાએ ગુજરાત યુનિવર્સિટી ઉત્તર ઝોન યુવક મહોત્સવનું આયોજન કર્યું છે અને વિદ્યાર્થી સજ્જતા શિબિર જેવા સમર્પણ કૉલેજની આગવી ઓળખ બની રહેલા કાર્યક્રમો ડૉ. સમીર ભટ્ટ દ્વારા અસ્તિત્વમાં આવ્યા છે.

| | | |
|---|---|---|
| (૧) | અભ્યાસ : | એમ.એ. (૧૯૯૨, શ્રી મ. સ. યુનિવર્સિટી, વડોદરા) |
| | | પીએચ.ડી. (૨૦૧૫, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, ડૉ. મનોજ રાવલના માર્ગદર્શનમાં) |
| | | NET (૧૯૯૨, UGC) |
| (૨) | અધ્યાપનકાર્ય | (૧) મહિલા કૉલેજ, ગોંડલ (વર્ષ ૧૯૯૩થી ૨૦૧૪) |
| | | (૨) સમર્પણ આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, ગાંધીનગર (૨૦૧૪)થી સેવારત... |
| (૩) | પ્રકાશિત પુસ્તકો | (૧) ચિનુ મોદી : ફરીથી |
| (૪) | વિશિષ્ટ સેવા | (૧) સ્વાધ્યાયપીઠ મંત્રી, ગુજરાતી સાહિત્ય પરિષદ (વર્ષ ૨૦૧૮થી ૨૦૨૧) |
| (૫) | વિશિષ્ટ સન્માન | (૧) સમર્પણ ગૌરવ સન્માન, ગાંધીનગર ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા (૨૦૧૮) |



સર્જક સંવાદ : પૂજ્ય મોરારિબાપુ સાથે
(ઉત્તરકાશી, તા. ૨૦-૯-૨૦૧૯)




વેણીદાસ પુરોહિત જન્મદિવસ વ્યાખ્યાન : સાથી વક્તા : ચિનુ મોદી
તા. ૧-૨-૨૦૧૮



નેક સમિતિ સમક્ષ રજૂઆત
તા. ૫/૬ માર્ચ, ૨૦૧૯



સમર્પણ ગૌરવ સન્માન માન. શ્રી મહેન્દ્રસિંહ વાઘેલાના વરદ્ હસ્તે
તા. ૫-૯-૨૦૧૮



વક્તા : ગુજરાતી સાહિત્ય પરિષદ જ્ઞાનસત્ર કીમ (સુરત)
તા. ૨૬-૨૭-૨૮ ડિસેમ્બર, ૨૦૧૮



ગુજરાતી સાહિત્ય પરિષદ અધિવેશન : સાથી સર્જકો - શિવા રેડ્ડી (તેલુગુ),
ઉષા ઉપાધ્યાય (ગુજરાતી), યોગેશ જોષી (ગુજરાતી) તા. ૨૫-૨૬-૨૭ ડિસે., ૨૦૧૮



ગુજરાત સાહિત્ય પરિષદ જ્ઞાનસત્ર
તા. ૨૬-૨૭-૨૮ ડિસેમ્બર, ૨૦૧૯



દિલ્હી સાહિત્ય અકાદમી, લિટરરી ફોરમ અંતર્ગત કાવ્યપાઠ
તા. ૧-૫-૨૦૧૬



## પ્રો. જાહિદહુસૈન જી. ચૌહાણ

### આસિસ્ટન્ટ પ્રોફેસર, અર્થશાસ્ત્ર વિભાગ

પ્રો. જે. જી. ચૌહાણે તેમની કારકિર્દીની શરૂઆત ૧૯૯૨થી મખદુમ હાઈસ્કૂલ મોડાસામાં મદદનીશ શિક્ષક તરીકે કરી. ત્યાર બાદ તા. ૧૯-૦૧-૧૯૯૪થી તા. ૩૧-૦૮-૧૯૯૪ સુધી સરકારી વિનયન અને વાણિજ્ય કૉલેજ, મેઘરજમાં ખંડસમયના વ્યાખ્યાતા તરીકે કાર્ય કર્યું. ત્યાર બાદ તા. ૦૧-૦૯-૧૯૯૪થી તા. ૦૭-૦૭-૨૦૦૯ સુધી પૂર્ણ સમયના અધ્યાપક તરીકે એ જ કૉલેજમાં અધ્યાપકતરીકે કાર્ય કર્યું અને તે જ સમયગાળામાં વર્ષ ૨૦૦૩-૦૪થી ૨૦૦૮-૦૯ સુધી મોડાસા કૉલેજ પી. જી. વિભાગમાં સેવા આપેલી. ત્યાર બાદ તા. ૦૮-૦૭-૨૦૦૯થી સમર્પણ આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, ગાંધીનગરમાં અર્થશાસ્ત્ર વિષયમાં પૂર્ણ સમયના અધ્યાપક તરીકે સેવા આપે છે. સાથે સાથે સરકારી વિનયન કૉલેજ, સેક્ટર-૧૫, ગાંધીનગર ખાતે ૨૦૦૯થી પી. જી. વિભાગમાં સેવાઓ આપે છે.

શ્રી જે. જી. ચૌહાણે ઉત્તર ગુજરાત યુનિવર્સિટીમાં સમાવિષ્ટ મોડાસા આર્ટ્સ કૉલેજમાંથી ૧૯૯૦માં સ્નાતકનો અભ્યાસ કરીને બી.એ.ની ડિગ્રી પ્રાપ્ત કરી. ૧૯૯૨માં ઉત્તર ગુજરાત યુનિવર્સિટીમાં સમાવિષ્ટ મોડાસા આર્ટ્સ કૉલેજમાંથી એમ.એ.ની ડિગ્રી પ્રાપ્ત કરી.

પ્રો. જે. જી. ચૌહાણે આઠ જેટલા જુદા જુદા અભ્યાસલેખો મૅગેઝિનમાં અને પુસ્તકમાં પ્રકાશિત કરેલા છે અને ૪૫ જેટલા નૅશનલ, ઈન્ટરનૅશનલ સેમિનાર, વર્કશોપમાં હાજરી આપીને સંશોધનલેખ પ્રસ્તુત કર્યા છે. સ્વવિકાસ માટે ફેકલ્ટી ડેવલપમેન્ટ પ્રોગ્રામ, વિવિધ વર્કશોપ અને ટ્રેનિંગ પ્રોગ્રામમાં ભાગ લીધેલા છે.

પ્રો. જે. જી. ચૌહાણે એપ્રિલ-મે ૨૦૧૦થી ૨૦૧૭ દરમિયાન યોજાયેલ ગુજરાત યુનિવર્સિટી પરીક્ષામાં કેન્દ્ર સંચાલક તરીકે અને કૉલેજની આંતરિક પરીક્ષાઓમાં કૉ-ઑર્ડિનેટર તરીકે સેવા આપેલી. આ ઉપરાંત ગુજરાત સરકાર દ્વારા લેવાતી પરીક્ષા નામદાર હાઈ કોર્ટ દ્વારા પોસ્ટ, નગરપાલિકા દ્વારા લેવાતી પરીક્ષાઓમાં કેન્દ્ર સંચાલક તરીકે સેવા આપેલી છે તેમજ કૉલેજની વિવિધ કમિટીઓ જેમ કે NSS, ED Cell, Budget, Infrastructure જેવી કમિટીમાં કાર્યરત છે.



વિદ્યાર્થી સજ્જતા શિબિર : વર્ષ - ૨૦૧૮-૧૯
તા. ૧૫-૯-૨૦૧૮ - અર્થશાસ્ત્ર વિભાગ



તા. ૧૫-૭-૨૦૧૯ અર્થશાસ્ત્ર વિભાગ, ઈન્ડક્શન પ્રોગ્રામ



આદિપુર કૉલેજ પીયર ટીમ સમક્ષ રજૂઆત
(તા. ૬-૩-૨૦૧૯)



એસ.આર.સી. સમિતિ સંદર્ભે નેક પીયર ટીમ સમક્ષ રજૂઆત
તા. ૬-૩-૨૦૧૯



એસ.આર.સી. સમિતિની મીટિંગ
તા. ૨૦-૯-૨૦૧૯



બ્રીજકોર્સ (અર્થશાસ્ત્ર વિભાગ)
તા. ૧૬-૭-૨૦૧૯



એસ.આર.સી. મીટિંગ સંયોજક



વિશિષ્ટ સેવા સન્માન



# Prof. Vaibhav Kothari

## Assistant Professor, English Department

Prof. Vaibhav Kothari has been teaching English at Samarpan Arts and Commerce College, Gandhinagar since 2007. He has participated in a number of national and international seminars and read papers in it. Moreover, his translation of Gujarati poems and short stories have been published in anthologies published by National Book Trust, New Delhi and Gujarat Sahitya Academy, Gandhinagar. His areas of interest include Translation studies, Indian Aesthetics, Literature of the Indian sub-continent,Nationalism and Identity politics.

**Educational Qualifications :** M.A., M.Phil, UGC – NET

**Books published :**

(i) **English for UGC NET – GSET** (Co-editor) Published by University Granth Nirman Board, Ahmedabad in 2010.

(ii) **Education and Values** – (Co – editor) Published by Gandhinagar Charitable Trust, Gandhinagar

**Special Achievement:** Prof. Vaibhav Kothari passed **Gujarat Civil Services Examination (Class I &II)** held in May 2008, by securing 52nd rank in the state; but chose to devote himself to academic pursuits only.

He has imparted English language training to Government employees at Directorate of Languages, Gandhinagar.

He has worked as the Language Expert at Gujarat School Textbook Board, Gandhinagar.

**Institutional duties performed:** He worked in the capacity of IQAC Assistant Co-ordinator and looked after institutional accreditation of KCG – AAA and NAAC, along with IQAC Co-ordinator Dr Rucha Brahmbhatt. He conducted a number of in-house FDPs at college and at other institutes regarding NAAC accreditation process.



Talk delivered at BISAG with Dr. Rucha Brahmbhatt on 28th August, 2010



Induction Programme for Semester-I Students



Lectures engaged at Shri P. K. Chaudhari Mahila Arts Collage, Gandhinagar under Faculty and Student Exchange Programme - January 2020



Compering at the Student Development Programme



Talk delivered on the occasion of Gandhi Nirvan Din 30th January, 2019



Talk delivered on the occasion of 125th Birth Anniversary Celebration of Mahatma Gandhi



Compering at the Annual Day and Samarpan Gaurav Sanman Function with Prof. Shweta Panwar March 2020



Compering the Inaugural Session of Gujarat University Youth Festival September 2019



# પ્રો. ઠાકોરભાઈ કે. નાયક

## આસિસ્ટન્ટ પ્રોફેસર, સંસ્કૃત વિભાગ

નવસારી જિલ્લાના ખેરગામ તાલુકાના છેવાડાના કાકડવેરી ગામમાં પ્રો. ઠાકોરભાઈ કે. નાયકનો જન્મ થયેલો. તેઓ સાતમા ધોરણમાં ભણતા હતા ત્યારથી જ તેમણે પિતૃછાયા ગુમાવી દીધી હતી. તેઓએ માતા અને મોટા ભાઈઓ તથા બહેનોના સહારે પ્રાથમિક શિક્ષણ પ્રાપ્ત કર્યું હતું.

૧૯૮૯માં તેઓએ વલસાડ જિલ્લાની જે. પી. શ્રોફ આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજમાં એફ.વાય.બી.એ.માં ઍડ્મિશન લીધું. ત્યાં શરૂઆતથી જ હૉસ્ટેલમાં રહ્યા અને ૧૯૯૨માં બી.એ. અને ૧૯૯૪માં એમ.એ. પૂર્ણ કર્યું હતું. તેઓએ ખેરગામ તાલુકાની સરકારી કૉલેજમાં ૧૯૯૬-૯૭થી માનદ્ સેવા આપવાનું કામ શરૂ કર્યું. તેઓએ ૧૯૯૮માં નેટની પરીક્ષા સફળતાપૂર્વક પાસ કરી છે.

૨૦૦૧થી ગુજરાત સરકારે નવી સરકારી કૉલેજ શરૂ કરી જેમાં સુરત જિલ્લાના મહુવા તાલુકામાં કરચેલિયા ગામે પણ સરકારે મંજૂરી આપી હતી. જેમાં તેઓ ૨૦૦૨થી જોડાયા. તા. ૯-૪-૨૦૦૭થી સમર્પણ આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજમાં અધ્યાપક તરીકે કાર્યરત છે.

૨૦૧૨માં તેઓએ ધોરણ ૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષામાં વિજિલન્સ સ્ક્વૉર્ડ સભ્ય તરીકે સાબરકાંઠા જિલ્લામાં ફરજ બજાવેલી છે. આ ઉપરાંત તેઓએ ગુજરાત યુનિવર્સિટી દ્વારા લેવાતી તમામ ફેકલ્ટીની પરીક્ષામાં ઑબ્ઝર્વર તરીકેની પણ ફરજ બજાવેલી છે. તેઓ ભાવનગર યુનિવર્સિટી પરીક્ષાના પેપર સેટિંગ તથા એસેસમેન્ટ વગેરેનાં પણ કાર્ય કરે છે. સરકારી હૉસ્ટેલમાં જ્યારે વિદ્યાર્થીઓના પ્રવેશ ઇન્ટરવ્યૂ લેવામાં આવે ત્યારે સરકારી પ્રતિનિધિ તરીકે તેઓ ઇન્ટરવ્યૂમાં ફરજ બજાવે છે.

૨૦૧૨થી પૂર્ણ સમયના અધ્યાપક તરીકે તેઓની નિમણૂંક થઈ ત્યારથી તેઓએ ઓરિએન્ટેશન કોર્સ અને બે રિફ્રેશર કોર્સ પણ કરેલા છે. ત્રણ જેટલા એફ.ડી.પી. કોર્સ કરેલા છે. સંસ્કૃત સાહિત્ય અકાદમી, રાષ્ટ્રીય, આંતરરાષ્ટ્રીય એમ પચીસ જેટલા સેમિનાર એટેન્ડ કરેલા છે. તા. ૧૪-૧૫ ઑક્ટોબર ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી દ્વારા જ્યોતિર્મય પરિસર છારોડી ખાતે આંતરરાષ્ટ્રીય સેમિનાર રાખવામાં આવ્યો હતો, જેમાં તેઓ ચેરપર્સન તરીકે હતા. તેઓના ત્રણ લેખ પણ છપાયેલા છે. 'જ્ઞાનપિપાસા' નામના સામયિકમાં 'પુરુષાર્થ' શબ્દની વિભાવના પુરાણોના સંદર્ભમાં અને બીજું 'જનરલ એજ્યુકેશનલ બ્રિજ' નામના સામયિકમાં 'ભાગવત પુરાણમાં ભક્તિ' તથા 'ઉડાન'માં 'મેઘદૂત એક ખંડકાવ્ય' આમ તેઓના ત્રણ જેટલા લેખ છપાયેલા છે. ઉત્તર ગુજરાત યુનિવર્સિટી પાટણ ખાતે ઉમા આર્ટ્સ અને નાથીબા કૉમર્સ કૉલેજના સંસ્કૃત વિભાગનાં પૂર્વ અધ્યક્ષા ડૉ. યોગિનીબેનના માર્ગદર્શન હેઠળ પીએચ.ડી.નું કાર્ય હાલ ચાલુ છે. પીએચ.ડી. માટેનો તેઓનો વિષય 'શ્રી હરિવંશપુરાણમાં શ્રીકૃષ્ણચરિતમ્ સમીક્ષાત્મક અધ્યયન' છે. હાલમાં તેઓ સંસ્થામાં એસ.સી. એસ.ટી., ઓ.બી.સી. સેલના કૉ.ઑર્ડિનેટર તરીકે કાર્યરત છે. ૨૦૨૦-૨૧થી આદિવાસી કર્મચારી દ્વારા રચાયેલ 'આકાશ ગુજરાત' નામના સંગઠનમાં સભ્ય તરીકે કાર્યરત છે.



ડૉ. વિજયભાઈ પંડ્યાસાહેબનું વ્યાખ્યાન : વિષય : ભાષાનું મહત્ત્વ
(તા. ૨૨-૭-૨૦૧૫)



વર્ષ ૨૦૦૭-૦૮ માં સંસ્કૃત વિષયમાં ગોલ્ડ મેડલ મેળવવા બદલ
વિદ્યાર્થી મહેશભાઈ મકવાણાનું ટ્રોફી અને સર્ટિફિકેટ સાથે સન્માન



એન.એસ.એસ. ઓરિએન્ટેશન પ્રસંગે વિદ્યાર્થીઓને સંબોધન
(તા. ૨૫-૬-૨૦૧૯)



વર્ષ ૨૦૦૯-૧૦માં કૉલેજ કક્ષાએ પ્રથમ આવનાર
વિદ્યાર્થી જયેશભાઈ એમ. વસાવાનું સન્માન



એન.એસ.એસ. કેમ્પ દરમિયાન વાવોલ ગામે બ્લડ ડોનેશન કેમ્પ
(તા. ૨૮-૧૧-૨૦૧૯ થી ૪-૧૨-૨૦૧૯)



યુવક મહોત્સવમાં સુંદર વ્યવસ્થાપન બદલ સન્માન
(તા. ૫-૩-૨૦૨૦)



સ્વચ્છ ભારત અભિયાન સંયોજક




એન.એસ.એસ. શિબિર સંયોજક



## ડૉ. મનીષા રબારી
### આસિસ્ટન્ટ પ્રોફેસર, કૉમર્સ વિભાગ

ગુજરાતની અસ્મિતાના પ્રતીક સમા સિદ્ધપુર નગરનાં વતની ડૉ. મનીષા બળદેવભાઈ રબારી વર્ષ ૨૦૧૬થી સમર્પણ આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, ગાંધીનગરની શૈક્ષણિક-સાહિત્ય-સંશોધનાત્મક આબોહવામાં પ્રવૃત્ત છે. કૉમર્સ વિભાગમાં એકાઉન્ટન્સી વિષયના તેજસ્વી અધ્યાપક તરીકે ફરજ બજાવતાં ડૉ. મનીષા રબારીએ હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીમાંથી સ્નાતક અને અનુસ્નાતકની પદવી પ્રાપ્ત કરી છે. તેમની શિક્ષણયાત્રા આટલેથી ન અટકતાં ઉચ્ચ શિક્ષણના બે સર્વોચ્ચ શિખર M.Phil અને Ph.D. સુધી પહોંચી છે. તેમણે M.Phil.ની પદવી શ્રેષ્ઠ ગુણાંક I-Dist. સાથે પ્રાપ્ત કરેલી છે. અને ટી.એ. ચેતવાણી આર્ટ્સ અને જે. વી. ગોકળ કૉમર્સ કૉલજના આચાર્ય ડૉ. સી. એમ. ઠક્કરના માર્ગદર્શન હેઠળ **'A Comparative Study of Financial Perfomance of Selected Agriculture Product Market Committees of North Gujarat'** વિષય પર વિદ્યા વાચસ્પતિની (Ph.D.)ની પદવી પ્રાપ્ત કરી છે. તેઓની અધ્યાપન યાત્રાના ત્રણ મુકામ જોઈએ તો સરકારી કૉલેજ, વડાલીમાં એક વર્ષ, આર્ટ્સ અને કૉમર્સ કૉલેજ ખેરાલુમાં બે વર્ષ અને વર્ષ ૨૦૧૬થી સમર્પણ આર્ટ્સ અને કૉમર્સ કૉલેજ, ગાંધીનગરમાં તેઓ ફરજ બજાવે છે.

તેઓની સંશોધનપ્રીતિ જોઈએ તો, આજના કથળતા શૈક્ષણિક માહોલમાં તેઓએ પોતાના વિષયને ન્યાય આપતાં પાંચ પુસ્તકો પ્રગટ કરેલાં છે જે તેમનું પોતાના વિષયને આપેલ શ્રેષ્ઠ યોગદાન છે. આ ઉપરાંત એક સાચા અધ્યાપકને છાજે તેવો તેમની સંશોધનવૃત્તિનો ઉત્તમ નમૂનો એ કે ઉચ્ચ શિક્ષણની રાષ્ટ્રીય સંશોધન સંસ્થા UGC દ્વારા આખા ગુજરાતમાંથી માત્ર જૂજ સંશોધન પ્રકલ્પ અનુદાન માટે ગયા વર્ષે પસંદ થયા જેમાં એક પ્રકલ્પ STRIDE અંતર્ગત તેઓનો છે. સંસ્થાને માટે ગૌરવરૂપ આ ઘટના તેમની સંશોધનવૃત્તિ અને પ્રતિભાની પરિચાયક બાબત છે.

કૉલેજમાં **Caree Counseling Cell & Placement cell**નાં સંયોજક તરીકે છેલ્લાં પાંચ વર્ષથી તેઓ ફરજ બજાવે છે. આ સમિતિનાં અધ્યક્ષ તરીકે તેઓએ વિદ્યાર્થીઓના કારકિર્દી ઘડતરને લગતા આશરે ૪૦ કાર્યક્રમો કર્યા છે. ગુજરાત સરકાર દ્વારા દર વર્ષે મોટા પાયે રોજગાર મેળાનું આયોજન કરવામાં આવે છે તેમાં વર્ષ ૨૦૧૯-૨૦માં કૉલેજમાં **Pre-placement Camp** યોજવા બદલ સરકાર દ્વારા સન્માનિત કરવામાં આવેલાં છે.

ડૉ. મનીષા રબારી ઊર્જાવાન, તેજસ્વી, અભ્યાસનિષ્ઠ, વિદ્યાર્થીપ્રિય અધ્યાપક હોવાથી સાથે કળાની સમજ પણ ધરાવે છે. ગયા વર્ષે દિલ્હી ખાતે યોજાયેલી પ્રજાસત્તાક દિનની પરેડમાં તેમને જલશક્તિ મંત્રાલય દ્વારા ગુજરાતનું પ્રતિનિધિત્વ કરવાનું નિમંત્રણ મળ્યું હતું. સંસ્થાને રાષ્ટ્રીય સ્તરે મૂકી આપતા તેમના ટેબ્લોને રાષ્ટ્રીય કક્ષાએ પ્રથમ સ્થાન મળ્યું હતું. આવા તેજસ્વી અધ્યાપકનું સંસ્થાએ ઉચિત સન્માન પણ કરેલું છે. ડૉ. મનીષા રબારીને સંસ્થા તરફથી આપવામાં આવતા સમર્પણ ગૌરવ સન્માનથી સન્માનિત કરવામાં આવ્યાં છે.



'સમર્પણ ગૌરવ સન્માન' : તા. ૫-૯-૨૦૧૮ ડૉ. તેજસ આઝાદ (એસો. પ્રોફેસર પોલિટિકલ સાયન્સ, ડી.એન.પી. આટ્ર્સ એન્ડ કૉમર્સ કૉલેજ, ડીસા) સમર્પણ કૉલેજ ખાતે



રાષ્ટ્રીય કક્ષાએ પ્રજાસત્તાક દિન પરેડમાં પ્રથમ સ્થાન મેળવવા બદલ ડૉ. દક્ષેશ ઠાકર (વી.સી. વીર નર્મદ દક્ષિણ ગુજ. યુનિ.)ના વરદ્ હસ્તે સન્માન (તા. ૫-૩-૨૦૧૯)



પ્રજાસત્તાક દિનની પરેડમાં પ્રથમ સ્થાને આવતાં ટ્રોફી સાથે ટેબ્લોના ડિઝાઈનર સાથે સમર્પણ ટીમ (તા. ૨૬-૧-૨૦૨૦, દિલ્હી)



તા. ૨૬-૧-૨૦૨૦ના રોજ પ્રજાસત્તાક દિન પરેડમાં પ્રથમ સ્થાન આવેલ જલશક્તિ મંત્રાલયના ટેબ્લોનું સંચાલન ડૉ. મનિષા રબારીએ કરેલું તેના અનુસંધાને રાષ્ટ્રપતિ ભવન ખાતે રાષ્ટ્રપતિશ્રી રામનાથ કોવિંદ સાથેની મુલાકાત (તા. ૨૭-૧-૨૦૨૦)



વિદ્યાર્થીઓને કારકિર્દી માર્ગદર્શન પ્રોગ્રામમાં 'કારકિર્દી ગઠન માટેનું પ્રોત્સાહન' તા. ૧૩-૭-૨૦૧૯, સમર્પણ કૉલેજ



તોલાણી કૉમર્સ કૉલેજ, આદિપુરથી NAAC વ્યવસ્થાપન માટે આવેલા પ્રતિનિધિ મંડળ સમક્ષ કૉમર્સ વિભાગની પ્રવૃત્તિઓના અહેવાલની રજૂઆત (તા. ૧૧-૧૨-૨૦૧૯)




ગુજરાત સરકારના 'પ્લેસમેન્ટ ફેર ૨૦૧૯માં સંસ્થાનું પ્રતિનિધિત્વ (તા. ૩૦-૧-૨૦૧૯) સરકારી કૉમર્સ કોલેજ, સેક્ટર-૧૫, ગાંધીનગર



પ્રજાસત્તાક દિન ૨૦૧૮માં સંસ્થાના મુખ્ય મહેમાન તરીકે ધ્વજવંદન તા. ૨૬-૧-૨૦૧૮



## પ્રો. ડૉ. રમીલાબેન જે. પટેલ
**અધ્યક્ષ, સમાજશાસ્ત્ર વિભાગ**

પ્રો. ડૉ. રમીલાબેન જે. પટેલે તેમની કારકિર્દીની શરૂઆત તા. ૨૫-૦૮-૧૯૯૪માં ગુજરાત યુનિવર્સિટીની શ્રી બી. કે. પટેલ આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, સાવલી, જી. વડોદરામાં સમાજશાસ્ત્ર વિષયમાં ખંડ સમયના અધ્યાપક તરીકે શરૂ કરી. ત્યાર બાદ તા. ૦૧-૦૮-૧૯૯૬થી સમર્પણ આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, ગાંધીનગરમાં સમાજશાસ્ત્ર વિષયમાં ખંડ સમયના વ્યાખ્યાતા તરીકે કાર્ય સંભાળ્યું. સાથે સાથે સૂરજબા મહિલા આર્ટ્સ કૉલેજ, નડિયાદ તેમજ સી. બી. પટેલ આર્ટ્સ કૉલેજ, નડિયાદમાં પણ ખંડ સમયના અધ્યાપક તરીકે કાર્ય કર્યું. તેઓ તા. ૦૧ ફેબ્રુઆરી, ૨૦૨૦થી સમર્પણ આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, ગાંધીનગરમાં સમાજશાસ્ત્ર વિષયમાં પૂર્ણ સમયના અધ્યાપક તરીકે નિમણૂક પામ્યાં.

ડૉ. રમીલાબેન પટેલે ૨૦૦૪માં ગુજરાત યુનિવર્સિટીની અનુસ્નાતક શિક્ષક તરીકેની માન્યતા પ્રાપ્ત કરી. નડિયાદની સૂરજબા મહિલા આર્ટ્સ કૉલેજમાં એક વર્ષ અધ્યાપન કાર્ય કર્યું છે. ત્યાર બાદ એપ્રિલ ૨૦૧૬માં સરદાર પટેલ યુનિવર્સિટીની અનુસ્નાતક શિક્ષક તરીકેની માન્યતા પ્રાપ્ત કરી.

ડૉ. રમીલાબેન પટેલે ગુજરાત યુનિવર્સિટીની સૂરજબા મહિલા આર્ટ્સ કૉલેજમાંથી ૧૯૯૨માં સ્નાતકનો અભ્યાસ કરીને બી.એ.ની ડિગ્રી પ્રાપ્ત કરી. ૧૯૯૪માં સરદાર પટેલ યુનિવર્સિટીમાંથી એમ.એ.ની ડિગ્રી પ્રાપ્ત કરી. ૧૯૯૬માં સરદાર પટેલ યુનિવર્સિટીમાંથી પ્રો. ડૉ. જયપ્રકાશ ત્રિવેદીના માર્ગદર્શન હેઠળ M.Philની ડિગ્રી પ્રાપ્ત કરી, વર્ષ ૨૦૧૭માં રાય યુનિવર્સિટીમાંથી ડૉ. બાબુલાલ સી. પંચાલના માર્ગદર્શન હેઠળ 'Impact of E-Media on Students of Higher Education' વિષય પર Ph.D.ની ડિગ્રી પ્રાપ્ત કરેલ છે તેમજ સ્ટેટ લેવલ, નેશનલ લેવલ અને ઇન્ટરનેશનલ લેવલ સેમિનાર / વર્કશોપમાં ભાગ લીધેલો છે. તેમજ પેપર પ્રેઝન્ટ પણ કરેલા છે.

ડૉ. રમીલાબેન પટેલને Ph.D. સંશોધનકાર્ય માટે સંતરામ મંદિર નડિયાદ તરફથી તેમજ સમર્પણ આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, ગાંધીનગર તરફથી 'સમર્પણ ગૌરવ સન્માન' પ્રાપ્ત થયેલાં છે.

ડૉ. રમીલાબેન પટેલ NSS, CWDC, ED CELL જેવી કમિટીમાં કાર્યરત છે.



Ph.D. સન્માન, સંતરામ મંદિર તરફથી, નડિયાદ
પૂર્વ કુલપતિ ડૉ. નરેશ વેદ (ગુજ. યુનિ.) એપ્રિલ ૨૦૧૮



સમર્પણ ગૌરવ સન્માન,
પૂર્વ રજિસ્ટ્રાર, બાપુ જીકેવી, શ્રી મુકેશ વેદ, તા. ૫-૯-૨૦૧૮



૧૫મી ઑગસ્ટ ધ્વજવંદન ૨૦૧૮-૧૯



એન.એસ.એસ. ઓરિએન્ટેશન કાર્યક્રમમાં સંચાલન
વર્ષ ૨૦૧૮-૧૯




સંસ્કૃત વિભાગની સજ્જતા શિબિરમાં સંચાલન
તા. ૧૧-૯-૨૦૧૮



કલ્ફેસ્ટ કાર્યક્રમમાં કાવ્યપઠન સ્પર્ધામાં સંચાલન
તા. ૨૫-૧-૨૦૧૭



વિશ્વ વસ્તી દિવસની ઉજવણી કાર્યક્રમનું સંચાલન
તા. ૧૧-૦૭-૨૦૧૭



પી.પી.ટી. દ્વારા અધ્યાપનકાર્ય



# પ્રો. સુરેન્દ્રસિંહ એમ. વાઘેલા

## અધ્યક્ષ, મનોવિજ્ઞાન વિભાગ

પ્રો. સુરેન્દ્રસિંહ વાઘેલાએ ઈ.સ. ૧૯૯૪માં ગાંધીનગરની સરકારી વિનયન કૉલેજ ખાતેથી સ્નાતકની પદવી પ્રાપ્ત કરી ત્યાર બાદ ઈ.સ. ૧૯૯૬માં અમદાવાદ ખાતેની એલ. ડી. આર્ટ્સ કૉલેજ ખાતેથી અનુસ્નાતકની પદવી પ્રાપ્ત કરી હતી. ઈ.સ. ૧૯૯૬માં ગુજરાત યુનિવર્સિટી માન્યતાપ્રાપ્ત અને ગાંધીનગર ચેરિટેબલ ટ્રસ્ટ સંચાલિત સમર્પણ આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, ગાંધીનગર ખાતેથી મનોવિજ્ઞાનના ખંડ સમયના વ્યાખ્યાતા તરીકે શરૂઆત કરી અને આજે પણ ખંડ સમયના વ્યાખ્યાતા તરીકે ફરજ બજાવે છે. ઈ.સ. ૨૦૦૪માં ગુજરાત યુનિવર્સિટી દ્વારા અનુસ્નાતકની માન્યતા પ્રાપ્ત કરી સરકારી આર્ટ્સ કૉલેજ, ગાંધીનગર ખાતે અનુસ્નાતકના વર્ગોમાં પણ અધ્યાપનકાર્ય કરાવે છે.

તેઓએ અત્યાર સુધી લગભગ ૨૫ જેટલા નૅશનલ અને ઈન્ટરનૅશનલ સેમિનાર / વર્કશોપમાં ભાગ લીધેલો છે અને ૧૮ સેમિનારમાં પેપર પણ રજૂ કરેલા છે. આ ઉપરાંત ફેકલ્ટી ડેવલપમેન્ટ પ્રોગ્રામમાં પણ ભાગ લીધેલો છે.

પ્રો. સુરેન્દ્રસિંહ વાઘેલાએ સમર્પણ આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, ગાંધીનગર ખાતે ઈ.સ. ૧૯૯૬થી ૨૦૧૬ સુધી કૉલેજની ઈન્ટરનલ અને ગુજરાત યુનિવર્સિટીની વિવિધ પરીક્ષાઓનું સંચાલન કરેલું છે. તેમજ ગુજરાત સરકાર દ્વારા લેવાતી વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાના કેન્દ્રમાં કેન્દ્ર નિયામક તરીકે ઈ.સ. ૨૦૦૬થી સેવાઓ આપે છે. તેમજ કૉલેજમાં કાર્યરત ઈન્દિરા ગાંધી નૅશનલ ઓપન યુનિવર્સિટી અભ્યાસ કેન્દ્ર (૦૯૧૧)માં ઈ.સ. ૨૦૦૬થી જોડાયેલ છે. તેમજ આ કેન્દ્રના આસિ. કૉ-ઓર્ડિનેટર તરીકે ૨૦૧૪થી સેવા આપે છે. ઈ.સ. ૨૦૦૮થી ૨૦૧૧ સુધી NSSના પ્રોગ્રામ ઓફિસર તરીકે સેવાઓ આપેલ છે. તદ્ઉપરાંત હાલમાં કૉલેજ ખાતે કાર્યરત એન્ટિ રેગિંગ, ગ્રીવન્સ રિડ્રેસલ સેલ, SRC તેમજ ભૂતપૂર્વ વિદ્યાર્થી મંડળના કૉ-ઑર્ડિનેટર તરીકેની કામગીરી બજાવે છે.

ભૂતપૂર્વ વિદ્યાર્થી મંડળની માન્યતા પ્રાપ્ત કરવામાં ભજવેલી ભૂમિકા બદલ કૉલેજ દ્વારા સમર્પણ ગૌરવ સન્માન પ્રાપ્ત થયેલું છે.



Samarpan Gaurav Sanman
5 March 2020



Samarpan Alumni Sanman
5 March 2020



SRC MEETING (DT. 20-9-2019)



NAAC PEER Team Meeting with Samarpan Alumni
Dt. 5 March 2019



ALUMNI MEETING 2017



SRC ORIENTATION (DT. 25-08-2019)



Competitive Class Conducted by
ALUMNI Association of Samarpan



Medical Check-Up Camp Organized by
ALUMNI (Dt. 21-7-2019)

# વિભાગીય અહેવાલ

## ગુજરાતી વિભાગ

### ગુજરાતી વિભાગનું ધ્યેય :

સમર્પણ કૉલેજના સ્થાપનાકાળ ઈ.સ. ૧૯૯૬થી ગુજરાતી ભાષા-સાહિત્યને મુખ્ય તેમજ ગૌણ વિષય તરીકે સ્થાન આપવામાં આવ્યું છે. કૉલેજમાં ગુજરાતી વિભાગની સ્થાપનાનો હેતુ માતૃભાષાના જતન અને સંવર્ધન તેમજ સાહિત્યના શિક્ષણ થકી વિદ્યાર્થીમાં રહેલી સર્જનાત્મકશક્તિ, કલ્પનાશક્તિ, વિચારશક્તિ અને સંવેદનશક્તિને ખીલવી વિદ્યાર્થીઓ સાંસ્કૃતિક, સામાજિક અને સાહિત્યિક પ્રશ્નો સંદર્ભે બૌદ્ધિક અભિગમ કેળવી જાગૃત બને તથા પોતાનાં રસરુચિને પારખી જીવનનિર્વાહ તેમજ રાષ્ટ્ર પ્રત્યેની જવાબદારી સંદર્ભે વિશિષ્ટ કૌશલ્યથી સજ્જ થઈ કર્મશીલ બને તે રહી છે.

### ગુજરાતી વિભાગની સફર :

આ ધ્યેયને સિદ્ધ કરવા ગુજરાતી વિભાગને આરંભથી જ સર્જનાત્મક શક્તિને વરેલા અધ્યાપકો પ્રાપ્ત થતાં રહ્યાં છે. આચાર્યશ્રી ડૉ. કિશોરસિંહ સોલંકીસાહેબ તેમજ અધ્યાપકશ્રીઓ ડૉ. નરેશ શુક્લ, પ્રા. નિસર્ગ આહીર, ડૉ. તન્વી શુક્લ, ડૉ. દીપક ભટ્ટ, ડૉ. ભાવેશ જેઠવા, પ્રા. રેખા ગોદાણી, પ્રા. મહેન્દ્ર પરમાર, ડૉ. સ્વપ્નિલ મહેતા, પ્રા. અજિત મકવાણા અને પ્રા. દર્શન પુરાણી જેવા વિદ્વાન અધ્યાપકોની અધ્યાપકીય સજ્જતાનો લાભ પણ વિભાગના વિદ્યાર્થીઓને મળ્યો છે. ગુજરાતી વિભાગના વર્તમાન અધ્યાપકશ્રીઓ ડૉ. દીપક પંડ્યા અને ડૉ. સમીર ભટ્ટના 'અધીત'નો લાભ વિભાગના વર્તમાન વિદ્યાર્થીઓને મળી રહ્યો છે. આ દૃષ્ટિએ જોતાં વિભાગમાં તેજસ્વી, પ્રજ્ઞાવાન અને કર્મશીલ અધ્યાપકોની પરંપરા સાતત્યપૂર્વક વિકસતી આવી છે તે વિભાગનું સૌથી સબળ પાસું છે.

અધ્યયન-અધ્યાપનની શિસ્તને વરેલા આવા અધ્યાપકોના માર્ગદર્શનને કારણે ગુજરાતી વિભાગના ત્રણ વિદ્યાર્થીઓ, વિશાલ પરમાર (૨૦૦૭), અભિષેક દરજી (૨૦૦૮) અને હેતલ પરમાર (૨૦૧૦) ગુજરાત યુનિવર્સિટી કક્ષાએ ગુજરાતી વિષયમાં સૌથી વધુ ગુણ પ્રાપ્ત કરી સુવર્ણચંદ્રક વિજેતા થયા છે તે ગુજરાતી વિભાગ તેમજ સમર્પણ કૉલેજનું ગૌરવ છે.

આપણી માતૃભાષા ગુજરાતીમાં સર્જાયેલા સમૃદ્ધ સાહિત્યનું અધ્યયન, અધ્યાપન, સંશોધન અને સંપાદન કરવું એ આ વિભાગની વિશેષ જવાબદારી છે. કૉલેજમાં સાહિત્યિક અને સાંસ્કૃતિક માનવમૂલ્યોથી સભર વાયુમંડળ બની રહે તે માટે ગુજરાતી વિભાગના અધ્યાપકો રાષ્ટ્રીય અને રાજ્યકક્ષાના પરિસંવાદો, આંતરકૉલેજ વ્યાખ્યાનમાળા, આંતર વિભાગીય વ્યાખ્યાનમાળા તેમજ વિદ્યાર્થી સજ્જતા શિબિર જેવાં આયોજનો સાતત્યપૂર્વક કરતા રહે છે.

ગુજરાતી વિભાગના અધ્યાપકો વિદ્યાર્થીઓને સતત પ્રોત્સાહિત કરતા રહી તેઓને કાર્યશીલ બનાવવા સંદર્ભે તેમની પાસે હેતુલક્ષી અને વર્ણનાત્મક પ્રશ્નોના ઉત્તરો તૈયાર કરાવે છે. ઉપરાંત વિભાગીય ક્વિઝ, સમૂહચર્ચા, ભીંતપત્રલેખન, નિબંધલેખન, વક્તૃત્વતાલીમ તેમજ 'સપ્તધારા' અંતર્ગત વિવિધ કલાકૌશલ્યોને વિકસાવવા સતત માર્ગદર્શન આપતા રહે છે. સાથે સાથે કારકિર્દી માર્ગદર્શન શિબિર, સ્પર્ધાત્મક પરીક્ષા માર્ગદર્શન શિબિર તથા સામાજિક અને આર્થિક રીતે પછાત વર્ગના નબળા વિદ્યાર્થીઓ માટે વિશેષ અભ્યાસવર્ગોનું આયોજન કરે છે. વળી વિવિધ શૈક્ષણિક, સાહિત્યિક અને સાંસ્કૃતિક સંસ્થાઓની મુલાકાત, કૉલેજ કૅમ્પસ સફાઈ, વૃક્ષારોપણ અને તેનું જતન-સંવર્ધન, યોગ અને ધ્યાનની તાલીમ, આરોગ્ય જાળવણી તેમજ સ્વયંશિસ્તની કેળવણી સંદર્ભે વિદ્યાર્થીઓને સાતત્યપૂર્ણ સજ્જ કરતાં રહે છે.

ગુજરાતી વિભાગ આગામી વર્ષોમાં મહત્ત્વના પ્રકલ્પો હાથ ધરવામાં સંકલ્પબદ્ધ છે. તેમાં ખાસ કરીને ગુજરાતી ભાષા-સાહિત્યના અનુસ્નાતક કેન્દ્રનો આરંભ, ગુજરાતી 'Language Lab'નો આરંભ, ગુજરાતી 'E-magazine'નો આરંભ, 'Minor Research Project' હાથ ધરવો, પ્રતિબદ્ધ સાહિત્યકારો સાથે પ્રશ્નોત્તરીની ડોક્યુમેન્ટરી તેમજ સર્જનાત્મક ભાષાલેખન, વિવેચનાત્મક ભાષાલેખન અને વ્યવહારભાષાલેખન શિબિરના વિશેષ આયોજનોનો સમાવેશ કરવામાં આવ્યો છે.



શ્રી જયંતી દલાલ શતાબ્દી વંદના : રાષ્ટ્રીય પરિસંવાદ : સૌજન્ય દિલ્હી સાહિત્ય અકાદમી
વિશેષ ઉપસ્થિતિ : ભારતીય જ્ઞાનપીઠ પુરસ્કૃત સર્જક શ્રી રઘુવીર ચૌધરી અને અન્ય મહાનુભાવો



શ્રી સુન્દરમ્ શતાબ્દી વંદના - રાષ્ટ્રીય પરિસંવાદ : સૌજન્ય ગુજરાત સાહિત્ય અકાદમી
વિશેષ ઉપસ્થિતિ : શ્રી સુધાબેન સુન્દરમ્, કવિશ્રી ચંદ્રકાંત શેઠ અને અન્ય મહાનુભાવો



વિદ્યાર્થી સજ્જતા શિબિર - ગુજરાતી વિભાગ વર્ષ ૨૦૧૮-૧૯
વિશેષ ઉપસ્થિતિ : સાહિત્યકાર શ્રી ડૉ. સતીષભાઈ વ્યાસ



ગુજરાતી ભાષા કૌશલ્ય કાર્યશાળા : ગુજરાતી વિભાગ વર્ષ ૨૦૧૯-૨૦
વિશેષ ઉપસ્થિતિ : શ્રી હર્ષદભાઈ શાહ (કુલપતિશ્રી ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી, ગાંધીનગર)




વિદ્યાવિસ્તાર વ્યાખ્યાનમાળા : વર્ષ ૨૦૧૬-૧૭
વિશેષ ઉપસ્થિતિ : સંશોધક શ્રી હસુભાઈ યાજ્ઞિક અને વિવેચક શ્રી શિરીષભાઈ પંચાલ



ગ્રંથાલય પરિચય : ગુજરાતી વિભાગ : વર્ષ ૨૦૧૯-૨૦
અધ્યક્ષશ્રી : ડૉ. સમીરભાઈ ભટ્ટ અને વિદ્યાર્થીઓ



શ્રી વિશાલ પરમાર : બી.એ. ગુજરાતી વિષયમાં સુવર્ણચંદ્રક વિજેતા
ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ (વર્ષ ૨૦૦૭-૦૮)



શ્રી અભિષેક દરજી : બી. એ. ગુજરાતી વિષયમાં સુવર્ણચંદ્રક વિજેતા
ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ (વર્ષ : ૨૦૦૮-૦૯)

# સંસ્કૃત વિભાગ

## સંસ્કૃત વિભાગનું ધ્યેય :

સંસ્કૃત વાઙ્મયમાં શાસ્ત્રીય ગ્રન્થો, સાહિત્યિક કૃતિઓ, દર્શન ગ્રન્થો વગેરેના અભ્યાસ દ્વારા વિદ્યાર્થીઓ ભારતીય સંસ્કૃતિ અને સંસ્કારના અત્યંત પ્રાચીન વારસાને ઓળખી શકશે. ભારતીય સંસ્કૃતિ અને ભારતીય સંસ્કારોનું સિંચન કરી શકશે. અખંડ ભારતના નિર્માણને સાચા અર્થમાં સમજીને 'વસુધૈવ કુટુમ્બકમ્'ની ભાવના વિકસશે. વિદ્યાર્થીમાં વિદ્યાપ્રીતિ જાગે અને તેઓ પોતાના વિચારો અસરકારક રીતે આત્મવિશ્વાસથી રજૂ કરી શકશે.

## સંસ્કૃત વિભાગનો વર્તમાન અધ્યાપકગણ :-

પ્રા. ડૉ. હેમંત વી. વૈષ્ણવ (ઉપાચાર્ય, ઍસોસિએટ પ્રોફેસર)

પ્રા. ડૉ. અલ્પા જે. પટેલ (HDO, ઍસોસિએટ પ્રોફેસર)

પ્રા. ઠાકોરભાઈ કે. નાયક (આસિસ્ટન્ટ પ્રોફેસર)

## વિભાગની વિકાસયાત્રા :-

સને ૧૯૯૬થી અસ્તિત્વમાં આવેલી સમર્પણ આર્ટ્સ અને કૉમર્સ કૉલેજ સાથે જ સંસ્કૃત વિભાગની પણ શરૂઆત થયેલી. આ પચ્ચીસ વર્ષોની સફર દરમ્યાન સંસ્કૃત વિભાગ દ્વારા વિદ્યાર્થીલક્ષી, અધ્યાપકીય અને સંસ્થાકીય પ્રવૃત્તિઓ કરવામાં આવી છે. જેમાં તજ્જ્ઞ વ્યાખ્યાન, સેમિનાર, વર્કશોપ, વિદ્યાર્થી સજ્જતા શિબિર, સંસ્કૃત દિવસ, ગીતા જયંતી, સંસ્કૃત સંભાષણ વર્ગ, શૈક્ષણિક પ્રવાસ, જૂથચર્ચા, ફિલ્મ નિદર્શન, ICT પ્રયોગ, પોસ્ટર મેકિંગ, સ્ટુડન્ટ ઍન્ડ ફેકલ્ટી એક્સ્ચેન્જ પ્રોગ્રામ વગેરે પ્રવૃત્તિઓ કરવામાં આવી છે. તા. ૧૧-૧૨-૨૦૦૬થી વિભાગે યોજેલા તજજ્ઞ વ્યાખ્યાતાઓમાં ડૉ. વિજયભાઈ પંડ્યા (રાષ્ટ્રપતિ પુરસ્કારથી સન્માનિત, નિવૃત્ત પ્રોફેસર, સંસ્કૃત વિભાગ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ), ડૉ. યોગિનીબેન એચ. વ્યાસ (નિવૃત્ત પ્રોફેસર, સંસ્કૃત વિભાગ, ઉમા આર્ટ્સ અને નાથીબા મહિલા કૉમર્સ કૉલજ, ગાંધીનગર), ડૉ. કમલેશભાઈ ચોક્સી (અધ્યક્ષ, સંસ્કૃત વિભાગ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ), ડૉ. નિરંજન પટેલ (અધ્યક્ષ સંસ્કૃત વિભાગ, એસ. પી. યુનિવર્સિટી, વી.વી.નગર), ડૉ. રાકેશભાઈ પટેલ (પ્રોફેસર, સંસ્કૃત વિભાગ, ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી, ગાંધીનગર) ડૉ. હર્ષદેવ જાની 'માધવ' (આધુનિક સંસ્કૃત કવિ,રાષ્ટ્રપતિ પુરસ્કારથી સમ્માનિત, નિવૃત્ત પ્રૉફેસર, એચ. કે. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ) વગેરેના સમયાંતરે વ્યાખ્યાન ગોઠવવામાં આવ્યાં છે. રાજ્યકક્ષાના સેમિનાર કરવામાં આવ્યા. જેમાં 'સોળ (૧૬) સંસ્કાર', 'ઉપનિષદ સાહિત્ય' અને 'સંસ્કૃત સાહિત્યિક કૃતિઓનો રસાસ્વાદ' મુખ્ય છે. વિદ્યાર્થીઓને સંસ્કૃતમાં રસરુચિ જળવાઈ રહે તે માટે 'સંસ્કૃત ભારતી'ના સહકારથી વર્ષ ૨૦૧૫-૨૦૧૬થી ૨૦૧૮-૨૦૧૯માં સંસ્કૃત સંભાષણના વર્ગો શરૂ કરવામાં આવ્યા. ગીતા જયંતી અને સંસ્કૃત દિવસની ઉજવણી પ્રસંગે શ્લોકગાન સ્પર્ધા, નિબંધ સ્પર્ધા, વક્તૃત્વ સ્પર્ધા વગેરેનું આયોજન કરવામાં આવે છે. વિદ્યાર્થીઓને સંસ્કૃતનો બહોળો પરિચય થાય તે માટે સ્ટુડન્ટ એક્સ્ચેન્જ પ્રોગ્રામ કરવામાં આવે છે અને ફેકલ્ટી એક્સ્ચેન્જ પ્રોગ્રામ કરવામાં આવે છે. શૈક્ષણિક પ્રવાસના માધ્યમ દ્વારા સંસ્કૃતના અભ્યાસ દ્વારા પ્રાપ્ત થતાં અભ્યાસક્ષેત્રો અને રોજગારીનાં ક્ષેત્રોનો પરિચય કરાવવામાં કોબા જ્ઞાનમંદિર, મહાત્મા મંદિર, લાઈબ્રેરીની મુલાકાત ફળદાયી નીવડી છે. વિદ્યાર્થીઓની તર્કશક્તિ અને સર્જનાત્મકતાના વિકાસ માટે વિદ્યાર્થીઓ પાસે વિવિધ પ્રકારનાં પોસ્ટર બનાવડાવવામાં પણ આવે છે.



ઉપનિષદ સાહિત્ય સેમિનાર ઉદ્‌ઘાટન બેઠક
તા. ૨૫-૩-૨૦૦૮



સંસ્કૃત સાહિત્યકૃતિનો રસાસ્વાદ સેમિનાર
ઉદ્‌ઘાટન બેઠક : તા. ૪-૨-૨૦૨૦



ઓરિએન્ટેશન પ્રોગ્રામ ટ્રસ્ટીશ્રી મહેન્દ્રસિંહ વાઘેલાસાહેબની અધ્યક્ષતામાં
તા. ૧૩-૭-૨૦૧૮



સંસ્કૃત સાહિત્ય કૃતિનો રસાસ્વાદ સેમિનાર : ડૉ. વિજયભાઈ પંડ્યાસાહેબ
તા. ૪-૨-૨૦૧૯



સંસ્કૃત સંભાષણ શિબિર : પૂજાબેન ચૌધરી
તા. ૨૨-૭-૨૦૧૯



તજજ્ઞ વ્યાખ્યાન ડૉ. યોગિનીબેન વ્યાસ
તા. ૧૧-૭-૨૦૧૯



જૂથ ચર્ચા : સંસ્કૃત વિભાગ
તા. ૩૧-૮-૨૦૧૮



સ્વપ્નવાસવદત્તમ્ મૂવી નિદર્શન : સંસ્કૃત વિભાગ
તા. ૧૩-૮-૨૦૧૯

# Economics Department

## Report for Silver Jubilee Special Issue

### WELCOME TO DEPARTMENT OF ECONOMICS

**Vision :**

- To give good knowledge of Economics to the students

**Mission :**

- To teach high quality knowledge of Economics.
- To give the students opportunity for question - answer by group diccussion for conceptual clarity.
- To make healthy environment for teaching - learning.
- To create human approach to all.

**DEPARMENT @ 25 :**

Samarpan College was established in 1996. The college offers Economics as a main subject in B.A. programme, and as second subsidiary subject. In B.Com. also there is a paper in each semester. At present Dr. Nitendrakumar N. Patel is the head of Department of Economics, and Associate Professor and Prof. J. G. Chauhan is the assistant professor of Economics in the Department. Prof. Mittalben Chavda was visiting faculty in Economics in 2019-20.

The department teaches all courses on various platforms like MS team, ICT-PPT class, Zoom etc. Assignment, viva, group discussion and many more methods. From 2018-19 department has been arranging 'STUDENT DEVELOPMENT PROGRAMME (SDP)', by inviting well known expert professors from other colleges. Students can gain knowledge of their subjects. Department has been arranging Expert lecture also from - 2018-19.

Dr. Nitendra is giving services as N.S.S. Programme officer. Students of Economics Department, also take part as N.S.S. volunteers. Department is giving good number of student in participation in Sport, Cultural, NSS, Extension activity and ED cell and all activities.



સ્ટુડન્ટ ડેવલપમેન્ટ પ્રોગ્રામ : વર્ષ ૨૦૧૮-૧૯, ઉદ્‌ઘાટન સમારંભ : ૧૫-૯-૨૦૧૮ સંબોધન કરતાં અર્થશાસ્ત્ર વિભાગના વડા ડૉ. નિતેન્દ્ર પટેલ



વિદ્યાર્થી સજ્જતા શિબિરમાં ભારતની આર્થિક સમસ્યાઓ પર વ્યાખ્યાન આપતા એચ. કે. આર્ટ્સ કૉલેજના પ્રા. ડૉ. હેમંતભાઈ શાહ (તા. ૧૫-૯-૨૦૧૮)



એક્સ્પર્ટ લેક્ચર : ૨૦૧૯-૨૦ (તા. ૧૭-૭-૨૦૧૯) પ્રિ. ડૉ. હિનાબેન પટેલ (એમ. એમ. શાહ મહિલા આર્ટ્સ કૉલેજ, કડી) **On Utility Analysis**



એક્સ્પર્ટ લેક્ચર : ૨૦૧૯-૨૦ (તા. ૧૦-૭-૨૦૧૮) પ્રો. ધારાબેન વઘાસિયા (ગૂજરાત વિદ્યાપીઠ રાંધેજા) **Lect Sub : Gandhian Economic Thoughts**



સમર્પણ કૉલેજ ખાતે વિદ્યાર્થી સજ્જતા શિબિરમાં વ્યાખ્યાન આપતા ડૉ. હસમુખભાઈ દેસાઈ (ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ) તા. ૧૫-૯-૨૦૧૮



સમર્પણ કૉલેજ ખાતે વિદ્યાર્થી સજ્જતા શિબિરમાં વ્યાખ્યાન આપતા પ્રા. વિનોદભાઈ મીનાસાહેબ (એલ. ડી. આર્ટ્સ કૉલેજ) તા. ૧૫-૯-૨૦૧૮



લાઈબ્રેરી ઓરિએન્ટેશન : ૨૦૧૮-૧૯ તા. ૭-૯-૨૦૧૮



**Faculty and Student Exchange Programme at Navgujarat Com. College, Sec-28, Gandhinagar, Dept. of Com. & Dept. of Economics (dt. 27-1-2020)**

# કૉમર્સ વિભાગ

સમર્પણ કૉલેજમાં અસ્તિત્વની સાથે સાથે જ કૉમર્સ વિભાગનો ઉદ્ભવ પણ ઈ.સ. ૧૯૯૬માં થયો. ગુજરાત રાજ્યનું લોકમાનસ પ્રથમથી જ સહજપણે ઔદ્યોગિક ક્ષેત્ર પ્રતિ ઢળેલું છે, તેવી તાસીર ધરાવતા રાજ્યની રાજધાનીમાં સંસ્થા આવેલી હોય ત્યારે આ વિભાગનું મુખ્ય ધ્યેય વિદ્યાર્થીઓમાં ઉદ્યોગસાહસિકતા ખીલવવી, સંચાલકીય ક્ષમતાઓ વિકસાવવી અને વૈશ્વિક ઉદ્યોગજગતના ફલક માટેનો બૌદ્ધિક અભિગમ વિદ્યાર્થીઓ કેળવે એ રહેલું છે.

વર્તમાન સમયમાં કૉમર્સ વિભાગનાં અધ્યક્ષા ડૉ. લલિતા સોલંકી તેમજ ડૉ. મનીષા રબારીના સહયોગથી અંદાજે સાડા ચારસો જેટલાં વિદ્યાર્થીઓ શ્રી બાપુસાહેબે વાવેલ સંસ્થાકીય બીજ વિચારધારાનો લાભ મેળવી રહ્યાં છે, જેના પરિપાકરૂપે ખાંટ હિતેશજી અને ખાંટ મહેશજી વર્ષ ૨૦૧૭-૧૮થી ૨૦૧૮-૧૯ એમ સતત બે વર્ષ સુધી યુનિવર્સિટી પરીક્ષામાં એકાઉન્ટન્સી વિષયમાં ૭૦માંથી ૭૦ ગુણ પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓ રહ્યા છે. તો સતત છેલ્લાં બે વર્ષથી આ સંસ્થામાં જી.એસ. તરીકે રાઠોડ વિજય બી. (૨૦૧૮-૧૯) અને ખાંટ મહેશ સી. (૨૦૧૯-૨૦) મેરિટ બેઝ, પરમાર વિધિ (૨૦૧૮-૧૯) તથા ખત્રી પ્રાચી (૨૦૧૮-૧૯), રાવલ રવીન્દ્ર (૨૦૧૭-૧૮), પટેલ જય (૨૦૧૬-૧૭) પોતાનો **Online Trading in Domestic Products**નો બિઝનેસ ધરાવે છે. રાઠોડ વિજય બી.ની કેપ્ટનશિપ તળે (૨૦૧૭-૧૮, ૨૦૧૮-૧૯ અને ૨૦૧૯-૨૦) એમ સતત ત્રણ વર્ષ સુધી કૉમર્સ વિભાગ અંતરકૉલેજ ક્રિકેટ ટુર્નામેન્ટમાં પ્રથમ સ્થાન મેળવી સંસ્થાનું નામ ઉજાગર કરેલું છે. તો પટેલ જગદીશ (૨૦૧૭-૧૮) તથા મનસુરી અમન (૨૦૧૬-૧૭) નૅશનલ લેવલ કબડ્ડીને સ્પર્ધામાં પ્રથમ ક્રમાંક તથા ગુજરાત યુનિવર્સિટીમાં રાજ્યકક્ષાએ કબડ્ડી કોચ તરીકે પટેલ હર્ષ (૨૦૧૬-૧૭) પોતાની સેવાઓ આપી રહ્યા છે. આટલું જ નહીં વર્ષ ૨૦૦૮-૦૯ની બેચના વિદ્યાર્થી જોષી કર્ણવભાઈ અત્યારે વૈશ્વિક કક્ષાએ ભાગવત કથાકાર તરીકે વ્યાસપીઠ પર સ્થાન શોભાવે છે. તો ૨૦૧૭-૧૮થી ૨૦૧૯-૨૦ દરમ્યાન સતત ત્રણ વર્ષ સુધી આ સંસ્થાના વિદ્યાર્થી પરમાર રિશીરાજ એસ. ગુજરાત સાહિત્ય નાટ્ય અને સંગીત અકાદમી તરફથી યોજાયેલી રાજ્યકક્ષાની સંગીત સ્પર્ધામાં પ્રથમ નંબર પ્રાપ્ત કરી **'Best Singer of the City'**નો ખિતાબ મેળવેલો છે. આ ઉપરાંત ગુજરાત રાજ્ય યુવા રમતગમત અને સાંસ્કૃતિક વિભાગ તરફથી યોજાયેલી ગાંધીનગર જિલ્લાકક્ષાની સારેગામા સ્પર્ધામાં દ્વિતીય અને સ્મિત મ્યુઝિક એકેડેમી દ્વારા યોજાયેલી સાર્વજનિક ગણેશ મહોત્સવ સંગીત સ્પર્ધામાં પ્રથમ સ્થાન મેળવી સંસ્થાનું નામ ઉજાગર કરેલું છે. તદ્ઉપરાંત શૈક્ષણિક વર્ષ ૨૦૧૬-૧૭ની બેચનાં વિદ્યાર્થિની કુ. સુથાર નિધિ, બાયડ તાલુકા ખાતે તલાટી-કમ-મંત્રી તરીકે તો પટેલ બીનલ એમ. માણસા તાલુકાના લોદરા મુકામે ગ્રામીણ બૅંકમાં કૅશિયર તરીકે ફરજ બજાવે છે. તો મકવાણા જિતેન્દ્ર એમ. (૨૦૧૬-૧૭), પંચાલ વિનોદ બી. (૨૦૧૫-૧૬) અને સોલંકી દિનેશ આઈ. (૨૦૦૯-૧૦) વિદ્યાર્થીઓ અનુક્રમે આણંદ જિલ્લા પોલીસ કોન્સ્ટેબલ, અમદાવાદ શાહીબાગ પોલીસ સ્ટેશન હેડ, પોલીસ ક્વાટર્સ, તેમજ પી.એસ.આઈ. નર્મદા બટાલિયન કેવડિયા કોલોની ખાતે હાલમાં પોતાની ફરજો અદા કરે છે. આમ કૉમર્સ વિભાગના વિદ્યાર્થીઓએ સમાજના દરેક ક્ષેત્રે કલાકૌશલ્ય અને સમર્પણ સંસ્કાર જ્ઞાનના યોગદાન થકી સંસ્થાનું નામ ઉજાગર કરી રહ્યા છે.

સંસ્થામાં અધ્યયનશીલ વાતાવરણ સર્જાય, વૈશ્વિક વાણિજ્યક્ષેત્રે પ્રવાહિત આર્થિક બાબતોથી વિદ્યાર્થીઓ અવગત થાય ને સતત અભ્યાસરત રહે માટે વિભાગનાં અધ્યક્ષા ડૉ. લલિતા સોલંકીના વડપણ અને આગેવાની તથા માર્ગદર્શન તળે વિભાગમાં વિવિધ વિદ્યાર્થી કેન્દ્રીય પ્રવૃત્તિઓનું આયોજન થતું રહ્યું છે. જેમાં ૨૦૧ ઉના શૈક્ષણિક વર્ષમાં અમેરિકાની ઓકલોહામા યુનિવર્સિટીમાંથી વિદ્વાન વક્તા ડૉ. બિરુદ સિંધવનું **Marketing Strategy of China** વિષય પર તજ્જ્ઞ વ્યાખ્યાન આયોજિત કરવામાં આવેલું, તો ગુજરાત યુનિવર્સિટીના એસ.ડી. સ્કૂલ ઑફ કૉમર્સના ભૂતપૂર્વ ડાયરેક્ટર ડૉ. હરીશ એસ. ઓઝાનું **'Ethics in Accounting'** વિષય પર તજ્જ્ઞ વ્યાખ્યાન, તેમજ **Indian Chartered Accountants Association - Delhi** ખાતેથી ડૉ. છવી કોચરનું **'Company Secretary : as a Career'** વિષય પરનું તજ્જ્ઞ વ્યાખ્યાન નોંધપાત્ર રહ્યાં છે. તદ્ઉપરાંત વિદ્યાર્થી સજ્જતા શિબિર, રાષ્ટ્રીય કક્ષાનાં સેમિનાર, વર્કશોપ, વેબિનાર, વ્યાખ્યાનમાળા, અતિથિ વ્યાખ્યાનો, જૂથચર્ચા, ભીંતપત્રો સર્જન, વિષયલક્ષી ક્વીઝ સ્પર્ધા, સ્ટડી ટૂર, રિસર્ચ પ્રોજેક્ટ વર્ક, ઈન્ડસ્ટ્રિયલ ઈન્ટર્નશિપ વગેરે જેવાં આયોજનો સતત થતાં રહે છે.



વિદ્યાર્થી સજ્જતા શિબિર : ૨૦૧૮-૧૯ - વિવિધ તજ્જ્ઞ વક્તાઓ વિભાગીય અધ્યક્ષા : ડૉ. લલિતા સોલંકી
તથા પ્રિ. ડૉ. દીપક પંડ્યા (સ્થળ : સમર્પણ આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, ગાંધીનગર)



વિદ્યાર્થી સજ્જતા શિબિર : ૨૦૧૮-૧૯ - ઉદ્ઘાટન બેઠક બીજરૂપ વક્તવ્ય : ડૉ. હરીશ એસ. ઓઝા, પૂર્વ ડાયરેક્ટર
સ્કૂલ ઓફ કૉમર્સ, ગુજ. યુનિ., અમદાવાદ (સ્થળ : સમર્પણ આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, ગાંધીનગર)



ઓવરસીઝ એમ્પ્લોયમેન્ટ કરિયર ઈન્ફોર્મેશન સેમિનાર : ૨૦૧૮-૧૯
(સ્થળ : સમર્પણ આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, ગાંધીનગર)



અતિથિ વ્યાખ્યાન : ડૉ. બિરુદ સિંધવ, ઓકલોહામા યુનિ. યુ.એસ.એ. (અમેરિકા), માર્કેટિંગ સ્ટ્રેટેજી ઑફ ચાઈના - શૈ.વર્ષ ૨૦૧૩-૧૪ -
આયોજક-ઉદ્ઘોષક : ડૉ. લલિતા સોલંકી (સ્થળ : નૅશનલ ઈન્સ્ટિટ્યૂટ ઑફ કૉ-ઑપરેટિવ મેનેજમેન્ટ), **NICM** ગાંધીનગર અને સમર્પણ કૉલેજ



સ્ટડી ટૂર : બરોડા, વિક્ટોરિયલ મ્યુઝિયમ, ૨૦૧૩-૧૪
આયોજક : ડૉ. લલિતા સોલંકી અને પ્રા. સુરેન્દ્રસિંહ વાઘેલા (સમર્પણ કૉલેજ, ગાંધીનગર)



ઈન્ડસ્ટ્રિયલ ઈન્ટર્નશિપ : ૧૯-૨૦ મધુર ડેરી, ગાંધીનગર અને સમર્પણ કૉલેજ
આયોજક : પ્રા. સમીમ ઘાંચી અને પ્રા. જે. જી. ચૌહાણ



તજ્જ્ઞ વ્યાખ્યાન : શૈ.વર્ષ ૨૦૧૯-૨૦ - ડૉ. ચિરાગ વી. રાવલ, હેડ કૉમર્સ વિભાગ - રાધનપુર,
કૉમર્સ કૉલેજ, આયોજક અને સંચાલક : ડૉ. લલિતા સોલંકી (સ્થળ : સમર્પણ કૉલેજ, ગાંધીનગર)



અતિથિ વ્યાખ્યાન : પ્રો. છબી કોચર, ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઑફ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ એસોસિએશન, દિલ્હી
આયોજક : ડૉ. લલિતા સોલંકી (સ્થળ : સમર્પણ કૉલેજ, ગાંધીનગર)

# સમાજશાસ્ત્ર વિભાગ

**વિઝન :** વિદ્યાર્થીઓ સમાજ અને રાષ્ટ્ર માટે ઉત્કૃષ્ટ ભાવનાથી કાર્યો કરતાં થાય અને તેમનો સર્વાંગી વિકાસ થાય.

**મિશન :** કર્મનિષ્ઠ, પ્રામાણિક અને નિષ્ઠાવાન નાગરિકો તૈયાર કરવા.

વર્ષ ૧૯૯૬થી પ્રારંભ થયેલી સમર્પણ આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજની સાથે સાથે જ સમાજશાસ્ત્ર વિભાગની શરૂઆત થયેલી. આ પચીસ વર્ષની સફર દરમ્યાન સમાજશાસ્ત્ર વિભાગ દ્વારા વિદ્યાર્થીલક્ષી, અધ્યાપકીય અને સંસ્થાકીય પ્રવૃત્તિઓ કરવામાં આવે છે. જેમાં નવા સત્રની શરૂઆતમાં વિદ્યાર્થીઓને સમાજશાસ્ત્ર વિષયનું ઓરિએન્ટેશન કરી સમાજમાં બનતી ઘટનાઓ અને પ્રશ્નો તરફ સમાજશાસ્ત્રીય દૃષ્ટિકોણ કેળવાય તે અંગેનું યોગ્ય માર્ગદર્શન સમાજશાસ્ત્ર વિભાગ દ્વારા આપવામાં આવે છે. આ ઉપરાંત તજ્જ્ઞ વ્યાખ્યાન, વિશ્વ વસ્તી દિવસ, નિમિત્તે Online Quiz, વિશ્વ આદિવાસી દિવસની ઉજવણી જેવા કાર્યક્રમો સમાજશાસ્ત્ર વિભાગ દ્વારા કરવામાં આવે છે. આ ઉપરાંત મહાત્મા મંદિરની મુલાકાત, ICT દ્વારા વ્યાખ્યાન, જૂથચર્ચા, ફિલ્મ નિદર્શન, પોસ્ટર મેકિંગ જેવી વિવિધ પ્રવૃત્તિઓ વિભાગ દ્વારા કરવામાં આવેલી છે. સમાજશાસ્ત્રના વિદ્યાર્થીઓના સમાજશાસ્ત્રીય જ્ઞાનમાં વૃદ્ધિ થાય તે માટે Dr. Deba Hota સાહેબના વ્યાખ્યાનના આયોજન કરવામાં આવ્યું હતું. તેમજ એઇડ્સ અવેરનેસ અંગે એક તજ્જ્ઞ વ્યાખ્યાનનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં L & C મહેતા આર્ટ્સ કોલેજના પ્રા. ડૉ. બાબુલાલ સી. પંચાલે 'HIV / AIDS એક સામાજિક સમસ્યા' વિષય પર પોતાનું વક્તવ્ય આપ્યું હતું.



HIV/AIDS અવેરનેસ પ્રોગ્રામ
પ્રાસંગિક ઉદ્‌બોધન : પ્રિ. ડૉ. દીપકભાઈ પંડ્યાસાહેબ ( તા. ૩૧-૭-૨૦૧૮)



તજ્જ્ઞ વ્યાખ્યાન : ડૉ. બાબુલાલ સી. પંચાલ
(તા. ૩૧-૭-૨૦૧૮)



વિશ્વવસ્તી દિવસ કાર્યક્રમ
પ્રાસંગિક ઉદ્‌બોધન : પ્રિ. ડૉ. દીપકભાઈ પંડ્યાસાહેબ (તા. ૧૧-૭-૨૦૧૮)



વિશ્વ આદિવાસી દિવસની ઉજવણી
વક્તા : ડૉ. દીપકભાઈ પંડ્યાસાહેબ (તા. ૯-૮-૨૦૧૭)



વિશ્વ વસ્તી દિવસ નિમિત્તે સેમ-૩ ના વિદ્યાર્થી દંતાણી અજય દ્વારા
આદિવાસી ઉત્સવો વિશે અભિવ્યક્તિ (તા. ૦૯-૦૮-૨૦૧૭)



વિશ્વ વસ્તી દિવસની ઉજવણીમાં સમગ્ર કાર્યક્રમનું સંચાલન કરતાં
ડૉ. રમીલાબેન પટેલ (તા. ૧૧-૦૭-૨૦૧૭)



ગ્રૂપ ડિસ્કશન : સમાજશાસ્ત્ર વિભાગ - પ્રો. માલતીબેન વ્યાસ
(વર્ષ ૨૦૧૮-૧૯)



સી.ડબલ્યુ.ડી.સી. કાર્યક્રમમાં સંચાલન કરતાં પ્રો. છાયાબેન ચાવડા
(વર્ષ ૨૦૧૬-૧૭)

# મનોવિજ્ઞાન વિભાગ

**Vision :** The department has been established to provide psychological knowledge to the students to work for society.

**Mission :** Practical and field knowledge of students will help people, students and society to be mentally positive.

વર્ષ ૧૯૯૬માં સમર્પણ આર્ટસ એન્ડ કૉમર્સ કૉલેજમાં ગૌણ વિષય તરીકે મનોવિજ્ઞાન વિભાગની શરૂઆત થયેલી. સમર્પણ કૉલેજ સ્થાપનાના ૨૫ વર્ષ પૂર્ણ કરે છે. આ ગૌરવપૂર્ણ સફર આનંદ અને ગૌરવની અનહદ અનુભૂતિ કરાવે છે.આ ૨૫ વર્ષના ગાળામાં મનોવિજ્ઞાન વિભાગ દ્વારા વિદ્યાર્થીલક્ષી અનેક પ્રવૃત્તિઓ આયોજિત કરવામાં આવી. મુખ્ય વિષયોની સાથે સાથે ગૌણ વિષય તરીકે મનોવિજ્ઞાન વિભાગ દ્વારા વિદ્યાર્થીઓના સર્વાંગી વ્યક્તિત્વ વિકાસ માટે અનેકવિધ પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવી. જેમાં સત્રની શરૂઆતમાં નવા પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓમાં વિષય અભિમુખતા કેળવાય તે હેતુથી સબ્જેક્ટ ઓરિએન્ટેશન પ્રોગ્રામ આયોજિત કરવામાં આવે છે તેમજ જૂથ ચર્ચા, તજજ્ઞ વ્યાખ્યાન શ્રેણી, લાયબ્રેરી ઓરીએન્ટશન, PPT દ્વારા અભ્યાસ, વિષય સંબંધી ફિલ્મો, વિડીયો, બાયસેગ દ્વારા તૈયાર કરાયેલ વિષય સંબંધી વ્યાખ્યાનો, સુવિચાર લેખન, એસાઈન્મેન્ટની સાથે સાથે વિશ્વવસ્તી દિવસ, Online quiz, World Mental Health Day, Suicide Prevention Day ની પણ ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવે છે. આ સાથે વિષય જ્ઞાનમાં વધારો થાય તે હેતુથી વિદ્યાર્થી માટે શૈક્ષણિક પ્રવાસ પણ આયોજિત કરવામાં આવે છે. સમયાંતરે વિદ્યાર્થીઓની માંગ પ્રમાણે વિવિધ અભ્યાસલક્ષી પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવે છે.



Orientation Programme for Freshers
(Dt. 13 July 2018)



Expert Lecture
(Dt. 4 August 2018)



World Population Day
(Dt. 11 July 2018)



World Population Day
(Dt. 11 July 2018)



Expert Lecture
(Dt. 4 August 2018)



Library Orientation
(Dt. 7 September 2018)



Departmental Meeting



Orientation Programme

# Department of English

## Report for Silver Jubilee Special Issue

**Where Education is the Way of Life...**

**Department @25**

As the institute has entered into its glorious 25th year of academics, the Department of English has also flourished as one of its prime units celebrating the silver jubilee this year. Established in 1996, the Department of English at Samarpan Arts and Commerce College offers B.A. Programme in English as a special subject. Offering General English and Commercial Communication Courses, the department serves each and every student who enters into the college with a dream of achieving big and better in life. At present, the department is run by four permanent faculty members, namely Dr. Rucha Brahmbhatt, Prof. Vaibhav Kothari, Prof. Shweta Panwar and Dr. Rajesh Mehta. Apart from undergraduate courses, the department also pursues research related activities and motivates young brain toward exploring untrodden paths in transdisciplinary and interdisciplinary manner. At present, four students have been pursuing their Ph.D. under the guidance of Dr. Rucha Brahmbhatt and four students have already been conferred degree by Gujarat University.

The department ensures to attain programme specific outcomes, well stated on college website, by thoroughly teaching all courses on various platforms like MS Teams, Google Meet, Google Classroom, Zoom etc and by various methods like flipped classroom, assignment, viva, quiz, group discussion, interactive classroom with audio-visual aids and any more. The special English students enthusiastically take part in poetry-recitation workshops or designing wall paper 'Athena' on various themes. Every year experts of national or international stature visit the department and address the students. In last twenty five years scholars from Spain, Japan, USA and stalwart from the parts of India have been hosted by the Department. Two UGC - National Seminars have been convened namely 'Higher Education : Global Issues and Challenges' inaugurated by former NCERT Director Dr. J. S. Rajput and 'Reality and Virtuality : Confluence of Indo-Sino-Japanese' inaugurated by Shree Amrit Gangar.

The department is always ready to accept new challenges and keeps pace with the changing trends in the field of education. A decade back the departmental working adopted to digitalization. A fully functional Digital English Language Lab was established in 2008 coordinate by Prof. Shweta Panwar till date. Students were introduced not only to the basic learning of computers, but also trained in online English language skills. In the year 2013, the department introduced Online Assignments. The techno-savvy generations of students have made it possible for us to be in contact with them even after so many years. Before joining the Police department, Sauram Joshiyara and while preparing for a job in court, Chaman Dulera offered their voluntary services in digitalizing data between 2013 and 2015. The Samarpan English Alumni is very active group and always ready to help the new comers. If Vipul Chauhan provides study material for a course in journalism, Arvindsinh Vaghela prepares students for entry level exams, Parth Patel is always ready for career counselling, Rejendrasinh Rathod offers teaching assistantship and many of such service from our dedicated alumni still continue. The department is extremely grateful to the English alumni for creating a strong tradition of 'giving back'.



UGC National Seminar : 2011-12



Dr. RIHO ISAKA, UGC National Seminar, 2013




State Level Webinar, 2020




State Level Webinar, 2020



Prof. Kirit Trivedi, SDP 2018



Shree Amtrut Gangar, UGC National Seminar 2012-13




WALL PAPER 'ATHENA' 2017-18



LIBRARY ORIENTATION 2018

At the department, student and teachers get opportunity to use computers and get access to online books and journals especially by INFLIBNET and NDL. students are offered special library orientations. Special training workshops have been arranged for poetry recitation. Training in spoken English is an unwritten commitment ! In order to inculcate Gandhian values, the students are often given a tour of Gandhi Ashram and Mahatma Mandir. Special exhibitions of Gandhian Literature and lectures have been arranged by Prof. Vaibhav Kothari. Realizing the need for value based education, in 2007, Prof. Vaibhav Kothari & Dr. Rucha Brahmbhatt prepared a booklet “Education and Values” in two languages under the guidance of Principal Dr. Kishorsinh Solanki.

Department of English relishes its pride in the notable alumni. A number of students have carried forward the tradition of teaching in higher education institutes like Dr. Jayesh Mananka, Prof. Govind Ninama, Prof. Hemant Kharadi, Prof. Vishal Patel and many more. A number of students are working successfully with mass media and communication, e.g., Gaurav Khara-Navgujarat Samay, Vipul Chauhan - Information Department - Gujarat STate, Ajay Vasava - ABP Asmita and Parth Patel at CMO. English has also helped students in taking up higher positions in public services. e.g., Arvindshinh Vaghela serves as DySO, Legal Department of Gujarat State; Rajesh Kanmiya as PI and Pravin Vasava as PSI; and Vinod Muniya in BSF. Praful Parmar, Sauram Joshiyara, Khemji and Ashvin Gadadhara serve Gujarat Police. Gautam Vegda is steadily establishing himself at the international level as a young upcoming poet-dramtist-novelist writing in English. These are a few examples as the list is endless.

A good number of students are specially supported who participate in sports and extension activities. It is indeed a matter of pride for the department that students have performed well at international and national levels bringing laurels to the institute. For instance, Rizwan Ahmed won bronze at National Boxing Championship; bringing honour to Gujarat University after 32 Years ! Alok Akash and Shaileja Patel represented the institute at National Badminton and Shooting Championships respectively.

Sensitizing students towards literature and art, department is instrumental in promoting cultural competitions. To name a few, Jayesh Mandanka won Five such events securing first positions in Poetry Recitation and Elocution competitions. A team of talented students : Gaurav Khara, Kiran Hedau, Jayesh Gamit and others offered memorable winning performance at Gujarat University Youth Festival by staging John Milton’s The Paradise Lost as a musical mime. Under the direction of the then Prof. Harit Mehta, Jayesh Mandanka and Padmini performed one act play - Nejvani Chhany Tale - at reputed drama competition organized by Gujarat Samachar & INT. Other achievers were Khyati Mehta winning GU youth Festival Clay Modelling and Tejal Kandoriya winning elocution competitions.

Student are also encouraged to offer their service to the deprived sections of the society as part of extension activities. Many students, for years together, used to offer their voluntary service to primary schools of Indroda, Borij and Adiwada. Focussing on the holistic the concept of welfare of the society and nation through education. When it comes to the overall quality assurance of the institute, the Department plays a pivotal role. All faculty member have been navigating the IQAC since the day of it inception. Welcome to join the quest for quality !

# SAMARPAN GOLD MEDALLISTS



Kranti Dhunkh (English) Athletics



Kranti Dhunkh (English) Athletics



Abhishek Darji (Gujarati)



Vishal Parmar (Gujarati)



Rizwan Nisar Ahmed (English) Boxing



Volleyball Team



Rudrasinh Rajput (English) Shooting



Rudrasinh Rajput (English) Shooting

# પૂરક પ્રવૃત્તિ અહેવાલ

# Internal Quality Assurance Cell (IQAC)

**Co-ordinator : Dr. Rajesh Mehta**

**Preamble:**

It's a demand of time to go for quality assessment and accreditation not only for Higher Education Institutes but also for each professional organisation. There are various agencies working separately to assess and accredit different types of organisations namely NAAC, NBA, ISO, NIRF etc. The thrust area of these agencies is quality check, improvement and sustenance. IQAC has a key role to play for the institution to impart quality and maintain it. By keeping these things in mind our management, Gandhinagar Charitable Trust, formally established Samarpan Arts and Commerce College IQAC in the year 2016. Dr. Rucha Brahmbhatt served as the founder Chairperson of the IQAC and Dr. Kamal Dave has been appointed as the Coordinator. For the academic years 2016-17 and 2017-18 both of them rendered their services to the IQAC as the Chairperson and the Coordinator respectively. Prof Vaibhav Kothari assisted them as an Assistant Coordinator.

At the onset of the academic year 2018-19, Dr. Dipak Pandya took the charge of the Principal of Samarpan Arts and Commerce College. And he became the ex officio Chairperson of the IQAC. For the academic year Dr. Rucha Brahmbhatt served as the Coordinator and Prof. Vaibhav Kothari as the Assistant Coordinator of the college IQAC.

There was a further change in the year 2019-20, Dr. Dipak Pandya remained the chairperson but Dr. Rajesh Mehta has been given the responsibility of the Coordinator and Prof. Shweta Panwar the Assistant Coordinator of IQAC. In the current academic year, the same team bears the responsibility formally.

**Special Activities:**

The major functions of IQAC include preparation of an academic calendar for the college and adhere to the calendar while arranging various curricular, co-curricular, and extra-curricular activities. For the support and documentation of the activities it forms various committees. And the committees do their best to promote multiple student centric activities/ process. IQAC also nudge the faculties of the institution to go for academic research and publications. It also suggests enhancing the infra structural facilities of the college. And last but not the least, timely submission of documents/reports, to NAAC, AISHE, NIRF, GSIRF, University, and the Government, is also one of the important responsibilities of IQAC.

ગુજરાતીની સાથે ફરજિયાત અંગ્રેજી પણ ભણતા. ફરજિયાત અંગ્રેજી ઋચામેમ લેતાં. તેઓ માટે કહેવું હોય તો કહી શકાય કે એક વિદુષી વ્યક્તિત્વ પણ પોતાની વિદ્વત્તાનો ભાર ક્યારેય માથા પર આવવા ના દે. હંમેશા અમી ભરેલા સ્મિત સાથે જ વિદ્યાર્થીને આવકાર આપે અને વિદ્યાર્થીને ક્યારેય 'તું' કહીને બોલાવ્યો હોય એવું મને યાદ નથી. તેઓ 'તમે' કહીને જ સંબોધે. મારું અંગ્રેજી તો પ્રમાણમાં કાચું. પણ ઋચામેમ અંગ્રેજી શીખવતાં હોય ત્યારે એ લઘુતાગ્રંથી ક્યાંય દૂર થઈ જતી. આજે પણ કૉલેજમાં જઈએ અને ઋચામેમની સામે જઈએ એટલે તરત જ એ વહાલભર્યા શબ્દો અચૂક સાંભળવા મળે "આવો અભિષેક", ને એમના શબ્દોનાં ઓવારણાં લેવાનું મન થાય એટલું માધુર્ય મને એ શબ્દોમાં અનુભવાય.

આ સિવાય સંસ્કૃતમાં ઝરમરમેમ, વદનસિંહસાહેબ, સમાજશાસ્ત્રનાં રમીલાબેન, વાઘેલાસાહેબ, રાણાસાહેબ, પટેલસાહેબ બધાંજ ગુરુજનોના દરેક વિદ્યાર્થીઓને એકસરખા વ્હાલથી રાખે. કારકુન હોય કે સેવક વિદ્યાર્થીને અગવડ ના પડે એની તકેદારી રાખે. જાણે કૉલેજ નહિ પણ પરિવારમાં હોઈએ એવી અનુભૂતિ થાય. ગુજરાતમાં પણ સમર્પણ કૉલેજની નામના બહુ મોટી. બહારની કોઈ કૉલેજમાં સેમિનાર કે અન્ય કાર્યક્રમમાં જવાનું થાય ત્યારે સમર્પણ કૉલેજના વિદ્યાર્થી હોવાનું ગૌરવ અનુભવાયા વિના રહે નહિ.

૨૦૦૮માં કૉલેજ પૂરી કરી. ગ્રેજ્યુએટ થયા. પણ સમર્પણ સાથે નાતો કાયમ રહ્યો. આજે હું પણ એક પ્રોફેસર છું. (કદાચ સમર્પણ ના મળી હોત તો ના પણ હોત.) સમર્પણમાં જ મારી પ્રગતિનાં મંડાણ થયાં છે. મારી પ્રગતિનું એક એક પગથિયું ચડતો ગયો અને આજે હું જે કંઈ છું તે મારી કૉલેજના કારણે છું. આજે સમર્પણ કૉલેજ સેક્ટર-૨૮માં ભવ્યાતિભવ્ય બિલ્ડિંગમાં ખસેડાઈ છે. આજે પણ સેક્ટર-૮ના જૂની કૉલેજ બિલ્ડિંગ આગળથી પસાર થઈએ તો જાણે એ પણ અમને આવકારતી હોય એવું લાગે છે. એ જગ્યાને જોઈને જૂની સ્મૃતિઓનો મેળો હેલે ચઢી જાય છે. આજે તો એવું થાય છે કે, પચીસમા વર્ષમાં પ્રવેશ કરતી કૉલેજમાં ૨૦ વર્ષના બનીને ફરી પાછા સમર્પણના વર્ગખંડોમાં બેસવું છે. ફરીથી ગુજરાતીની કૃતિઓ પંડ્યાસાહેબ અને સ્વપ્નિલ સર જોડે ભણવી છે. હજી ઋચામેમ પાસે અંગ્રેજી પાકું કરવું છે. પણ હવે એ ક્યાં શક્ય છે ?

## શ્રી વિશાલ દશરથલાલ રાજદીપ (પરમાર)

ગુજરાતી : ૨૦૦૭



આદરણીય સાહેબશ્રી,

ગાંધીનગરની ખ્યાતનામ સંસ્થાઓમાંની એક એવી ગાંધીનગર ચેરિટેબલ ટ્રસ્ટ સંચાલિત સમર્પણ આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ ૨૪વર્ષની શિક્ષણયાત્રા પૂર્ણ કરીને ૨૫મા વર્ષમાં પ્રવેશી છે ત્યારે કૉલેજના 'રજતોત્સવ' નિમિત્તે એક ભૂતપૂર્વ વિદ્યાર્થી તરીકે મને તેનો ગર્વ અને સવિશેષ આનંદ છે. સમર્પણ કૉલેજના વિદ્યાર્થી હોવાનું આજીવન ગૌરવ રહેશે. સમર્પણ કૉલેજના સ્ટાફ પરિવારે સિંચેલા શિક્ષણ, સંસ્કાર અને શિસ્ત થકી આજે અમે અમારા પગ પર ઊભા રહી શક્યા છીએ.

સમર્પણ કૉલેજ મારા જીવનનો અગત્યનો વળાંક છે. ધોરણ-૧૨કૉમર્સમાંથી આર્ટ્સ ફેકલ્ટીમાં આવવાનો નિશ્ચય કર્યો ત્યારે અન્ય કૉલેજોએ ઘસીને 'ના' કહી પરંતુ સમર્પણે મને આશરો આપ્યો. કૉલેજમાં જ્યારે પહેલી વાર પગ મૂક્યો ત્યારે એન. એન. પટેલસાહેબે અને અન્ય સ્ટાફે જે આવકાર આપેલો તે અવિસ્મરણીય છે. સમર્પણ કૉલેજમાં વિતાવેલાં એ ૨૦૦૪-૦૫થી ૨૦૦૬-૦૭ એમ કુલ ત્રણ વર્ષ મારા જીવનનું મહામૂલું યાદગાર સંભારણું છે.

અત્રે વિશેષ સ્મરણ કરવાનું, વંદન કરવાનું મન થાય છે વંદનીય ગુરુજનો એવા સમર્પણ કૉલેજના ભૂતપૂર્વ આચાર્યશ્રી કિશોરસિંહ સોલંકી, અધ્યાપક શ્રી ડૉ. દીપક પંડ્યા અને પ્રા. સ્વપ્નિલ મહેતા કે જેઓએ ગુજરાતી ભાષા સાહિત્યમાં ડોકિયું કરાવ્યું - રસદર્શન કરાવ્યું તો અંગ્રેજી ભાષા-સાહિત્યનો પરિચય કરાવનાર ડૉ.ઋચા મેડમને કેમ ભુલાય ! આ ચારેય ગુરુજનોનું અંગત હકારાત્મક માર્ગદર્શન, પ્રેરણા અને હૂંફ મને સતત મળ્યાં છે. આ ઉપરાંત ભાવેશભાઈ જેઠવા, ઝરમરબેન પંડ્યા, વદનસિંહ વાઘેલા, રમીલાબેન પટેલ, જગદીશભાઈ વઢવાણા, સચિનભાઈ ઉપાધ્યાય તેમજ અન્ય અધ્યાપકશ્રીઓની ભણાવવાની નોખી રીત આજે પણ યાદ છે. એ જ કારણે વર્ષ ૨૦૦૭માં સમગ્ર ગુજરાત યુનિવર્સિટીમાં પ્રથમ ક્રમે અને વિનયન વિદ્યાશાખામાં ત્રીજા ક્રમે આવવા બદલ તત્કાલીન રાજ્યપાલશ્રી મહામહિમ પં. નવલકિશોર શર્માજીના હસ્તે ચાર સુવર્ણચંદ્રક અને બે ઈનામ મેળવવાનો તમામ યશ મારા સમર્પણ પરિવારના આ ગુરુજનોને જાય છે.

'પરિવર્તન સંસારનો નિયમ છે.' એ ન્યાયે આજે સમર્પણ કૉલેજ, સેક્ટર-૮માંથી સેક્ટર-૨૮માં ફેરવાઈ છે. સંસ્થાનું નવું બિલ્ડિંગ બન્યું અને કેમ્પસ વિકસાવ્યું તેનો ઘણો જ આનંદ છે.જગ્યા નવી છે, સ્ટાફ પણ થોડો બદલાયો છે પરંતુ 'સમર્પણ'નું શિક્ષણ, સંસ્કાર અને શિસ્ત એના એ જ છે. આજે પણ જ્યારે એ જૂના બિલ્ડીંગ આગળથી નીકળું છું ત્યારે આપોઆપ પગ થંભી જાય છે. મન થોડી વાર માટે ભૂતકાળમાં સરી જાય છે અને નતમસ્તક થઈ જવાય છે. કારણ કે અમારો સમય તો ત્યાં જ વીત્યો છે.

'સમર્પણ' વિષે ઘણું કહી શકાય એમ છે. ઘણાં સંસ્મરણો મનમાં ધરબાઈને પડ્યાં છે પરંતુ શબ્દોની મર્યાદા છે. સમર્પણ કૉલેજ હંમેશા પ્રગતિનાં સોપાનો સર કરે, ઉત્તમોત્તમ વિદ્યાર્થીઓ આ સંસ્થામાંથી તૈયાર થાય અને સંસ્થાને ગૌરવ અપાવે તેવી શુભેચ્છા અને વંદન સાથે 'સમર્પણ કૉલેજ'નો અને 'સમર્પણ પરિવાર'નો હું સદાને માટે ઋણી રહીશ.

## શ્રી કમલેશ પાથર

અંગ્રેજી : ૨૦૦૩



સમર્પણ આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ જ્યારે પોતાની સિલ્વર જ્યુબિલી ઊજવી રહી છે ત્યારે મારા કરિયર ઘડતર અને મારી સફળતામાં સમર્પણ કૉલેજનો જે ફાળો છે અને તેના આધારે મારી લાઈફ સફળ થઈ છે તેની એક નાનકડી વાત કરીશ.

મારું પ્રાથમિક શિક્ષણ પોરબંદર તાલુકાના નાનકડા ગામ પારાવાડામાં પૂરું થયું. માધ્યમિક શિક્ષણ પણ ગામની હાઈસ્કૂલમાં લીધું. ધોરણ-૮માં પ્રવેશ વખતે મારું અંગ્રેજી વિષયનું જ્ઞાન અંગ્રેજીની બારાક્ષરી જેટલું હતું. અમારા અંગ્રેજી શિક્ષકે જ્યારે બ્લૅકબોર્ડ પર મોર અને પોપટ બે શબ્દો લખી અંગ્રેજી કરવાનું કહ્યું ત્યારે હું ઊભો થઈ MOR અને POPAT કરી આવ્યો હતો.

પરંતુ મારી હિંમત અને લગન મારા ગુરુજનોએ ઓળખી અને મારામાં પ્રાણ પૂર્યા... હું પણ સારી રીતે ભણી શકું એ વાતમાં વિશ્વાસ અપાવ્યો અને ત્યાંથી કાંઈક સ્વપ્નાઓ જોતો થયો. પરંતુ અંગ્રેજી તો કાચું જ રહ્યું. વર્ષ ૧૯૯૮માં ધોરણ ૧૦માં અંગ્રેજી અથવા હિન્દી વિષય રાખવાની છૂટ હતી. મારા ગુરુજનોના વિશ્વાસના કારણે અંગ્રેજી તો રાખ્યું. પરંતુ ગણિત અને વિજ્ઞાન કરતાં ૫૦ ટકા જેટલા એટલે કે ૩૭ ગુણ આવ્યા.

૧૧-૧૨ સાયન્સ કરવાની ખૂબ ઈચ્છા હતી પરંતુ આર્થિક પરિસ્થિતિના કારણે કરી ના શક્યો અને ત્યારે ફરી નક્કી કર્યું કે ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહ કરી પીટીસી કરું અને માતા-પિતાને મદદ થઈ શકે તેવી નોકરી શોધી લઉં.

૧૨ આટ્ર્સમાં પણ અંગ્રેજી ન છોડ્યું. ત્યારે પણ અંગ્રેજીમાં ૩૯ ગુણ આવ્યા અને પીટીસીમાં ઍડ્મિશન મળે એટલા ટકા ન આવ્યા. બસ હવે તો કોઈ ઑપ્શન દેખાતો ન હતો. ધોરણ-૧૨નું પરિણામ હાથમાં લઈ આવી ખેતરમાં કામ કરતાં કરતાં વિચાર કર્યો કે હવે શું કરવું ? ન તો સાયન્સમાં જઈ શક્યો ન તો પીટીસી જેટલા ટકા લાવી શક્યો.

બસ એ જ ગડમથલમાં એક વિચાર ચોક્કસ આવ્યો કે હવે પગભર થવું હોય તો અંગ્રેજી વિષય સાથે જ ભણવું પડે. પરંતુ અન્ય વિષયો કરતાં ડબલ મહેનત કરવા છતાં પણ ધોરણ-૧૦ અને ૧૨માં અંગ્રેજીમાં ૩૭ અને ૩૯ માર્ક્સ આવ્યા હોય તો અંગ્રેજી સાથે કેમ ભણી શકાય ?

છતાં એક મિત્રના સહારે ગાંધીનગર હૉસ્ટેલમાં રહેવાનું નક્કી કર્યું. ગાંધીનગર સેક્ટર-૧૫ની સરકારી કૉલેજમાં પ્રવેશ માટે ફૉર્મ ભર્યું ત્યારે અંગ્રેજીમાં ૩૯ માર્ક્સના લીધે પ્રવેશની ના પાડી દીધી. બસ આ જ મારા માટે સફળતાની શરૂઆત હતી.

ત્યારે મેં સમર્પણ આટ્ર્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ સેક્ટર-૮, ગાંધીનગરમાં મુખ્ય વિષય અંગ્રેજી સાથે પ્રવેશ મેળવ્યો. ધોરણ-૧૦ અને ૧૨માં રોળાયેલાં મારાં સપનાંઓને નવી પાંખો મળી. અંગ્રેજી વિષયમાં ઋચા મેડમ અને દવે સર પાસેથી મને વિશ્વાસ મળ્યો 'હું પણ કરી શકીશ'. સંસ્કૃત વિષયનાં ગીતાબા ચાવડાએ મારામાં રહેલ સ્ટેજ પાવરને બહાર લાવવાનું કામ કર્યું. મને ખૂબ જ પ્રેરણા અને માર્ગદર્શન મળ્યાં. જેના પરિણામે હું અંગ્રેજી વિષય સાથે પ્રથમ વર્ષે કૉલેજ ફર્સ્ટ આવ્યો. બસ પછી તો બધાનો સાથ મળતો ગયો.

તત્કાલીન આચાર્ય શ્રી ડૉ. કિશોરસિંહ સોલંકી, વાઈસ પ્રિન્સિપાલ ડૉ. જયંતિભાઈ પ્રજાપતિ સર, જાડેજા સર, વાઘેલા સર, અંગ્રેજી વિષયમાં ચેતના મેમ, તેજલ મેમ આ તમામના સાથ-સહકારથી ક્યાંય પણ ટ્યૂશન વગર ફર્સ્ટ ક્લાસ સાથે પાસ થયો અને ટી.વાય.માં કૉલેજના જી.એસ. તરીકે પણ રહ્યો. અંગ્રેજી વિષય સાથે આવેલો આત્મવિશ્વાસ માત્ર ને માત્ર સમર્પણના કારણે જ છે. બી.એડ્. કર્યા બાદ અંગ્રેજી વિષયના એક શિક્ષક તરીકે કામગીરી શરૂ કરી. જે વિદ્યાર્થીઓને અંગ્રેજી વિષયની બીક લાગતી હોય તેમને મારું ઉદાહરણ આપી સફળતા તરફ દોરવાનો પ્રયાસ કર્યો અને તેમાંના સારા વિદ્યાર્થીઓ આજે અંગ્રેજી શિક્ષક છે.

સમર્પણ કૉલેજમાંથી મને સ્ટેજ પર જવાનો મોકો મળ્યો તેના કારણે આજે હું સારામાં સારા કાર્યક્રમોનું એન્કરિંગ કરી શકું છું.

વિદ્યાર્થીઓને ખૂબ સારી રીતે અંગ્રેજી કેવી રીતે શીખવવું, એમાં પણ ખાસ કરીને અંગ્રેજી ગ્રામર એ મારા માટે મુખ્ય વિષય બની ગયો અને આજે પણ મારા વિદ્યાર્થીઓ મને આ બાબતે યાદ કરે છે.

- વર્ષ ૨૦૦૫થી ૨૦૧૦ સુધી ખાનગી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળામાં અંગ્રેજી શિક્ષક તરીકે ફરજ બજાવી.
- ૨૦૧૦માં સરકારી પ્રાથમિક શાળામાં વિદ્યાસહાયક તરીકે નોકરી મળી.
- ૨૦૧૨થી ૨૦૧૭ સુધી સરકારી પ્રાથમિક શાળામાં મુખ્ય શિક્ષક અને શિક્ષણ નિરીક્ષક તરીકે ખૂબ જ સારી કામગીરી કરી કે દેવભૂમિ દ્વારકા જિલ્લામાં એક નામ થયું.
- ૨૦૧૪માં લેવાયેલી શિક્ષણ સેવા વર્ગ-૨ (જી.પી.એસ.સી.)ની પરીક્ષા પસાર કરી ૨૦૧૭થી ભાણવડની શ્રી વી.એમ. ઘેલાણી સરકારી હાઈસ્કૂલમાં આચાર્ય તરીકે ફરજ બજાવું છું. એટલું તો ચોક્કસ કહીશ કે જો મેં સમર્પણ કૉલેજના બદલે અન્ય કૉલેજમાં મારું ગ્રેજ્યુએશન કર્યું હોત તો.... અંગ્રેજી વિષય સાથે મારું ગ્રેજ્યુએશન પૂરું ન કરી શક્યો હોત અને આજે હું છું તેની કલ્પના પણ ના કરી શક્યો હોત.

## શ્રી બિનલ પટેલ

કૉમર્સ : ૨૦૧૩



સમર્પણ આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજે મને મારી લાઈફની બેસ્ટ મોમેન્ટ આપી છે. એમાંથી જે મારા Career related હતું એની વાત કરવા માગું છું. જેમાં ત્રણ વર્ષમાં દરેક લેક્ચરમાં પ્રોફેસર દ્વારા કૉલેજ પછી અમે કેવી રીતે પગભર થઈ અમારી જરૂરિયાત પૂરી કરી શકીએ અને બીજા પર આધાર રાખ્યા વગર જીવન જીવી શકીએ તે શીખવા મળ્યું. તે માટે કૉલેજમાં Career Counselling Cell દ્વારા વિવિધ કંપનીઓ માટે ઈન્ટરવ્યૂ લેવામાં આવતા. તેમાં ઘણા વિદ્યાર્થીઓએ ભાગ લીધો ને સફળતા મળી છે. તેમજ TCS Training, Government Exam Related Classes અને જ્યારે પણ જરૂર પડે ત્યારે કોઈ પણ પ્રોફેસર પાસેથી Career Related માહિતી મેળવી શકતા. આ તો વાત થઈ કૉલેજમાં હતા ત્યાં સુધીની પણ મને આજે પણ સમર્પણ કૉલેજ મદદ કરી રહી છે. જેમ કે હમણાં થોડા સમય પહેલાં જ CED Program એટલે કે સફળ Enterpreneur કેવી રીતે બની શકાય તેની Training હતી તેમાં સમર્પણ કૉલેજ દ્વારા મેં ભાગ લીધો. જેમાં Business Start Upથી લઈને End સુધી તમામ ઈન્ફોર્મેશન મળી. તે માટે સમર્પણ કૉલેજની આભારી છું. હું હાલ પ્રાઈવેટ જૉબ કરું છું. પણ બહુ જલ્દી પોતાનો બિઝનેસ શરૂ કરવા માગું છું. કેમ કે સમર્પણ કોલેજના માધ્યમથી લીધેલી EDP Trainingમાં શીખવા મળ્યું કે નોકરી લેનાર એક કુટુંબનું ભરણપોષણ કરે છે પણ નોકરી આપનાર ઘણા બધાનું...

સમર્પણ કૉલેજે મારી લાઈફ ચૅન્જ કરી દીધી છે. ગર્વ છે મને કે હું સમર્પણ આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, ગાંધીનગરની આજીવન વિદ્યાર્થિની છું.

## શ્રી કુલદીપસિંહ અનોપસિંહ બિહોલા

કૉમર્સ : ૨૦૧૭



સમર્પણ કૉલેજ વિશે જેટલું કહું એટલું ઓછું છે. વર્ષ ૨૦૧૪માં ૧૨મું પાસ કરીને સમર્પણ કૉલેજમાં બી.કૉમ.માં ઍડ્મિશન મેળવ્યું.

આ કૉલેજનો પહેલો દિવસ હજુ પણ યાદ છે. એ પહેલા દિવસે સવારે કૉલેજમાં પહેલા લેક્ચર માટે પ્રવેશ્યો ! જોયું કે આ શું ? આવી શટરવાળી કૉલેજ તો કાંઈ કૉલેજ કહેવાય ? પછી લેક્ચર શરૂ થયું. સાથે સાથે પ્રોફેસર અને વિદ્યાર્થીઓની વચ્ચે અલગ જ પ્રકારના સંબંધ જોવા મળ્યા. પહેલા જ દિવસે કૉલેજનો સ્ટાફ અમારા માટે દૂધમાં ખાંડની જેમ ભળી ગયા. નવા નવા મિત્રો બન્યા.

થોડા જ દિવસોમાં પ્રોફેસરની સાથે અલગ પ્રકારની લાગણીઓ બંધાઈ ગઈ. ત્યારે થયું કે આ શટરવાળી સમર્પણ કૉલેજ, એ કૉલેજ નહીં જ્ઞાનનો વડલો છે અને અહીંયાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ વડલાની ડાળીઓ. એમાંનો હું પણ એક છું. જેનો મને ગર્વ છે.

જોતજોતાંમાં કૉલેજનાં ત્રણ વર્ષ કેમના નીકળી ગયાં કંઈ ખબર ના પડી. એ કૉલેજના મિત્રોની સાથે કેન્ટીનમાં ચાની ચુસ્કી, લેક્ચર્સ બન્ક કરીને જોયેલી મૂવીઝ, ચાલુ લેક્ચર્સમાં મિત્રો સાથે કરેલી વાતો હજુ પણ યાદ છે.

પરીક્ષાના બે દિવસ પહેલાં કરેલી તૈયારી હજુ પણ યાદ છે. જ્યારે Account અને Stat માં ફાઈનલ જવાબ ના આવતો હોય તો રાત્રે ૧૦-૧૧ વાગે પ્રોફેસરને મેસેજ કે ફોન કરીને પૂછેલા પ્રશ્નો આજે પણ યાદ આવે છે.

હાલના સમયમાં જ્યારે સફળતાના માર્ગ ઉપર આગળ વધવાની સાથે અમને સફળ બનાવવા બદલ પ્રોફેસરનો અને માનનીય પ્રિન્સિપાલનો દિલથી આભાર માનું છું. અંતમાં એટલું જ કહેવા માગું છું કે,

मेरे यारो ये साथ का पल, अब एक दास्ताँ में बदल गया...
आ गया वो मोड़ जिसमें अलविदा कहेना पडा...।

क्लास और केन्टीन वाली कहानी खतम अब और, अब अलग होगी मंजिलें और अलग रास्ता...।
केम्पस की वो सिडीयाँ जहाँ झुमती थी वो मेहफिलें, और वो सिडीयों का स्टेज भी आज खाली करना पड रहा ।

आ गया वो मोड़ जिसमें अलविदा कहेना पडा...।
मेरे यारो ये साथ का पल, अब एक दास्ताँ में बदल गया... ।

बच्चे ही थे ना जब इस केम्पस में आये, और देखते ही देखते ये तीन साल में क्या कुछ हो गया... ।
हाथ में डिग्री मिली, और हम सब सयाने हो गये...!

सेमिस्टर के उस समय में परीक्षा के दो दिन पहेले ही दोस्तों के साथ की वो रात भर की तैयारी,
और देखते ही वो पल दास्ताँ में बदल गये और आ गया पल जिसने अलविदा कह दिया... ।
मेरे यारों ये साथ का पल अब ये दास्ताँ में बदल गया... ।

***Thank you Samarpan***

## શ્રી પ્રેમ પટેલ

કૉમર્સ : ૨૦૧૮



'કૉલેજ' આ શબ્દ સાંભળતાં જ જલસો યાદ આવી જાય, પરંતુ ખરેખર સમજણ આવ્યા પછીની શિક્ષા કહીએ એટલે કૉલેજ. ૨૦૧૪માં મેં મારું ૧૨મું ધોરણ પતાવી કૉલેજમાં પ્રવેશ મેળવ્યો. પ્રવેશ મેળવ્યાની સાથે જ ખબર પડી કે, હા ખરેખર જલસો તો કૉલેજ. એનું કારણ એ હતું કે અમને ભણાવનાર પ્રોફેસર તો ખરા જ પણ એ અમારા સારા મિત્ર પણ હતા. જેનાથી અમને કૉલેજની સાથે સાથે જીવન કેવી રીતે જીવવું એનું પણ જ્ઞાન મળી રહ્યું હતું અને એમાં પણ હતો હું તો કૉમર્સનો સ્ટુડન્ટ, તો જીવનની બૅલેન્સશીટ કેવી રીતે મેન્ટેન કરવી એ પણ શીખવા મળી રહ્યું હતું. કૉલેજનાં ત્રણ વર્ષ કેમ વીતી ગયાં એ ખબર જ ના પડી. કૉલેજનો વિદ્યાર્થી હોવાથી દરેક બાબતમાં હું નફો શોધતો, બસ આ જ નફો મને સમર્પણ કૉલેજમાંથી જ્ઞાનસ્વરૂપે મળ્યો. આ સાથે સાથે બીજી ઘણી બધી પ્રવૃત્તિઓ પણ શીખવા મળતી અને મારા ઑડિટર જેવા પ્રોફેસરોએ બધી જ રીતે અમને ઘડીને ફાઈનલી તૈયાર કરી દીધા, અને આજે પણ જ્યારે સફળતાના માર્ગ પર ચાલી રહ્યા હોઈએ ત્યારે અમને સફળ બનાવનાર પ્રોફેસર બહુ જ યાદ આવે છે.



## શ્રી રવીન્દ્રકુમાર લાલભાઈ રાવળ

કૉમર્સ : ૨૦૧૯

નમસ્તે,

હું રાવળ રવીન્દ્ર એલ. આથી જણાવતાં ખૂબ જ ખુશી અને ગર્વ થાય છે કે હું પણ સમર્પણ આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, સેક્ટર-૨૮નો ભૂતપૂર્વ વિદ્યાર્થી છું. મેં ૨૦૧૫થી ૨૦૧૮ સુધીમાં બી.કૉમ. પાસ કર્યું છે. મને કૉલેજ તરફથી ઘણો બધો સાથ-સહકાર મળ્યો છે. કૉલેજમાં આવ્યા બાદ મને પ્રોફેસર તેમજ કૉલેજ સ્ટાફ તરફથી વ્યક્તિગત વિકાસમાં ઘણો સહયોગ મળ્યો છે.

અમારા કૉમર્સ ડિપાર્ટમેન્ટના પ્રોફેસર શ્રી ડૉ. લલિતાબેન સોલંકી, જેમણે મને જીવનની કારકિર્દીમાં ઘણો સાથ-સહકાર આપ્યો છે. એમનો હું ખૂબ જ આભાર વ્યક્ત કરું છું. તેઓ ભણાવવાની સાથે સાથે વિદ્યાર્થીઓમાં કૌશલ્ય વિકાસ માટે પણ ખૂબ જ મદદરૂપ થયાં છે. વિદ્યાર્થીઓને પ્રોત્સાહન આપવું તેમજ સાંસ્કૃતિક કાર્યક્રમો દ્વારા વ્યક્તિગત વિકાસ થાય તેવાં પણ કાર્યો કર્યાં છે. જેવા કે, નિબંધલેખન સ્પર્ધા, વક્તૃત્વ સ્પર્ધા, મનોરંજન ક્ષેત્રમાં સંગીત સ્પર્ધા તેમજ સ્ટેજ પ્રોગ્રામમાં જેમાં પ્રાચીન સંસ્કૃતિ જળવાઈ રહે તેવા ઘણા બધા કાર્યક્રમો કરાવ્યાં છે. જેવા કે, લોકગીત, પ્રાચીન રાસગરબા, લોકનૃત્ય, નાટક જેવી અનેક પ્રવૃત્તિઓ દ્વારા વિદ્યાર્થીઓને તેમના આંતરિક વિકાસ તેમજ જીવનઘડતરમાં તેમનું મહત્ત્વનું યોગદાન આપ્યું છે. તેમજ અમારી સંસ્થાના તમામ પ્રોફેસરનું પણ ખૂબ જરૂરી પ્રોત્સાહન તેમજ માર્ગદર્શન મળ્યું છે.



## શ્રી નિધિબેન શૈલેષભાઈ સુથાર

કૉમર્સ : ૨૦૧૮

મારું નામ સુથાર નિધિબેન શૈલેષભાઈ છે. હાલ રેવન્યુ તલાટી તરીકે ફરજ બજાવું છું. સમર્પણ કૉલેજની બી.કૉમ. બેચનો વર્ષ ૨૦૧૪થી ૨૦૧૭ સુધી હિસ્સો રહી ચૂકી છું. આમ તો કૉલેજનો સમયગાળો દરેક વ્યક્તિની જિંદગીનો સુવર્ણકાળ હોય છે, ને સાથે એ જ સમયગાળો હોય છે જે વ્યક્તિની જિંદગીને એક દિશા આપે છે. સમર્પણ કૉલેજે મારી જિંદગીમાં એ દિશાદર્શકની ભૂમિકા બખૂબી નિભાવી છે. કૉલેજના સમગ્ર સમયગાળા દરમ્યાન વિવિધ સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, વિવિધ સ્પર્ધાઓ, વ્યાખ્યાનો, સેમિનાર, એન.એસ.એસ. જેવી પ્રવૃત્તિઓએ વ્યક્તિગત ઘડતર અને કારકિર્દીની દૃષ્ટિએ ચાવીરૂપ ભૂમિકા નિભાવી છે. કૉલેજના કરિયર ગાઇડન્સ સેલ દ્વારા સતત કારકિર્દી માર્ગદર્શન અંગેનાં વ્યાખ્યાનો અને TCS ટ્રેનિંગ જેવી પ્રવૃત્તિઓથી એક દિશા મળતી રહી છે. અત્યારે યુવાનો માટે જ્યારે ભણ્યા પછી નોકરી મેળવવી એ યક્ષ પ્રશ્ન છે. ત્યારે કૉલેજ દ્વારા સ્પર્ધાત્મક પરીક્ષાઓ અંગે માર્ગદર્શન, કૅમ્પસ પ્લેસમેન્ટ અને એન્ટરપ્રિનિયોરશિપ ટ્રેનિંગ દ્વારા આત્મનિર્ભર થવા માટે મળતું માર્ગદર્શન ઘણું ઉપયોગી છે. કૉલેજ દ્વારા માત્ર કૉલેજના સમયગાળામાં જ નહીં પણ કૉલેજ પૂરી થયા પછી પણ માર્ગદર્શન પૂરું પાડવામાં આવે છે તે સમર્પણ પરિવારનું સરાહનીય પગલું છે. મારી જિંદગીને એક દિશા આપવા બદલ સદાય સમર્પણ પરિવારની ઋણી રહીશ. સમર્પણ પરિવારના સદસ્ય હોવાનું મને ગર્વ છે.



## શ્રી રિશીરાજ શૈલેષકુમાર પરમાર

કૉમર્સ : ૨૦૨૦

હું પરમાર રિશીરાજ શૈલેષકુમાર, આ સંસ્થામાં ૨૦૧૭-૧૮થી મારી શિક્ષણયાત્રા શરૂ કરી. ત્રણ વર્ષનો કૉલેજકાળ કેવી રીતે પૂરો થયો તેની ખબર જ ન પડી. સમર્પણ કૉલેજનાં દરેક અધ્યાપકોનો પ્રેમ એટલો મળ્યો કે સંસ્થા છોડવાનું મન નથી થતું.

બી.કૉમ. વિભાગમાં દરેક અધ્યાપકોએ મારી સંતાનની જેમ કાળજી રાખી અને શૈક્ષણિક કામકાજ, ક્લાસરૂમનાં વ્યાખ્યાનો, દરેક બાબતમાં કદાચ અહીં જે રીતે ભણાવ્યા છે, તેવું ભાગ્યે જ માતૃપ્રેમી શિક્ષણ અન્યત્ર જોવા મળે. કૉમર્સ વિભાગનાં અધ્યક્ષા ડૉ. લલિતા સોલંકી વિષે જો હું અહીં ઉલ્લેખ નહીં કરું તો એ જરૂર ઔચિત્યભંગ જણાશે. ભણતરની સાથેસાથે જીવનઘડતરનું જ્ઞાન એમણે મને, ડગલે ને પગલે પૂરું પાડ્યું. સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની પ્રૅક્ટિસ હોય, કૉલેજનું કોઈ ફંક્શન હોય, વ્યવસ્થાની કામગીરીથી માંડીને કાર્યક્રમની સફળતા સુધી તેઓ સતત અમારાં માર્ગદર્શક બની રહ્યાં છે. બી.કૉમ. પૂરું કર્યા બાદ કેવા પ્રકારના અભ્યાસક્રમમાં જોડાવું તેનું માર્ગદર્શન તો દરેક પિરિયડમાં તેઓ આપતાં.

સંસ્થાના ટ્રસ્ટી શ્રી મહેન્દ્રસિંહ વાઘેલાજીએ મને તેમના દીકરા જેવું માન-સન્માન આપેલું છે, અને આચાર્ય શ્રી ડૉ. દીપક પંડ્યા સાહેબે દરેક વખતે મને પ્રેરણા પૂરી પાડી છે. આ સાથે સમર્પણ પબ્લિક સ્કૂલનાં પ્રિન્સિપાલ ડૉ. નિધિ શર્મા મેડમનો આભાર માનું તેટલો ઓછો. તેમની નિશ્રામાં આશરે દોઢ મહિના જેટલા સમયગાળામાં સંગીત શિક્ષક તરીકે નોકરી કરી. આ કાર્યકાળ દરમ્યાન મને ઑફિસ વહીવટ વિષે શીખવા મળ્યું.

આ બધા અનુભવો પરથી મને એટલો ખ્યાલ આવ્યો કે સમર્પણ કૉલેજ એ માત્ર શૈક્ષણિક કાર્ય જ નથી કરતી, પરંતુ વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસનું કાર્ય પણ કરે છે.



## શ્રી કરણસિંહ વાઘેલા

કૉમર્સ : ૨૦૧૭

સમર્પણ મને સાંભરે રે...

કૃષ્ણસુદામાની મિત્રતા જેમ ધાર્મિક ઈતિહાસમાં મૈત્રીના ઉદાહરણ સ્વરૂપે આપણે જાણીએ છીએ, તેવી જ રીતે સમર્પણ કૉલેજના ગુરુ-શિક્ષક જે માત્ર ભણવાનું સ્થળ નથી; ત્યાં જીવનઘડતરના પાઠ ભણવા મળે છે.

આજે પણ મારો કૉલેજકાળ યાદ કરું ત્યારે મને ચોક્કસ આચાર્ય શ્રી ડૉ. દીપક પંડ્યાસાહેબ, કૉમર્સનાં વિભાગીય અધ્યક્ષા ડૉ. લલિતા મેડમ જરૂર યાદ આવે, કારણ કે મારી શિક્ષણની સમગ્ર યાત્રા દરમ્યાન વ્યક્તિત્વ વિકાસથી શરૂ કરીને આર્થિક રીતે પગભર કેમ થવું, જનસમુદાય સાથેનાં વર્તન-વ્યવહાર એ સઘળું તેઓ પાસેથી શીખવા મળ્યું. નાની-નાની બાબતો પ્રત્યેની સૂઝ સમજણ પણ અહીંથી શીખવા મળી.

વિદ્યાર્થીઓના વિકાસની ઝીણવટભરી ચીવટ એ સમર્પણનાં અધ્યાપકોમાં રહેલી છે. આ બધી બાબતોથી સમર્પણનો હૃદયપૂર્વક આભાર માનવાનું મન થાય. માટે જ કહેવું છે - થેન્ક યૂ સમર્પણ.

# ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ




**શ્રી રાજેશ કમાનિયા**
(૨૦૦૭)
અંગ્રેજી



**શ્રી પ્રવીણ વસુનિયા**
(૨૦૧૩)
અંગ્રેજી



**શ્રી પ્રફુલ પરમાર**
(૨૦૧૨)
અંગ્રેજી



**શ્રી વિનોદ મુનીયા**
(૨૦૧૭)
અંગ્રેજી




**શ્રી અશ્વિન ગડાધરા**
(૨૦૧૩)
અંગ્રેજી



**શ્રી ગૌરવ ખારા**
(૨૦૦૨)
અંગ્રેજી



**શ્રી અરવિંદસિંહ વાઘેલા**
(૨૦૦૯)
અંગ્રેજી



**ડૉ. જયેશ માંડણકા**
(૨૦૦૨)
અંગ્રેજી



**શ્રી પાર્થ પટેલ**
(૨૦૧૧)
અંગ્રેજી



**શ્રી સૌરમ જોષીયારા**
(૨૦૧૩)
અંગ્રેજી



**શ્રી ખેમજી ચૌધરી**
(૨૦૧૪)
અંગ્રેજી



**પ્રો. હેમંત ખરાડી**
(૨૦૧૦)
અંગ્રેજી



**પ્રો. ગોવિંદ નિનામા**
(૨૦૧૩)
અંગ્રેજી



**પ્રો. ગૌતમ વેગડા**
(૨૦૧૫)
અંગ્રેજી



**પ્રિ. કમલેશ પથાર**
(૨૦૦૩)
અંગ્રેજી



**ડૉ. સંજય આર. વસાવા**
(૨૦૦૭)
સંસ્કૃત

# ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ



શ્રી ફતેસિંગ એ. વસાવા
(૨૦૦૯)
સંસ્કૃત



શ્રી પારસિંગ એન. વસાવા
(૨૦૦૯)
સંસ્કૃત



શ્રી ગંગાબેન સી. વસાવા
(૨૦૧૧)
સંસ્કૃત



શ્રી અનિરુદ્ધ પી. વસાવા
(૨૦૧૨)
સંસ્કૃત



શ્રી અભિષેક દરજી
(૨૦૦૯)
ગુજરાતી



શ્રી વિશાલ પરમાર
(૨૦૦૮)
ગુજરાતી



શ્રી દિનેશ સોલંકી
(૨૦૧૦)
કૉમર્સ



કુ. બિનલ પટેલ
(૨૦૦૦)
કૉમર્સ



શ્રી કુલદીપસિંહ બિહોલા
(૨૦૧૯)
કૉમર્સ




શ્રી પ્રેમ પટેલ
(૨૦૧૮)
કૉમર્સ



શ્રી રવીન્દ્ર રાવલ
(૨૦૧૯)
કૉમર્સ



કુ. નિધિ સુથાર
(૨૦૧૮)
કૉમર્સ



શ્રી રિશીરાજ એ. પરમાર
(૨૦૨૦)
કૉમર્સ



શ્રી કરણસિંહ એલ. વાઘેલા
(૨૦૧૭)
કૉમર્સ



શ્રી કર્ણવભાઈ જોષી
(૨૦૧૦)
કૉમર્સ



શ્રી જિતેન્દ્ર મકવાણા
(૨૦૧૮)
કૉમર્સ



શ્રી વિનોદ પંચાલ
(૨૦૧૭)
કૉમર્સ

Gandhinagar Charitable Trust

# Samarpan Arts & Commerce College

# ALUMNI ASSOCIATION OF SAMARPAN (AAS)

## EXECUTIVE COMMITTEE



Deepak Prajapati
President



Arvindsinh Vaghela
Vice President



Vipul Chauhan
Secretary



Maulik Patel
Treasurer



Gajendrasinh Vaghela
Member



Maulesh Joshi
Member



Pradipsinh Rana
Member



Jitendra Patel
Member



Satish Prajapati
Member



Ashish Makawana
Member



Nirmal Patel
Member



Parasar Soni
Member



Jayapalsinh Zala
Member

# FACULTY MEMBERS

## Department of Gujarati



**Dr. DIPAK M. PANDYA**
Principal



**Dr. SAMEER P. BHATT**
HOD



**Prof. DARSHAN G. PURANI**
Assistant Professor

## Department of Sanskrit



**DR. HEMANT V. VAISHNAV**
Vice Principal



**Dr. ALPA J. PATEL**
HOD



**Prof. THAKORBHAI K. NAYAK**
Assistant Professor

## Department of English



**Dr. RUCHA A. BRAHMBHATT**
HOD



**Prof. VAIBHAV R. KOTHARI**
Assistant Professor



**Prof. SHWETA R. PANWAR**
Assistant Professor



**Dr. RAJESH H. MEHTA**
Associate Professor

# FACULTY MEMBERS

## Department of Economics



**Dr. NITENDRA PATEL**
HOD



**Mr. JAHIDHUSEN CHAUHAN**
Assistant Professor



**Ms. MITALBEN B. CHAVDA**
Assistant Professor

## Department of Commerce



**Dr. LALITA M. SOLANKI**
HOD



**Dr. MANISHA B. RABARI**
Assistant Professor




**Dr. SURENDRA UPADHAYA**
Assistant Professor

## Department of Sociology & Psychology



**Dr. RAMILA J. PATEL**
HOD
Dept. of Sociology



**Prof. S. M. VAGHELA**
HOD
Dept. of Psychology

# ADMIN STAFF DETAILS

| Librarian | Director (P.E.) | Computer Asst. |
|---|---|---|
|  |  |  |
| Mr. SURENDRASINH VAGHELA | Mr. MAHENDRA V. MODIYA | Mrs. HEMANGIBEN CHAVDA |


## Admin Staff



Mr. DIVYESH PURANI
Sr. Clerk



Mr. BHAGAVANSINH VAGHELA
Jr. Clerk




Mr. NATAVARSINH BHATI
Jr. Clerk



Mr. CHANDRAKANT PRAJAPATI
Jr. Clerk

## Admin Peon



Shree DILIPSINH C. BHATTI



Shree ARVINDSINH R. ZALA

## Admin Sweeper



Shree JASHUBHAI S. VAGHELA



Shree KAUSHIKBHAI J. VAGHELA

GANDHINAGAR CHARITABLE TRUST SANCHALIT

# SAMARPAN ARTS AND COMMERCE COLLEGE

SECTOR - 28, GANDHINAGAR

## CODE OF CONDUCT FOR TEACHERS

- Every teacher should strive to expand his/her knowledge base and explore opportunities of professional development.
- Teachers shall not engage in giving external coaching to students outside college premises for monetary gains.
- Active participation in political activities is to be avoided.
- Teachers must work towards creating a suitable atmosphere of teaching and learning, thereby taking the institution to the heights of academic excellence.
- Membership of subject specific professional organizations should be sought.
- Teachers shall not discriminate among students on the basis of caste, color or religion and treat all the students on equal footing.
- Complete confidentiality in examination related work is to be observed and fair conduct in assessment is expected from the teachers.
- Teachers must be punctual and conduct the classes as per time table regularly. They can leave the campus before time with prior permission of the Principal.
- Teachers should inform the Principal in advance before going on leave. If the teacher has to avail the leave due to inevitable circumstances, he/she must inform the Principal and Head of the Department immediately for the smooth conduct of classes.
- Teachers must behave amicably with colleagues and authorities; avoiding confrontation of any kind. Any constructive observation or criticism in the interest of the institution should be made to the Principal in person, without going public about it.
- Making any unfavorable comments about colleagues in the presence of students, parents or officials is to be avoided.
- General decorum and decency in the dress code should be observed strictly.
- A teacher must always remember that he/she is a brand ambassador of the college and conduct themselves in the most dignified manner in dealing with stakeholders.
- A teacher must transcend the syllabus and educate the students about civic, democratic and constitutional values. They shall inculcate a spirit of inquiry among students rather than promote rote learning.
- Counseling of students is to be carried out periodically to help them cope up with emotional, psychological or domestic problems.
- Teachers are expected to follow the guidelines of Sexual Harassment of Women at Workplace (Prevention, Prohibition and Redressal) Act 2013.
- Employees shall not create groups or pages on social media (Whatsapp, Facebook, Instagram etc.) to pass on information in the name of the college without the prior permission of college authorities. They shall not use the emblem of college under any circumstances.
- Teachers are expected to perform all the duties assigned by Constitutional Bodies of the Govt of India.

GANDHINAGAR CHARITABLE TRUST SANCHALIT

# SAMARPAN ARTS AND COMMERCE COLLEGE

SECTOR - 28, GANDHINAGAR

# CODE OF CONDUCT FOR STUDENTS

- The students shall always carry I – cards with them and produce the same whenever being asked to by the college authorities.
- Students shall not indulge in any political activities on the campus. They shall conduct meetings and organize events only with prior permission of the Principal.
- Ragging is strictly banned on the college campus. Any student found flouting the norms, abetting group conflicts and causing damage to or loss of property shall be subjected to disciplinary action or summarily suspended from the college, depending on the gravity of misconduct.
- Students are expected to work harmoniously with their peers and assist their teachers in executing various academic and co-curricular activities.
- Students shall park their vehicles in the parking space only and are forbidden to blow horn or indulge in bike race on the campus.
- Tobacco products, liquor and other intoxicants are strictly prohibited on the campus. Any student found possessing such substances or spitting shall be fined as per norms. No student shall deface the walls of the college building, benches or throw garbage in the college premises.
- The safety of girl students is given utmost priority by the college authority. Students shall behave politely with their fellow girl students and teachers. Any incident of such harassment will be taken very seriously and strict action will be taken against the student/s.
- Students shall not create groups or pages on social media (Whatsapp, Facebook, Instagram etc.) and pass on information in the name of the college without the prior permission of college authorities. They shall not use the emblem of college under any circumstances.
- Use of Mobile phones in the campus is not allowed.
- Every student has to participate in either of the following activities: NSS, Sports or Co-curricular activities, as mandated by the University.
- All the students are expected to be regular in the classroom. No student shall enter the classroom 15 minutes after the commencement of the lecture, without prior permission of the teacher.
- All the students shall have to take the examinations and submit the assignments in time. If a student can't remain present in the examination for genuine reasons, he/she has to take the mandatory retest examination by paying nominal fees.
- Strict discipline is to be followed in the examination. Any instance of fraud or malpractice will be sternly dealt with. Discourtesy towards teachers and staff members will result in disciplinary action.
- Students are not allowed to enter the Principal office, Staff room or Admin office without prior permission.
- Students shall keep the classrooms neat and clean. Any eatables are not allowed in the classroom and are to be consumed in the canteen only. The class representative shall make sure to turn off fans and lights after the class is over.
- Any grievance or discrepancy should be brought to the notice of the Principal only. Summoning any external agency or media by the students is prohibited.
- The Principal remains the ultimate authority to frame, interpret and implement rules and regulations in the interest of the institution.

**SAMARPAN ARTS & COMMERCE COLLEGE**

# OFFICIAL CERTIFICATE

ICARE RATINGS GSIRF

The Executive Committee of the **Knowledge Consortium of Gujarat, Department of Education, Government of Gujarat** on the recommendation of the duly appointed agency, the Indian Centre for Academic Rankings and Excellence **(ICARE)** has rated

*Samarpan Arts & Commerce College*

**2** STAR

as a **2 Star** Institution with a CGPA of **1.94 out of 5** in the category of '**COLLEGE**' on the basis of comprehensive performance metrics as set out in the **Gujarat State Institutional Ratings Framework (GSIRF)** on the 28th February 2020.

| PARAMETER | STAR RATINGS |
|---|---|
| TEACHING, LEARNING & RESOURCES | ★★★ |
| RESEARCH AND PROFESSIONAL PRACTICE | |
| GRADUATION OUTCOMES | ★★★ |
| OUTREACH AND INCLUSIVITY | ★★ |

**BY ORDER**

[illegible]

**SAMARPAN ARTS & COMMERCE COLLEGE**

GANDHINAGAR CHARITABLE TRUST

# SAMARPAN ARTS & COMMERCE COLLEGE

## GANDHINAGAR




### B.A.

| | | |
|---|---|---|
| મુખ્ય વિષય (Core) | : | (૧) અંગ્રેજી (૨) ગુજરાતી (૩) સંસ્કૃત (૪) અર્થશાસ્ત્ર |
| ગૌણ વિષય (Elective) | : | (૧) મનોવિજ્ઞાન (૨) સમાજશાસ્ત્ર (૩) ગુજરાતી (૪) સંસ્કૃત |
| અધિકગૌણ વિષય (Elective II) | : | (૧) અર્થશાસ્ત્ર (૨) સમાજશાસ્ત્ર |
| ફરજિયાત વિષય (Compulsory) | : | (૧) સંસ્કૃત (૨) અંગ્રેજી (૩) ફાઉન્ડેશન (૪) સોફ્ટસ્કિલ |

### M.A.

Entire English

### Ph.D.

Gujarati & English

### B.Com.

| | | |
|---|---|---|
| મુખ્ય વિષય (Core) | : | (૧) અર્થશાસ્ત્ર (૨) મેનેજમેન્ટ (૩) એકાઉન્ટન્સી (જનરલ) (૪) એસ.પી. (૫) આંકડાશાસ્ત્ર (૬) વેપારી કાયદો (૭) બિઝનેસ કોરસપોન્ડન્સ |
| ગૌણ વિષય (Elective) | : | (૧) એકાઉન્ટન્સી (ફાઈનાન્સ / કોસ્ટ / કોર્પોરેટ) |
| ફરજિયાત વિષય (Compulsory) | : | (૧) અંગ્રેજી (૨) ફાઉન્ડેશન (૩) સોફ્ટસ્કિલ |

### CERTIFICATE COURSE

- Language Proficiency in English
- Computerized Accounting Tally + GST
- CCC
- ગુજરાતી વ્યવહાર ભાષા અને પ્રૂફવાચન
- સંસ્કૃત સંભાષણ, મંદિર પ્રશાસન અને કર્મકાંડ
- યોગ અને સ્વાસ્થ્ય

### IGNOU Study Centre - 0911

**Courses :** BPP, B.A., B.Com., BCA, CTE, BTS, CFN, MEG, MTM & MP

Samarpan Education & Research Campus, Nr. Kh-7 Circle,
Sector-28, Gandhinagar-382 028. Mobile No. : 74360 69996
Email : samarpancollege@yahoo.com | Website : www.samarpancollege.org

# Shankersinh Vaghela Bapu Institute of Technology

## BE Courses

- COMPUTER ENGINEERING
- INFORMATION & TECHNOLOGY ENGG.
- MECHANICAL ENGINEERING
- CIVIL ENGINEERING
- ELECTRONICS AND COMMUNICATION ENGG.
- ELECTRICAL ENGINEERING

## ME Courses

- COMPUTER ENGINEERING
- ELECTRONICS AND COMMUNICATION ENGG.
- ELECTRICAL ENGINEERING
- MECHANICAL ENGINEERING




**50% OFF*** TOP 10 RANKERS OF ANY SCHOOL ON FEES

## OUR FEATURES

- iphone / iOS Training
- Autodesk Application Training
- IELTS & Abroad Study Counselling
- Placements with Internship
- Incubation Centre
- Innovative Projects
- NCC / NSS Activities
- Faculty's Training for Continuous Professional Development
- Big - Data Analytics Research Lab

## OUR FACILITIES

- Advance Computer Lab ( Apple)
- ICT Classrooms
- Hostel
- Transportation

**FOR ADMISSIONS**

**Contact us**

**94266 79703**

Email - info@bapugkv.ac.in

www.bapugkv.ac.in



Bapu Gujarat Knowledge Village
Shankersinh Vaghela Bapu Institute of Technology
Diploma Studies
Affiliated to Gujarat Technological University
Branches - Mechanical , Civil , Electrical
No tution fees for SC/ST*
Well Equipped Laboratories
Experienced Faculties
Workshop and Seminars
Industrial Visits
Transport / Hostel Facility
Sports & Cultural Activities
ADMISSIONS OPEN
Bapu Gujarat Knowledge Village, Gandhinagar-Mansa-Road, Vasan, Gandhinagar - 382 650
Ph.: +91 79 23976169 / 70 Mob.: +91 94266 78703, 9426679703 | www.bapugkv.ac.in

# SHANKERSINH VAGHELA BAPU INSTITUTE OF PHARMACY




## B.Pharm. & M.Pharm.

Affiliated to Gujarat Technological University
Approved by Pharmacy Council of India

श्रमम् विना न किमपि साध्यम्
BAPU GUJARAT
KNOWLEDGE VILLAGE

### OUR FEATURES

- Experienced Faculty
- Central Machine Room
- Central Analytical Lab.
- Auditorium
- Centralized Library
- Transport / Hostel Facility
- Sports and Cultural Activities
- Centralized Placement Cell
- Workshop and Seminar

Gandhinagar-Mansa-Road, Vasan, Gandhinagar - 382 650
Ph.: +91 79 23976170 / 171
Mob.: +91 94266 74703, 90990 63178 | www.bapugkv.ac.in

श्रमम् विना न किमपि साध्यम्
BAPU GUJARAT
KNOWLEDGE VILLAGE

# Shankersinh Vaghela Bapu Institute of Nursing



## B.Sc Nursing
## ANM Nursing

**Affiliated to INC, GNC**
**Approved by Gujarat University**

- Well Equipped Laboratories
- Medical Colleges Affiliated Hospitals for Nursing Practices
- Rich Clinical Fields Available
- Workshop and Seminars
- Experienced Faculties
- Transport / Hostel Facility
- Sports & Cultural Activities

Bapu Gujarat Knowledge Village
Gandhinagar-Mansa-Road, Vasan, Gandhinagar - 382 650
Ph.: +91 79 23976170 / 171 Mob.: +91 98981 11500 | 98259 39409
www.bapugkv.ac.in

श्रमम् विना न किमपि साध्यम्
BAPU GUJARAT
KNOWLEDGE VILLAGE

# Shankersinh Vaghela Bapu Institute of Law

## LL.B - 3 Years (After Graduation)

**Affiliated to Gujarat University**
**Approved by Bar Council of India**

- Library Facility
- Experienced Faculties
- Moot Court Activities
- Educational Visits
- Transport Facility
- Sports & Cultural Activities
- Hostel Facility
- Guest (Expert) Lectures



Bapu Gujarat Knowledge Village, Gandhinagar-Mansa-Road, Vasan, Gandhinagar - 382 650
Ph.: +91 79 23976169 / 70 Mob.: +91 9712149294 | www.bapugkv.ac.in

# Shankersinh Vaghela Bapu Institute of Science & Commerce

**B.Sc - Chemistry, Physics, Microbiology, Mathematics**

**M.L.T 1 Year Programme | B.Com**

**Affiliated by Gujarat University**

BAPU GUJARAT KNOWLEDGE VILLAGE

- Industrial Visits
- Experienced Faculties
- Workshop and Seminars
- Well Equipped Laboratories
- Library Facility
- Guest (Expert) Lectures
- Transport / Hostel Facility
- Sports & Cultural Activities



Bapu Gujarat Knowledge Village, Gandhinagar-Mansa-Road, Vasan, Gandhinagar - 382 650

Ph.: +91 79 23976169 / 70 Mob.: +91 99794 15296 , 98240 86888 | www.bapugkv.ac.in

## Samarpan Science and Commerce College
### Gandhinagar

**Affiliated to Gujarat University, Ahmedabad**
**( College has a strength of over 1500 students )**



**SCIENCE**
We offer undergraduate degree in Physics, Chemistry, Mathematics and Microbiology with state – of – the – art laboratories.

**COMMERCE**
We offer undergraduate studies with Accountancy, Auditing, Economics and Human Resource Management.





- NCC and NSS programs
- Computer Lab
- Tally and CCC Courses
- Seminar Hall
- Workshops and Training programs
- Well-stocked Library
- Academic activities
- Cultural and Sports activities
- Job fairs
- Placement activities
- Educational trips
- Hygienic Canteen

**Gandhinagar Charitable Trust**
Samarpan Education and Research Campus
Address: KH-7 Samarpan Circle, Sector-28, Gandhinagar-382028
Website: www.samarpancampus.ac.in
Email: principal.sci@samarpancampus.ac.in

Contact No: 9228000033

Time: 09:30 a.m. to 04:30 p.m.

Gandhinagar Charitable Trust

# Samarpan School of Law

## LL.B. - 3 Years (After Graduation)

**Affiliated to Gujarat University**
**Approved by Bar Council of India**

## Legal Education at Your Door Step.





### FEATURES

- Experienced Teaching Faculty.
- Special Lectures by Legal experts.
- Educational Visit.
- Sports Activity.
- Fully furnished Moot-Court hall.
- Well equipped Library.
- Lift facility for differently abled persons.

**Samarpan Education and Research Campus**
Near, KH-7 Samarpan Circle, Sector -28 Gandinagar - 382028, Gujarat
Mob: 9081252233 , 79841 63165 | www.samarpancampus.ac.in

GANDHINAGAR CHARITABLE TRUST

# SAMARPAN INSTITUTE OF VOCATIONAL COURSES

**Samarpan Education & Research Campus**

Nr. KH- 7, Samarpan Circle, Sector-28, Gandhinagar - 382028.
Contact No. 9536830589

AFFILIATED WITH
GUJARAT COUNCIL OF
VOCATIONAL TRAINING
GOVERNMENT OF GUJARAT

## COURSES & ELIGIBILITY :

| MEDICAL LABORATORY TECHNOLOGIST | MEDICAL LABORATORY TECHNICIAN |
|---|---|
| 1 Year Course after B.Sc "B" Group | 1 Year Course after XII Science "B" Group |

## Bright chances :

- ✓ Job Chances in Government/Semi Government and Private Co./Organization firm/ Institutes
- ✓ Too Good Job placement
- ✓ Very useful and supportive for startup
- ✓ Helpful for Foreign Study and getting Job.
- ✓ Bright Career and future in Medical Laboratory field
- ✓ White Color Job as System Analyst/ Consultant/Educational Consultant/ Coordinator etc.
- ✓ Additional opportunities in Molecular diagnostics/Molecular biotechnology companies and virto fertilization lab./Research Lab.



## Available facilities :

- ✓ Lectures and Practical by Well experienced and qualified faculties
- ✓ Well settled Laboratory and Classrooms with CCTV.
- ✓ Clean and neat Laboratory with Latest equipments
- ✓ Facilities for internship in Well known Hospital and Laboratory.
- ✓ Providing apron and supportive material for Lab /required equipments
- ✓ Special Classes and practical for weaker students



Shri Shankersinh Vaghela Bapu Foundation

# SAMARPAN PUBLIC SCHOOL

In Service of Education SINCE 1996

Affiliated to CBSE, Pre-Primary to IX

**CBSE / GSEB ADMISSIONS OPEN**

**Pre - Primary to XII**

**Gujarati Medium**

**CREATING**

Independent Thinker | Skilled Communicator
Good Human Being



HURRY UP !!!

## KG. to PG. Under One Umbrella

*The only school in Gandhinagar, with the vision to Provide the Quality Education as Well as to instill Values & Custom of Indian Culture in the future youth.*



### INFRASTRUCTURE

- School Building in 25 Acres.
- Ergonomics Classrooms set-up equipped with ICT, Projector & Visualizer
- Laboratories for Physics, Chemistry, Biology, Language & Maths
- Well Stacked Library.
- Enormous Playground for Various Sports.
- Highly Safe, Secured, Hygienic and well maintained Campus.
- Transport Facility.
- Lush Green Environment.





### UNIQUE FEATURES

- Well Organised Curriculum.
- Splendid Governance & Management.
- Visionary and Compassionate Principal.
- Highly Qualified, Competent & Trained Teaching Staff, who feel child at heart.
- Project based Learning based on innovative Teaching Methodologies.
- Periodical Parent's Meeting.
- Evaluation at regular Intervals.
- Fun-Filled Activities throughout the year.
- Symphonic programme for building strong readers.

**Samarpan Education & Research Campus**

KH- 7 Samarpan Circle, Sector-28, Gandhinagar 382028

principalcbse.sps@samarpancampus.ac.in  www.samarpanpublicschool.org

+91 90812 72233
+91 90812 62233

Office Time 9:00 a.m. to 3:00 p.m.

# Institutional Core Values:
## ॥ समर्पण, समुत्कर्ष, सर्जन, सदभाव, समभाव ॥

- **समर्पण**

  By समर्पण we mean Dedication

- That everyone shows commitment and loyalty towards friends, colleagues, society and ultimately to the nation and is dedicated to the ethical standard of honesty, fairness, accountability, and trust.

- **समुत्कर्ष**

  By समुत्कर्ष we mean Excellence in Education

- That everyone produces work of the highest quality, sets high standards and personal goals for improvement and makes best use of talents, time and resources.

- **सर्जन**

  By सर्जन we mean Creativity

- That provides equal opportunity to think differently and to produce liberal intelligentsia with creative and innovative outlook.

- **सदभाव**


  By सदभाव we mean Compassion

- Towards all the elements of mother nature and to embrace all irrespective of diversity or heterogeneity.

- **समभाव**

  By समभाव we mean Collegiality

- That includes teamwork, collaboration, courtesy, and respect for all on campus and for the surrounding community irrespective of class, creed, race and gender



# TRUSTEES

**Shri Shankersinh L. Vaghela**
Chairman & Managing Trustee
Former Chief Minister of Gujarat &
Former Union Minister of Textiles, Govt. of India.



Dr. P. K. Mehta
Trustee



Dr. Kishorsinh Solanki
Trustee



Shri Samirbhai Jani
Trustee



Shri Mahendrasinh Vaghela
Trustee



Shri Bharatsinh Vaghela
Trustee



Shri Nilrajsinh Vaghela
Trustee

## ADMINISTRATORS




Dr. M. D. Pande
REGISTRAR
Samarpan Education &
Research Campus



Dr. Dipak Pandya
PRINCIPAL
Samarpan Arts &
Commerce College



Dr. Ritu Saxena
PRINCIPAL
Samarpan Science &
Commerce College



Dr. Pankajbhai Pandya
PRINCIPAL
Samarpan
School of Law



**Staff members of Samarpan Arts and Commerce College with Hon. Dr. Manmohan Singh, Shri Shankersinhji Vaghela, Shri Mahendrasinh Vaghela, Dr. Kishorsinh Solanki, Shri Samirbhai Jani, Dr. M. D. Pande, Shri Prabhakar Khamar**



**Group photo with the NAAC Peer Team at the time of Exit Meeting**


**Gandhinagar Charitable Trust**

**Samarpan Arts & Commerce College**

Samarpan Education & Research Campus,
Nr. Kh-7 Samarpan Circle, Sector-28, Gandhinagar-382 028.
Mobile No. : 74360 69996
Email : samarpancollege@yahoo.com
Website : www.samarpancollege.org